ગુજરાતી

નાટક ગાયન સંગ્રહ.

(કે જેની અંદર ૬૦૦ કરતાં પણ વધારે ગાયનો સમાવેલાછે.)

છપાવી પ્રસીધ્ધ કરનાર

મેહેતા જમનાદાશ ભગવાનદાશની કંપની.

ગીતી.

ગાયન સંગ્રહ આપ્યું, નામ ગ્રંથનું વિચાર મેં કરીને;
સજ્જન વાંચો સમજી, શુધ્ધ ચિત્તથી પ્રેમ જશ ધરીને.

મુંબઈ

ઈમ્પીરીઅલ પ્રેસમાં છાપ્યો.

ઈ. સ. ૧૮૮૩. સંવત ૧૯૩૯.

કીમ્મત બાર આના.

૧૭૨૬

ચેતવણી.

—:o:—

આ ચોપડી પ્રસીધ્ધ કર્તાઓની સહી વગર કોઈએ પણ લેવી નહી.

તા૦ ૭ મી જાનેવારી સને૧૮૮૩.

(સહી) B. Mehta

પ્રસિધ્ધ કર્તા.

—:o:—

આથી સર્વે પુસ્તકો છપાવનાર તથા છાપનારને ખબર આપવામાં આવેછેકે આ પુસ્તક તેમજ આ પુસ્તકમા સમાવેલા કેટલાએક ભાગો સને ૧૮૬૭ ના ૨૫ માં આંકટ મુજબ રજીષ્ટર કરાવેલાંછે અને તે સંબંધીના સર્વે હકો પ્રસિધ્ધ કર્તાએ પોતાને સ્વાધીન રાખ્યાછે માટે કોઈએ છાપવી કે છપાવવી નહી. તા૦ ૭ મી જાનેવારી સને ૧૮૮૩.

સહી મેહેતા જમનાદાશ ભગવાનદાસની કંપની.

માન પત્રીકા.

——0——

કુંડલીઆ.

શ્રી હરિની કરૂણા થકી, ભરપુર થઇ મન કામ,
મન રંજન આ ગ્રંથનું, ગાયન સંગ્રહ નામ;
ગાયન સંગ્રહ નામ, ખાંતથી આપ્યું ઓળી,
ઝાઝા કાવ્યની માંહિ, પ્રેમથી પોથી ખોળી;
રસ, રાગ વિવીધ ભર્યા કરી, ખર્ચ, હામ, મે'નત કરી,
અડચણ સઘળી સગવડ બની, શ્રી હરિની કરૂણા ખરી. ૧
વાંચનાર ! આ ગ્રંથના, છે ઝાઝા રચનાર,
હું તો માત્રજ નામછું, સંગ્રહનો કરનાર,
સંગ્રહનો કરનાર, તથાપિ છું ઉપકારી,
તે સજ્જનોનો સદા, પ્રાર્થના મુજ વિચારી;
આપી આજ્ઞા આનંદથી, પ્રસિદ્ધ ગાયન તો થયાં,
એ રીતે ઉદ્ભવતો થયો, વાંચનાર જો ગ્રંથ આ. ૨

વસંત તિલકા.

વાણી શિંગાર રસ પુસ્તકમાં રહેલા,
નીતી અનિતિ ગુણ દોષ વળી ભરેલા;
તે તું તપાસ પ્રિય વાંચક અર્જ મારી,
સારૂં સ્વિકાર અવગુણ બધા વિસારી.

——0:0——

સાંકલીઊં.

—o—

આ ગાયન સંગ્રહમાં જે જે ઓપેરાઓ તથા એ-લના ગાયનો સમાવેલાછે તેની ટુંક વીગત.

—o—

—o:o—

ગુજરાતી નાટક ગાયન સંગ્રહ.

——0:0:0——

સદેવંત સાવલીંગાનો ગાયનરૂપી ઓપેરા.

——0:0——

નાટક પાત્ર.

સદેવંત..........................કુંદનપુરના રાજાનો છોકરો.
ટકોરચંદ.......... ....તેનો મીત્ર.
સાવલીંગા.........................નગર શેઠની છોકરી.
ભાભી..................... ......સાવલીંગાની ભોજાઇ.
જયસીંગજી........ ....ચમારગામનો રાય.
રૂપાશા...........................સાવલીંગાનો ધણી.

(એ સીવાય જોગી મેહેતાજી છોકરા દરબારીઓ સીપાઇઓ
દાસીઓ સાહેલીઓ વગેરે.)

——0:0——

અંક પેહેલો પરવેશ પેહેલો.

(સ્થલ, નગરશેઠનુ ઘર.)

(પ્રભુ તોરે નામકી લ્હે મોને લાગી) એ રાગે.

ભાભી—હેડારે નણદ દરશણ કરવાને જઇએ,
ખુશી થઇએ-સુખી રહીએ દર્શન કરવા જઇએ-ટેક.
દસેરાનો દીન મજાનો, નવરાત્રીનો છેલો દહાડો;
રાવણને રામે રોલી નાખ્યોતો, વાંદરાનો કરીને આ
ખાડો—હેડો.

સાવલીંગા—માતાજીને મંદીરે જઇએ, ઘોડા ગાડીને જોડાઓ
ભાભી તમે વરદી આપો, સીપાઈ સાથે લઇએ-ઉઠો.

(એટલામાં જોગી તથા ચેલો ગાતા ગાતા આવેછે.)

(રાગ જોગી.)

જોગી—ભાઇઓ ભજોની રામજી રામજી—સીતા રામજી.
ભલે ભજોની રામજી રામજી—સીતા રામજી.
મુખે બોલોની સુંદર સ્યામજી—રામજી.
મુખે બોલોની સીતા રામજી—રામજી.
નહી જશે તમારા દામજી—રામજી.
ભાવે ભજીલોની ભગવાનજી—રામજી.

તોતક છંદ.

ચેલો—ભુખ લાગી હવે ભીખીએ ગુરૂજી,
ભરવું નથી પેટ રટી પુરૂજી;
કરશે ધરશે અધીક કામજનો,
ભીખ માગ ગુરૂ ઠીક સુખી જનો.

(વાદલ ફાટવા માંડયું હવેછે) એ રાગે.

ગુરૂ—ભીક્ષા આપો તમે બેન બાઈ,
પરોપકારનો નીયમ સાઇ—ટેક.
કીડીને કણ હાથીને મણ,
સહુને આપેછે જગજીવન—ભીક્ષા.

(ઉપલા રાગે.)

સાવલીંગા—ભાભી તમે આપો જોગીને ભીક્ષા,
હું જઇશતો એ કરશે ચકીશટા—ભાભી.
એ જોગીઓછે મનથી ચલેલા,
ખરેખાત ભાભી એછે ઘેલા;—ભાભી.

ભાભી—નાનીબાઈ એમ શું તાલ કરોછો,
ફૂલ મારે તમે મને ઠગોછો—ભાભી.

(સાવલીંગા લોટ હાથમા લઈ સાધુને આપવા જાયછે.)

રોલાવૃત.

ચેલો—ખુબ્બીદારછે નાર, બાહારજોબન મદમાતી;
ગોટા સમઆકાર, છાતી એની મદમાતી.
મુખઅણીઆલુ નાક, વાંક કમરનો કેવો;
ખસો ખસો ગુરૂજી, એ લોટ મારે લેવો.

(બાટજી માહારાજ લાડુ ખાવાનું કીધારનું મનછે) એ રાગે.

સાવલીંગા—લેવો હોયતો લેની લોટ, આમતે શું કરેછે,
આમતે શું કરેછે (જોગી) આમતે શું કરેછે—ટેક.
જોગીઓ સંસારત્યાગી, બન્યા તમે વએરાગી;
સંસાર નાદને નહી લાગી, ભગવત નામ ઉચારો
ની—લેવો.

(જોગી મુરછીત થઇ પડેછે.)

હોરી.

(ફાગણકે દીન ચાર સખીરી) એ રાગે.

ભાભી—નણદી કીધું શું કામ, આમ તમે જાદુરેવાલા, કામ
ણગારા—ટેક.
હત્યારી થઇ તમે, હત્યારે કીધી
શી વલે થસે શ્રીરામ—આમ.

સાવલીંગા—ભાભી વીચારી બોલ, આંખશું ફુટી તમારી, વદો
વીચારી—ટેક.
માર્યો મેં નથી, મુવો એ ગોતે
શીક્ષા થઇ ઠીક આમ—આંખ.

(પણ જો સજીવન કરૂંછું) પાણી છાંટેછે.

(સાદીએ જુલ્વે ગુલફામ મુબારક હોવે.) એ રાગે.

સાવલીંગા—લેવી હોયતો લેની ભીક્ષા, બાવા વાર થઇ મને;
જોગી આ વેસમાં કરવું ઘટે નહી તું ને.
જોગી—ભીક્ષા લેવી નથી, ભીખ જોબન આવ્યું છું;
જોગી ઉપર દયા કરો, એટલું હું માગું છું.
સાવલીંગા—પીટયા હરામખોર, સરમ છે નહી તને;
ઉભોરે મરાવું માર, કહી દઉ પીતાને.
જોગી—સમજતી નથી પણ કુજોતી કરૂં બહુ તારી;
બહુ પસ્તાસે, વાત યાદ રાખજે મારી.

(જોગી જાયછે.)

——o:o——

પરવેશ બીજો. (સ્થલ, રસ્તો.)

(સદેવંત, ટકોરચંદ તથા જોગી દાખલ થાયછે.)

(પીલુ દારૂડી) એ રાગે.

ટકોરચંદ—વાણીયાઓ અંહકારી છેજી આપણા રાજમાં,
આપણા રાજમાં છેજી આપણા રાજમાં—ટેક.
ગુમાની ઓરત તેમની, શું કહું રાજા વાત;
સાધુ દુઃખી કીધો કાલે, જોયું મારી જાત—છેજી.
નગરશેઠ આપણા નગરનો, ખુબ તેની બેટી;
ભીક્ષા માગતા જમી ગયો, બીચારો મેથી—છેજી.

(જોગી આવેછે.)

(ઉપલો રાગ.)

જોગી—જલો સારા ગામ યારો જલો સારા ગામ;
ખુબસુરત સાવલીંગાએ, મને કીધો બદલામ—છેજી.

સદેવંત—ખરેખાત ટકોરચંદ સાંભુછે દુઃખી;
સાવલીંગાને સપડાવું જઇ સઉ કામ મુકી—છેજી.
જોગી—મુખ પુનેમ ચંદ્ર સરખું, અણીવાલીછે આંખ;
બ્રહમાજીએ જુકતે ગડી, શુશોભીત નાક—છેજી.
જગમાં એવી થઈ નહી, થશે નહી કોનાર;
ખરેખાત સદેવંત, શું કહું એના બાહાર—છેજી.

(એક ચતરનાર) એ રાગે.

સદેવંત—ખરેખાત દીલદાર, ખુબદીશે બાહાર—ટેક.
ઝટ મલુ જઈ યાર, કરૂ એશુ પ્યાર;
પ્યારી એ મારૂ દીલ હરી લીધું—ખરે.
(ચપટી વગાડી)—ચાલ ટકોરચંદ તું ઝટકર, પ્યારી મેલવીએ ધડપકર,
ખુબ લગાવીએ જઈ ત્યાં મકર,
બાવાજી હાલ સીધાવોની—ખરે.

(જાયછે) (પડદો ઊંચકાયછે.)

પરવેશ તરીજો. (સાવલીંગાનો બાગ.)

(સઉ સખીઓ હાસ્ય વિનોદની વાત કરેછે. ત્યાં ટકોરચંદ અને સદેવંત• ઝાડ પછાડી આવી છાના માના ઉભા રેહેછે.)

ગરબો.

(મારારે સ્વામી બોલીની વાહાલા) એ રાગે.

સાવલીંગા—સખી આજે સોઆમણો દહાડો, ભરયોછે સજનીનો અખાડો—ટેક.
રતુ વસંત બાહાર બહુ આપે, જુવાની ઝાડની શી આતે—સખી.

સાવલીંગા થયા વરવાજોગ, જોબન ખીલ્યુ થશે સં
જોગ—સખી.

ટકોરચંદ—(હવડે સદેવતનો સંજોગ થશે.)

સાવલીંગા—આલીરે મારી જોની આંબાવાડી, કોયેલ જોની ટ
હુકા કરે કાલી—સખી.

ચાલોની હવે દરશણે જઇએ, ગુલાલ પીચકારીનો રંગ
લઇએ—સખી.

(સખીઓ જાયછે.)

ટકોરચંદ—(જાઓ જાઓ જલદી અમે પણ એટલુંજ ઇછીએછીએ)

(સાવલીંગાનો હાથ સદેવંત પકડી)

(તુજે હે શોખ મીલનેકા) એ રાગે.

સદેવંત—પ્યારી તું ઝટ ઘુમટો ખોલ, હસી જલદી તું મુજથી
બોલ;

થયો હું તુજપર દીવાનો, કેશે ના પણ નહી જવાનો-
ટેક.

સાવલીંગા—કોણછો તમે, અહીં કેમ આવ્યા, એકાંત વાસમાં ત
મે કાવ્યાં;

ઘુઘટ ખોલે થશે વીનાશ, દસણાર જણ ગયા સ્વર્ગવા
સ—પ્યારી.

ટકોરચંદ—બેડશાઇ તું તારી છોડ, સદેવંત શાથે હસી બોલ;
સરખે સરખી મલીછે જોડ, નજરે ન્યાલી પછીથી.
બોલ—પ્યારી.

(સદેવંત અને સાવલીંગા બને જણા ભેટેછે.)

(આજ કહાના મોરલીના બાંસરી બજાઇરે) એ રાગે.

સાવલીંગા—પ્યારા વચન આપો મને, ભરોસો રખાય કંઇ;
ભરોસો રખાય કંઇ, ભરોસો રખાય કંઇ—ટેક.

અમો વણીક વાણીયા, રજપુતો નહી જાણીઆ;
તેલ વેચનારા વાણીયા, સદેવંતજી જાણીયા—પ્યારા.
તદબીર બતાવું એવી, આવજો દરવાજાની દેવી;
ભણવા મસે ઉલટ લેવી, આવો પંડયાની નીશાલમાં-
પ્યારા.

લાવણી.

(ગોરી ચલી સાસરે કુ પીર કપી આનાહે) એ રાગે.

સદેવંત—તદબીર બતાવી ઠીક પ્યારી મલવાની,
જઈ સીલેટ પાટી વાત કરૂં ભણવાની;
એ વચન મારૂ કદી મીથ્યા નહી થાએ,
પુર્વનો સુરજ જો પશ્ચીમે કંઈ જાયે;
હું રાજાછું તું વણીકનીછે બેટી,
તારેને મારે ગાંઠ આજથી બેઠી.

(ગઈ એક બે એકનો હવા પલટ) એ રાગે.

સાવલીંગા—પ્યારા પતી પધારો, આવશે પીતા અહીં;
આવશે પીતા અહીં, પ્યારા વાત કરશે કંઈ—ટેક.
મલજો તમે નીશાળમાં, મોજ ત્યાં માણીશું;
ગાંધર્વ લગન કરી આપણ, ગજગાજ માલીશું-પ્યારા.
હાથ છોડો પ્રીતમમારો, તમ વિના છઊં હું દુઃખી;
પરમાત્મા આપને મેળવશે, ત્યારે થઈસ હું સુખી—
પ્યારા.

સદેવંત—જા કેતા જીભ ઉપડે નહી, પ્યારી મન હરી લીધું:
સ્નેહ બાણ મારી મારૂં, મન તેં ધાયેલ કીધું—પ્યારા.
(જાયછે.)

——o:o——

પરવેશ ચોથો. (સ્થલ, શાળા.)

(છોકરા છોકરીઓ ચોપડીઓ વાંચેછે, તેમાં છોકરાઓ રમેછે અને પાછળથી સાવલીંગા આવીને બેસેછે.)

(બટકનશે અમ જાતે) એ રાગે.

છોકરાઓ ગાયછે—આવો આવો દોસ્તદારો, રમીએ આપણે રમત;
થોડી દાવ રમીએ આજ, કરીશું બહુ ગમત-ટેક.
વડો નીશાળીઓ—નાના નાસો ગોસો રમીએ, એમાં પડશે બહુ મજા;
દોડા દોડી કરવી પડશે, કસરતની ઉડશે ધજા—આવો.
પેલો નીશાળીઓ—ગીલી ડંડા રમીએ સઉ, તડોરાના ઉડસે બાહાર;
નહીતો ગોલી તીચે રમીએ, જોઇએ કોની થાય છે હાર—આવો.

(આગકુ છાંડ ચલે બન માધુ) એ રાગે.

સાવલીંગા—પ્રીતમ પ્યારા નહી કેમ આવ્યા, તલંપે જીવ મજવા નેરે—ટેક.
કહું તે માફક આવી હું વેલી, તમ પાસી છંઉં ઘેલારે;
મોહન મારા વેહેલા પધારો, તાલાવેલી થાય તનમારે—પ્રીતમ.

(છોકરાઓ મારામારી કરેછે ને મેહેતાજી આવેછે, મેહેતાજી ફટકાવેછે પછી ભણાવેછે.)

મેહેતાજી—કકે લીજે શ્રી કૃષ્ણનું નામ, અવીચલ પદવી આપે ભગવાન.
છોકરા—કકે કારેલાનું સાક, રસોઇના સ્વાદીષ્ટ થાય પાક.

મેહેતાજી—કમબખત ! હું બોલુંછું શું ને તમે બકોછો શું.
(મારેછે.)

(સીપાઇ આવેછે.)

સીપાઇ—પંથુજી તમને રાજાજી બોલાવેછે.
મેહેતાજી—(ધ્રુજતા) મેં શું અપરાધ કીધો કે રાજાજીનું નીશાળમાં તેડું આવ્યું.

સીપાઈ—ગભરાઓ નહી, કુંવરને નીશાળે બેસાડવાછે.
મેહેતાજી—(ખુશી થઇ જાયછે.)
(છોકરાઓ પાછા રમેછે, બબ્બાબાજી, લખોટી દાવ વગેરે વગેરે !!)
(મેહેતાજી સદેવંતને લઇને આવેછે અને છોકરાઓને મીઠાઇ આપેછે.)
(ઇસકોમે તેરે કોયેગમ) એ રાગે.

સદેવંત—વચન પાલ્યું તેં મારી, મુજથી અગાડી આવી;
લગન કરીશું આજે, મેહેર કરીછે માહારાજે—ટેક.
તદબીર કરંછું એવી, કોઇ લેતું કરૂં કેવી;
મોકલું મેહેતાજીને, વાહાલી માતાજી કને—વચન.

(મેહેતાજીને કહેછે)

(ઓખા હરણના રાગે.)

મેતાજી પધારો મારે ઘેર, માતાએ બોલાવ્યા કરી પેર;
સીધુ આપવુંછે તમને સારૂં, કંઇ વ્રત કીધું હશે વારૂ.

(ઇંદર સભાનો રાગ,)

મેહેતાજી—ખુશબકતીમાં જાઉ હું, કુંવર તમારે ઘેર;
મસતી કરે નહી છોકરા, કરજો એવી પેર.
(મેતાજી જાયછે.)

સદેવંત—(છોકરાને) મસ્તી કરો નહી ભાઇ, કહુંછું તમને વાત;
છુટી આપુ આજ તમને, માનો ખરેખાત.
બીક રાખશો નહી તમે, પંડયાની લગાર;
વઢશેતો જવાબ દઇશ, કરીને વીચાર.
(છોકરાઓ જાયછે.)
(સાવલીંગા સદેવંત કને આવીને)
(રંગનવા મારા કરશે સરક ગયોરે) એ રાગે.

સાવલીંગા—બાલમજી ખુશ ખુશાલીમાં મળ્યા આપણરે,
જાણવાનું નથી કોઇ, પ્યારા હું તુજપર મોહી—ટેક.
(હાથ ઝાલી) સુર્ય ચંદ્રની સાખેરે, અવીચલ આપણે રાખેરે,
પણ વીપ્રીતછે એક વાત, હું કહુંછું ખરેખાત;
હઠ લેશે માત તાત, વાતમેં ઉડાવીરે—બાલમજી.
સદેવંત—એવી તે શુંછે વાતરે પ્યારી કહીદે ખરેખાતરે,
તું જાણે રાજછે મારૂં, કરૂં તેનું થાય સારૂં;
ચાહું તેને હું જીવાડું, મારૂં માર મારીરે—બાલમજી.
સાવલીંગા--વીપ્ર નહી કેમ આવ્યોરે, ઓઠો વખત કાઢયોરે,
જોશે આપણે એકાંત, પડશે તેને મન ભ્રાંત;
મારો જીવ નથી શાંત ભ્રાંત તમને થાયરે—બાલમજી.
સદેવંત—ધાર ધર પ્યારીરે, સાહીત્ય લઇ સારીરે,
આવવાનો વખત થયો, કેવારનો તેતો ગયો;
જોજો આવે તે પેલો રહો ગયો વાર બહુ થઇરે-બાલમજી
(એક નીશાળીઓ પ્રવેશ કરેછે)
સાવલીંગા—કુજેતી પીયુ મારીરે, તે સાથે થઇ તમારીરે,
પંડયાને કહી દેશે, તેઓ મારે ઘેર જશે;
કુજેતી બહુ થશે રેસે લાજ કેમરે---બાલમજી.
(સદેવંત માર મારી કાઢી મુકેછે છોકરો નાસેછે, સદેવંત પાછળ
મારવા જાયછે સાવલીંગા નીરાસ થઇ ઘેર જાયછે.)

પરવેશ પાંચમો. (સદેવંતનો મેહેલ.)

લાવણી.

(ગુલ ચમનમે બીછુ છુપા બડા ફરેબીહે) એ રાગે.

સદેવંત—કરવો શું હવે ઉપાય, પ્યારી મલે ઝટ,
પંડયાએ જાણી વાત, થાય ચટપટ;
વીચાર કરીને શી કરવી ખટપટ,
કરવો શું હવે ઉપાય પ્યારી મલે ઝટ.

ગુલ.

દીન દયાલ નીરાસ કરો તે નહી સારૂં,
વીચાર કરો હું બાળકછું તમારૂં,
ખરેખાત પ્રભુજી પાલક છોજી વારૂં,
રેહેમ કરી આબારે પાર પાડજો મારૂં—કરવો.

(ટપાલનો કાગળ સોંપાઇ લઇને આવેછે તે સદેવંત વાંચેછે.)

(મરસાંયો.)

સદેવંત—ઝટ આવો ઝટ આવો, માજીના મંદીરમાં;
વીયોગે ઝુરી મરૂંછું, હું તો મારા દીલમાં—ટેક.
આળસ કરતા નહી પ્રીતમ, જાણી વાત નીશાળની;
પીતાએ પરણાવી પણ, ફોકટ એ બાકાલની—ઝટ.
સાહેનકાળે સાહીત્ય લઇ, પધારો પીયુજી મારા;
મંગળ ફેરા ફરી આપણ, કરશું ત્યાંથી પોબારા—ઝટ

(બસ નકી હવે રાત્રે માતાના મંદીરમાં જવું અને ત્યાં ઉંઘ ન આવે માટે જાગૃતીની દવા લેવી.)

(ખલકતારે ખુદા ખાવંદ) એ રાગે.

સદેવંત—તુજ કારણ થયો દીવાનો, ખરેખાત નહી જીવવાનો-ટેક.
મળે મને ગોળીદાનો, તે શું હું નહી લેવાનો—તુજ.

પરવેશ છઠો. (સરીઆમ રસતો.)

(રૂપાસા થોભણદાસ વગેરે વાત કરેછે.)

(અલેકસેંતું યાદ કર) એ રાગે.

થોભણદાસ—ખડખાડ રુપાસા, ખુડ પડણીછે
નાડી સાડી ખુડ ગલી, તુંતોજ બડોછે—ટેક.
રુપાળી, થોભીતી વડી શેપુનોમનોરે સોડ,
ગોમગો એવીશ નહી, નાડ કોઈ છોડ—ખડ.

રૂપાસા—કુલ મારૂં મોટું, કાલાવાલા કીધા બહુ;
પીતા એનો ધાઈ પડયો શું થોભણ કહું—ખડ.
ઉપર છાપરી ટપાલ આવે, કાગળના જુરા;
વાંચતા હું તો કંતાલ્યો, ભોગ થયા પુરા—ખડ.
પેરાગણી મન ગમતી આપી, મન મનાવ્યું;
પુંજી આપણી શું ગઈ, પણ તને ઠીક લાગીયું-ખડ.

——0:0——

પરવેશ સાતમો. (માતાનું મંદીર.)

(સદેવંત આગી પ્રાર્થના કરેછે.)

(સુખી આણી ફળ જાણી નરનારી ભણોરે) એ રાગે.

સદેવંત—મઈઆ મારા મેહેર કરો મુજપરરે
કરો મુજપરરે કરો મુજપરરે
મેળવો મારી પ્યારીને—ટેક.
આસરે તમારે હું અહીં આવ્યો,
પ્યારી મારી તારી મેહેરથી કંઈ મલેરે—મેળવો.
મન બલેછે, તન જલેછે,
જેમ તેમ એમ જલદી પ્યારી મલેરે—મેળવો.
દાસને જાણી, મૈયાછોજી ગ્નાની,
લ્હેરી ફરી શેરમાં બહું ભમ્યોરે—મેળવો.

(અંદરથી દરવાજો બંધ કરી સુઈ જાયછે અને સાવલીંગા આવી દરવાજા ઠોકેછે પણ કોઇ જવાબ આપતું નથી એટલે ગાયછે.)

ભૈરવીની ગજલ.

સાવલીંગા—ઉગાડો સ્વામી બારણા, હું છલી મરૂં છઉં;
હું છલી મરૂં છઉં—સ્વામી છલી મરૂછઉં—ટેક.
હું છઉં અબલા એકલી, સાથે નથી કોઈ;
મધરાત થવા આવીછે, ઠડાને નાંખો ધોઈ—ઉગાડો.
મા બાપને પર હરી, તં છોડયો રૂપાસા;
સદેવંત ઉગાડોની, આવે જીવ આશા—ઉગાડો.
ઊંગી ગયાછો કે કેમ, બોલ બોલતા નથી;
અકલામણુ અતીશે આવે, બહુ તો મથી—ઉગાડો.

(આસપાસ કોઇ નજરે પડતું નથી, તેથી દેવળના ઉપરના ભાગમાંથી અંદર દાખલ થાયછે અને બારણા ઉગાડી નાંખેછે; અને સદેવંતને ભર ઊંધમાં જોઈ તેને જગાડવાને પ્રયત્ન કરેછે પણ તે જયારે જાગ્યો નહી ત્યારે નીરાશ થઈ સદેવંતનું માથું પોતાના ખોળામાં લઇ ગાજીની સ્તુતી કરેછે.)

(કુંવરી કુંવર મારા લાડકા) એ રાગે.

સાવલીંગા—સ્વામી મારા આતે શું થયું, નીંદ્રા બહુ આવી કેમ;
નીંદ્રાતો વેરી થઈ, માતાજી થશે કેમ—ટેક.
ઘોંગ કરવાનો વખત નથી, વીચારો સમયકાલ;
રીસાયા મુજથી આમ કરો, થાય આલ પંપાલ-સ્વામી
જગાડો.

(છંદ ગોરી તોરા ઓઢણે) એ રાગે.

સાવલીંગા—જાગ છઉં થશે પરભાતરે, વાર મને થઈ
વાર મને થઈ સ્વામી વાર મને થઇ—ટેક.

પ્રાહાતસકાળે, પુજન અર્થે, વીપ્ર કે કોઈ જન;
આવશે સ્વામી માહરા બ્રાહમણ ખરેખાતરે—વાર.
કાલ સવારે જવું પડશે, મારે સાસરે;
વેગે પીયુજી પધારજો, આવોની પછાતરે—વાર.

(તેની હથેલીમાં કંઈ લખી નીરાશ થઈ જાયછે.)

એટલામાં જોગી પ્રવેશ કરેછે.

લાવણી.

(આશેક લાગી) એ રાગે.

જોગી—મઈઆ અંબીકા આરાધુ, શાક્ષાતછો દેવી;
પ્રાહતસકાળે પુજા કરૂં, માતાજી સેવી.

(સદેવંતને જોઈ.)

અરે આ અહીં કોણ પડયોછે, ઓળખીતો દીસે;
કુંવરજી જેવો જણાએ, જણાયછે રીસે.

(જોગી જતો રહેછે) (સદેવંતને સ્વપનું આવેછે; હા! સાવળીંગા આપણે દુર દેશ જઈએ, આસો! ગાડીમાં બેસો! ગાડીમાં બેસવા ઉઠેછે તો કાંઈ નથી પણ ફોગટ સ્વપનું.)

ઈંદર સભાના રાગે.

સદેવંત—પ્રાણ પ્યારી ઠગાઈ કરી, આવી નથી કેમ;
ફોગટ સીદને તરસાવેછે, લાગે મને એમ.
નારી તું થઈ ઠગારી, લુચ્ચી બઈરી જાત;
બેવચની બઈરી જાણો, સર્જન ખરેખાત.

(એકદમ હાથ તરફ નજર જાયછે.)

ચીઠી આ કયારે લખી, ગયું કોણ હાથ;
અક્ષર એકલા નથી, પણ પાણી દીસે સાથ.

(સાવળીંગાની સહી જોઈ.)

સહી સાવલીંગાનીછે, આવીને એ ગઈ;
ભાંગા ટુટા અક્ષર દીસે, વેવલી એ થઈ.

(ઉપલા રાગે.) (ચીઠી વાંચેછે.)

પ્રીતમ આવી ઉંમગમાં, નીરાશ થઇને ગઈ;
ઢંઢોલ્યા પણ ઉઠયા નહી, વખત ગયો વહી.
નાઉમેદે પાછી ફરી, રૂપાસાને ઘેર જાઉં;
અઠવાડીઆમાં મલો મને, તોહું સુખી થાઉં.
નહીતો પ્રાણ તજીસ પ્યારા, સાચે તું તો માન;
વેગે વેલા આવી મલો, આપો જીવતદાન.

(વાંચી રહયા પછી જુસ્સામાં.)

બેત.

કમબખત ગાંધી તે, કીધું કાવતરૂં;
જાગ્રુત કરતા ઊંગાડી દીધો, થયો તું શતરૂં.
મનની વાત મનમાં રહી, થઈ ગયો વીનાસ;
વેણ પાલી આવી ગઈ, પ્રાણ પ્યારી ઉદાસ.
ફીકર નહી આવું ચાલી, રૂપાસાને ગામ;
લ્હેરી મેહેર કરો તમે, શીઘ્ર કરો આમ.

(જોગી બની તેની શોધમાં જાયછે.)

પંરવેશ આઠમો. (જંગલ.)

(ટકોરચંદ દાખલ થાયછે.)

(લુસીનીલ) એ રાગે.

ટકોરચંદ—પ્રેમનીછે જાલ, પ્રેમનીછે જાલ;
વીખુતા પડે નહી, માથે આવે કાળ—ટેક.
રાજાજીનો દીકરો, સદેવંત નામ;
સાવલીંગા શું ઘેલો થયો, મુકી સૌ દમામ—પ્રેમ.

રાજપાટ તજી એને, લીધો જોગી વેશ;
ભભુતઅંગપર લગાવી, ધુલ નાંખી કેશ—પ્રેમ.

(ટકોરચંદ જાયછે અને સદેવંત દાખલ થાયછે.)

(કહું કયા કુલકકા સતાયા હુંમ) એ રાગે,

સદેવંત—કીરતાર કેમ તું જુલમ ગુજારે;
હું પામરછઊં આશરે તમારે—ટેક.
કામ ઝવર લાગ્યો મારા અંગમાં;
રાજ પાટ છોડી ફરૂં આ ઢંગમાં—કીરતાર.
માફ કરો મને રસ્તો બતાવો,
દુખી જીગર ને નહીરે સતાવો—કીરતાર.

(જવા માંડેછે પણ તે ઠેકાણે બે રસ્તા જોઇ ઉભો રહેછે, એટલા માં એક મોટા પથ્થર ઉપર કંઈ લખેલું નજરે પડેછે તે વાંચેછે.)

ઈંદર સભાના રાગે.

સીધો મારગ છોડી, અટકો વડલાને નીસાન;
જમણે હાથે ચાલજો, માર્ગને પીછાન.
લીખતંગ કીંકરી, ઝટ આવે અમાર ગામ;
એ રાહે ચાલજો, પોહોચે મનની હામ.

(વાંચ્યા પછી.)

સાબાસ સાબાસ ત્યાગી તેં, ઠીક લખી એંધાણ;
હીમત આવે ખુલે નસીબ, થાય ભાગ્યવાન.

(જાયછે.)

——o——

પરવેશ નવમો. (ચમાર ગામનું પાદર.)

(સદેવંતના હાથમાં લખેલુંછે તેથી પશુ પ્રમાણે નદીમાં મોહ બો
લીને પાણી પીએછે, એટલામાં સાવળીંગાની દાસી પાણી
ભરવા આવેછે, અને સદેવંતને પાણી પીતો જોઇ.)

(પીલુ દારૂડી) એ રાગે.

દાસી—પીએ પાણી આમ કેમ, ઓરે મુસાફર;
ઓરે મુસાફર, ઓરે મુસાફર,
આવવાની મકસદ આ તરફ -ટેક.

(પાસે જઇ.)

પાણી પીઓ આવી રીતે, ઓ જોગીરાજ;
હાથ ભીંજવતા નથી, તમે શાને કાજ—ઓરે.
સાચે સાચું બોલો મુની, ભ્રાંતી મનમા થાય;
કૃપા કરી કહીદાની, થાઓ અમને સાય—ઓરે.

સદેવંત—કહુંછુ મારી હું પણ તું તારી પ્રથમ કેની વાત;
નગરનું નામ શુંછે, વણીક કોણ પ્રખ્યાત—ઓરે.
આણંકોની ફરેછે, રઇએત સુખી કે દુખી;
જણાવ પ્રથમ તું મને, ઓ ચંદ્ર મુખી—ઓરે.

નારાચ છંદ.

દાસી—ચમારગામ ઠામ આ જયસીંગ રાયનું રાજછે;
વણીક રૂપાસા, છોકીયો પરણી લાવ્યો એક નારછે-ટેક.
સાવળીંગા તો નામ ધરાવે—હું દાસીછું તેતણી;
દુખીછે બીચારી બહુ, દયા મને આવે ઘણી-ચમારગામ.

(ખલકનારે ખોદા ખાવંદ) એ રાગે.

સદેવંત—અરે બાઇ હું આવ્યો એને કાજ;
સદેવંત નામ, બોલવ દાઝ—ટેક.
જટ ખબર જઇને કેહે;
દુ:ખી દીલમા થાય નહી તે—અરે બાઇ.

દાસી—મારી સાથે આવો જોગી;
સાવલીંગાના છોજી ભોગી—અરે બાઇ.
ઓળખુંછુ હું તમને;
ખુશી થશો તમો બને—અરે બાઇ.

—o—

પરવેશ દશમો. (રૂપાસાનો મેહેલ.)

(સાવલીંગા ઉદાસ થઇને બેઠીછે પાછળથી દાસી અને સદેવંત આવેછે.)

(ઓધવજી સંદેશો કેહેશો કેહેજો શામને) એ રાગે.

સાવલીંગા—વીયોગબાણ સાલેછે દીનાનાથજી;
મેહેર કરી પુરો મનની આસજી--ટેક.
જળવીના ટવલે મીન, જુવોની જમીનમાં;
તેમજ પ્રીતમ પાકી મને નહી ચેનજો—વીયોગ.
ભાવે નહી ભોજન, નીંદ્રા આવે નહી;
જબકી ઉઠું ઓટા આવે ખ્યાલજો—વીયોગ.

(એટલામાં સદેવંત પ્રવેશ કરેછે.)

ઇંદર સભાના રાગે.

સદેવંત—સબરકર સબરકર, પ્યારી સાવલીંગા;
જગત કરતાની રેમથી આવ્યો આ જગા.

(રૂપાસા આવેછે.)

રૂપાસા--ધીક ધીકરે એ વ્યભીચારી નાર;
પતીવ્રતા થઇ તું કરે નીચ કામ.

(સદેવંત સામું જોઇ.)

હરામખોર દુષ્ટ તું આવ્યો અહીં કેમ;
સવાદ ચખાડું કમળખત ગો પેમ.

કોઈ છે કે હાજર, જલદી આવ સીપાઇ;
મુસ્કે તાટ એને બાંધો, કરો હરીફાઈ.
ઘરમાં ધુસ્યો ચોરછે, રાજા પાસ લઇ જાઓ;
ગુનેગાર જોગીછે, જલદી લઇ જાઓ.
(લઈ જાયછે.)

—o:o:o—

પરવેશ અગીઆરમો. (રાજ સભા.)

(જયસીંગજી રાજા રાજ્યાસન ઉપર બેઠાછે પ્રધાન, વજીર, કોટવાલ વગેરે દરબારીઓ તથા રૂપાસાવાણીઆ પણ હાજરછે અને સીપાઇઓ સદેવંતના હાથમાં બેડી નાંખી કેદી કરી લઇ આવેછે.)

શેલાવૃત.

રૂપાસા—(રાજાને કહેછે.) હડામચોર ઓતોર, માડા ઘરમો પેઠોતો,
ઘડવાલી માડી જાત, એતો બાત કરતોતો;
હોડા કડુ પડનામ, થીકશા કડોની ઠાગી,
બેહોબે ઠરમ, બેતો બહુ પાથ માડી

(ઓઆ હરણના રાગે.)

જયસીંગજી—(જોગીને.)
સાંધુ કેમ એને ઘેર ગયો, નારી પાસ જઇ હરામી થયો;
માટે સાચું સાચું બોલજે તું, નજરમાં આવશેતો માફ કરૂં હું.

(જીવો જીવો વિક્ટોરીઆ તું રાણી) એ રાગે.

સદેવંત—(રાજાને નમન કરી.) કરો ઈનસાફ રાજાજી અમારો,
હું વદુ તે તરફ વીચારો—ટેક.
બઈરી મારીને હરી એ લાવ્યો, ખરેખરો એ ઠગારોરે- કરો.

લાંચ આપી દુષ્ટ સસરાને મારા, કીધા કાવતરા કાલારે-
કરો.
કૃપા કરીને સ્ત્રીને બોલાવો, ખાત્રી થશે તમારીરે—કરો.
સ્ત્રી વિયોગે બાવો બન્યોછું, રાજવંશીછતાં દેહે ધારીરે-કરો.
મારે વિયોગે રહીછે કુંવારી, દાસીને પરણો વેસ ધારીરે-
કરે.

(કહું કયા કુલકકા સતાયા હુંમે.) એ રાગે.

રૂપાસા—યોતી યોતી બાત કડે રાજાએ,
બોડાવી પુથો તે થાડુ કુહે—ટેક.
હધારો ના દેથતા પડણો હું
થાતરી કડવા દાથી બોડાવું હું—યોતી.

(ઉપલી રાહે.)

જયસીંગજી—સીપાઈ જલદી જઇ દાસીને તેડી લાવ,
રૂપાસાને ઘેરથી પકડી બાવ—યોતી.

(સદેવંતની સામુ જોઈ.)

તમે કહીદો તમારૂં નામ,
શુર વીર દીશોછો તમ ઓમ—યોતી.
રજપુત જાયા દીશોછો આપ,
જુઠું બોલાતો બ્રહ્મ હત્યા પાપ—યોતી.

(સદેવંત રાજાના હાથમાં એક કાગલનો લખોટો આપેછે ને
વાંચતાજ તરતજ આનંદમાં આવી સદેવંતને ભેટી પડેછે.)

જયસીંગજી—(રૂપાસાને કહેછે.)

(ગઈ એક બે એક જો હવાપલટ.) એ રાગે.

કમબખત આતે શું કીધું, ભાણેજ એછે માહેરો
ભાણેજ એછે માહેરો, ભાણેજ એછે માહેરો—ટેક.

(ખજાનચી સામું જોઇ.)

ખચાનચી લઈજા ભાણેજને, પોશાગ એમનો બદલાવોની;
જટપટ જઈ તમે આવોની રાજવંશી એમનો તાતછે—
કમબખત.

(બને જાયછે.)

જયસીંગજી—(રૂપાસાને) સંભાલજે હવે વાણીઆ, ડાહીમાના
દીકરા જાણીઆ;
ધ્રુજ નહી અદલ ઈનસાફ થશે, સાચું જે હશે તે થ
ઇ જશે—કમબખત.

(સીપાઇ દાસી સાથે પ્રવેશ કરેછે.)

(ઉપલી રાહે.)

જયસીંગજી—(દાસીને.) સત્ય બોલ દાસીવાણી, નહીતો જીભ
કડાવું તાણી;
આ કોની સાથે પરણીછે, તું ખરેખરૂં બતાવની—ક
મબખત.

(કંગનવા મોરા કરસે સરક ગયોરે) એ રાગે.

દાસી—પરણીછે મારી સાથે, રાજા માન ખરૂંરે;
કરતીતી પ્રાણ ઘાત, સાવલીંગા પોતે જાત—ટેક.
દયા આવી મુજનેરે, પરણી હુતો અબુજનેરે,
ઘુમટો તાણ્યો મેં મોટો, લોભાઇ ગયો એ ખોટો;
મળે નહી મારો જોટો સોટો એ સમજોનીરે—પરણી.
જયસીંગજી—રૂપાસા તું કેનીરે, પરણી સાથ એનીરે;
રૂપાસા—વાત સાચી કેમ મનાય, મને અટપટી થાય.
ઘુમટાની રસમ હાય—થયો દગો હસેરે.—પરણી.
રૂપાસા—લગન કીયા થાએરે, બારીક નજરે કેમ થાયેરે,
કાડીથી મારી લાજ, સાવલીંગા દગલબાજ;
દાસીને ધર્યો સાજ દાજ મુજપર કાડીરે—પરણી.

જયસીંગજી—ખાત્રી થઈ મારીરે, દાસી બધેરી તારીરે,
જા દાસી તેડી લાવ, સાવલીંગાને લઈ આવ;
જેમ હશે એનો ભાવ દાવ તેવો રમસુરે—પરણો.

(ખજાનચી તથા સદેવંત આવેછે.)

(ઈંદર સભાના રાગે.)

રૂપાસા—(સદેવંતને) માફ કરો સદેવંતજી, આપ્યું બહું અપમાન.
ખરી વાત જાણી નહી, તેથી બન્યો નાદાન.

(દાસીને સાવલીંગા આવેછે.)

સદેવંત—(દાસીને) ધનછે તારી જાતને, બચાવી મુજ પ્રીયા;
દાસીને પરણાવો, ફરી કરો ક્રીયા.

(રૂપાસા અને દાસીનો હસ્ત મેલાપ કરાવેછે અને સાવલીંગા આનંદથી સદેવંતને ભેટેછે.)

ગજલ.

(રસીલી તારી સુરત દેખી, ઘાયલ મનડું થયુંછે મારૂં.) એ રાગે.

સદેવંત—માશુક મીઠી નજરે દીઠી, માનજે તું હવે થઇછે મારી;
વીખુટા પડયા આપણે અતીશે, રેહેમ આજે અહીં કરી જગદીશે—ટેક.

(રાજા સામું આંગલી કરીને.)

જયસીંગજી થાય મારા મામા, બકાલો અહીંઆ થશે નહી સામા;
જોગાન જોગ આ મલ્યોછે કેવો, શું વીચારેછે મુજ પ્રાણ પ્યારી—માશુક.

સાવલીંગા—ગઈ વાતને વિસારીએ વાલા, શોક શીદ હવે કરોછો હાલાં

કૃપાસા મુજપર બહુ કરે ચાલા, સંતાપ તેનો મને બ
હુ ભારી—માશુક.

(રાજા સદેવંત તથા સાવલીંગાનો હસ્તક મેળાપ કરાવેછે.)

(ઇંદિર સભાના રાગે.)

જયસીંગજી—મોજ મજા મારજો, સાવલીંગા સદેવંત;
અવીચલ જોડું રહો, રેજો ખુબીવંત.
ખુશી થકી કરી આપું છું, તમારા લગન;
જુલમ જારતી કરતા નહી, હમેશ રહો મગન.

(બદલ ગયો નેણારે.) એ રાગે.

સાવલીંગા—શું હાલ થયા તારારે, શું હાલ થયા તારારે;
ઓ પ્રાણ પ્યારા, ઓ પ્રાણ પ્યારા—ટેક.
સાખી—વદન સ્યામ ફીકુ લાગી દીશે, શું સ્વામી થયા હાલ;
શીરપર કેશ વધાર્યાછે ભારી, ખાડા દીશે બહુ ગાલ—
શું હાલ.
સાખી—પરમાત્માની થઈ મેહરબાની, વીપત તલી ગઈ;
છબી તારી નીરખી હું આજે, ખુશી મનમાં બહુ થ
ઈ—શું હાલ.
સાખી—જગત કર્તાની પ્રાર્થના કરીએ, રાજા પ્રજા સંગાત;
લહેરી દેવ તમે છોજી માયાલુ, વંદી જોડીએ હાથ—
શું હાલ.

(બધા ઈશ્વર પ્રાર્થના કરેછે.)

પદ.

(સજન સૌઉ વિનતી ધરજો ધ્યાન.) એ રાગે.

ગાવો ગોવીંદના ગુણ, સજન સૌઉ ગાવો ગોવીંદના ગુણ;
જગતમાં નથી નુન—સજન સૌઉ ગાવો ગોવીંદના ગુણ—ટેક.
પરોપકારી, છઈએ આભારી—મીષ્ટ આપે ચુન ચુન-સજન.

દુઃખ વેઠયું આ જોડાએ—સુખ આપો એમને ખુબ-સજન.
બશ ખ્યારની આસીએત જુવો-વાગે સીતાર તુન તુન-સજન.
દીન દયાલુ પરમ કૃપાલુ—આપના છઈએ ખુન—સજન.
આરાધના અમારી સ્વીકારો—વ્હેરી મેહેર કરી સુણ-સજન.

રચનાર
રા. રા. અમરતલાલ નારણદાસ ઝવેરી.

ગુજરાતી નવી ઈંદર સભા.

સુદ્ધ ગુજરાતી ભાષામાં

ઓપેરા બે અંકી

અંક પેહેલો પરવેશ પેહેલો.

(ઈંદરની દરબાર બેઠીછે; ત્યાં ઇંદર, દેવો, અને પાછલથી પોખર
જ—નીલમ—લાલ—તથા સબજપરી વગેરે આવી ગાયછે.)

(અલિફસે તું યાદ કર, અલ્લાઇ તું આદમ.) એ રાગે.

ઈંદર—ઇંદ્રાસનપર બેઠો છઉં પણ, ચેન નથી પડતું,
ઉપાય શું યોજવો કે, મને થાય ગમતું—ટેક.

દેવો તમે દુબળા દીસો, ખંખારતા નથી;
રીજવો મને આજ તમે, મેહેનત કરો મથી—ઇંદ્રા.

લાલદેવ—માહારાજ આપશું બોલોછો, બોલાવીએ પરી;
ચારેને હુંકમ કરૂં, આવે અબઘડી—ઇંદ્રા.

(લાલદેવ કાલાદેવને હુંકમ કરેછે, કાન પકડીને.)

મુજી શું બેસી રહોછે, પરીઓને બોલાવ;
રાગ તાન રાગ ઉડે, એવી તદબીર લાવ—ઇંદ્રા.

(કાલોદેવ પરીને લેવા જાયછે.)

ઈંદર—ખુબ કરી ખુબ કરી, દેવ મારા લાલ;
તુજ સમાન હોંશીઆર નહી, દરબારમાં હાલ—ઇંદ્રા.

(કાલોદેવ પોખરાજ પરીને લઇને આવેછે.)

(નેજારા ભર મારારે.) એ રાગે.

પોખરાજપરી—નમન કરૂં દાસીરે, ઈંદર રાજાજી—ટેક.

હુકમ આપો—નૃત્ય કરવાને,
ગાએનથી રીઝાવી, તજાવું હું ઉદાસીરે—ઈંદર.
ફરમાવો મને—આપ આજ્ઞા આપો,
કરૂં મારૂં કાજ, ગાઉં હું વીલાસીરે—ઈંદર.

—o—

લાલદેવ—(આજે તમારી હોંશીઆરી જોવીછે માટે મનહરણ તે સાથે ખુશી થાય અંતઃકરણ તેવું ગાઓ.)

પોખરાજ પરી—(જેવી આપની આજ્ઞા.)

કેરબો.

(સાડેતીનપેસે સેર મછલી ના બેચુંગી.) એ રાગે.

રૂતુ વસંતનો બાહાર ખુબ ખીલી રહોછે;
ખુબ ખીલી રહોછે, ખુબ ખીલી રહોછે—ટેક.
અબીલ ગુલાલ, કેસુ રંગલાલ;
ભરી પીચકારી મારે, સ્તનપર બાલ—રૂતુ.
જાઈ ચંપેલી, લપટાઈ ગઇછે;
પીયુ સાથે મોજ મારે, ભેટી ખુબ રહીછે—રૂતુ.
પ્રાણી પક્ષીઓ, પ્યારમાં ફરે રમતા;
વીલાસ કરે, તેઓ મનને ગમતા—રૂતુ.
વનગજાવ્યું, કાળી કોએલ;
મોર ઢેલ કળા કરે, ટહુકાઓ કરે—રૂતુ.
એવી મોજ મજા, લ્હેરી થઇ માહાલ;
વસંતમાં રંગ આવે, ખુશી દીન ગાલે— રૂતુ.

(ખુબ રીઝાયા નાચકે ગાકે, પેહેલુંગ મેરે બેઠ તું આકે.) એ રાગે.

ઈંદર—સાબાસ પ્યારી પોખરાજ પરી;
રીઝાવ્યો ખુબ મને તદબીર કરી—ટેક.

લાલદેવ બીજી પરીને બોલાવો;
કાલા દેવ નીલમ પરી લઇ આવો—સાબાસ.
બેસો પરી તમે, મારીજ પાસે;
ખુશી કરી ખુબ, વસંત વીલાસે—સાબાસ.

નીલમપરી—(આજ કાહાના મોરલીના બાંસરી બજાઇ કે) એ રાગે.
આવી હું તમારી કને મનને રીઝાવવા;
મનને રીઝાવવા, તમને રીઝાવવા—ટેક.
છુમ છુમ ઘુઘરવાજે, અદા કરૂં આવભાવથી;
બલીહારી જાઊં રાજા, તમારા પ્રતાપથી—આવી.
ખુબ કળા કરી ફરૂં, દરશાવું દરબારમાં;
ઉસ્તાદે મેહેનત લીધી, મારા ઘરબારમાં—આવી.
ગાઊં નાચું કુદુ આજ, જોઇ લેવો સભાજનો;
પરવા પઇસાની નથી, ઘેર ભર્યો બહુ ખજાનો—આવી.

(ફાગણકે દીન ચાર.) એ રાગે.

સભા બની ગુલજાર, બાહારછે બહુ મજાનો, ઇંદર રાજાનો—ટેક.
જાઊં બલીહારી, તમપરવારી;
ખુશીવાલા બેઠા દેવલાલ--બાહાર.

લાલદેવ—મજાક મારી, સભામાં કરેછે;
કાળાદેવ અહીંથી નીકાલ—બાહાર.

નીલમપરી—વીચારવંતા, ખુશી કરતાં;
છો રસમ જુત થઇ આજ—બાહાર.
જોબનવંતા, છો મદમાતા;
રાતા તમારા દેદાર—બાહાર.

(ગર હમને સનમકુ દીઆ.) એ રાગે.

ઈંદર—કરી પરી રીજાવી તે, આ મારી સભા;
હસાવી રમાડી તે, આ મારી સભા—ટેક.

બોલાવો હવે વારોછે, લાલપરીનો;
કાલાદેવ પોશાક પેહેરે, કેહેજો જરીનો—ફરી.
(બોલાવવા જાયછે.)
બેઠકે બેશોની પરી તમેતો નીલમ;
ખુશ ખુશાલ કીધો મને, તેંતો એકદમ—ફરી.
(જીવો જીવો વીકટોરીઆં તું રાણી.) એ રાગે.
લાલપરી—રાજા આવી હું તમારી પાસે, દીલ રીજાવવાની આ
સેરે—ટેક.
મન હરણ, દીલ પરસન;
ગાણું ગાએન બલીહારીરે—રાજા.
તન મન ધનથી ખુશીરે કરવા;
ખુરબાન તમપર ઓવારીરે—રાજા.
અગન ચમન, આ ઇંદ્રાસન;
લ્હેરી સભા દીશે સારીરે—રાજા.
(શુધીઆણી ફુળ જાણી નરનારી ભણોરે.) એ રાગે.
લાલપરી—રસીયા પ્રીતીની રીતી કંઇ સારી લાગેરે;
હોય જો જોબનના બાહારમાં—ટેક.
મુખ પુનેમના ચંદ્ર સમચળકે;
ભવા નેણ ચેણ ચાલા ઠીક કરેરે—હોય.
ગુલ લાલાસમ, છાતી છલકે;
લટકે મટકે ઠણકે ચાલ ચાલે દીલ રીજવેરે—હોય.
તંગછે ચોલી, અદા કરે ગોરી;
પતલી કમર અમર પેહેરી ખુબ ભમેરે—હોય.
(રાગ ઇંદર સભાનો.)
ઇંદર—શાબાસ શાબાસ લાલપરી, કીધો ખુબ ગુલતાન;
આંખ મારી મલી નથી, ખુબ કીધી ગસ્તાન.

સબજપરી બોલાવો, છેલ્લીછે વારી;
બેસોની આ આસને, લાલપરી પ્યારી.
(તુજે રાણી બનાવું.) એ રાગે.

સબજપરી—સભા ભરી ગુલજારરે, ગુલતાન બનાવું—ટેક.
પરીને દેવો બેઠાછે હીંયા, બીરાજ્યા ઇંદ્ર માહારાજરે-ગુલ.
મંદમંદ વાયુ વંસત રૂતુનો, દીલ ખુશ લાગે આવારરે--ગુલ.
પોઢયા માહારાજ ડોલ્લા આવેછે, બાગે ફરવા જાઊંરે-ગુલ.
કદર ન જાણી મારી રાજાએ, આવી હું પસ્તાઊંરે--ગુલ.
બક્ષીસ આપી નહી રાજાએ—દીલમાં દુઃખી થાઊંરે-ગુલ.

પરવેશ બીજો. (ચાલુ.)

(વાદલ ફાટવા માંડયું હવેછે.) એ રાગે.

સબજપરી--જોબન મારૂં મારે ઉછાલા, કોના કરૂં હવે કાલારે વાલા—ટેક.
(તાલી વગાડી) કાલા દેવ મારી પાસે આવ, મંગાવું તેને જઈ જલદી લાવ—જોબન.
શાહજાદો સુતોતો જુવાન ગબરૂ, જોબન જોઈ મારૂં મન બહું બગડું—જોબન.
ફૂંકડ અકડછે બહુ રૂપાલો, લઈ આવ જલદી મુજ વેણ પાલો—જોબન.

કાલો દેવ—પરી હું તારો છંઉ તાબેદાર, જાણ્યા પાકી લાવું કેમ મોહોરદાર—જોબન.
ઠામ ઠેકાણું નામ દરશાવો, ગુલામ છઉ પણ પતો બતાવો—જોબન.

સબજપરી—હિંદુસ્તાનમાં હસ્તીના પુર, જાની મારો ત્યાં સુતોછે શુર—જોબન.

વળી નીશાની બીજી પણ આપું, ગભરા નહી તારૂં સં
કટ કાપું—જોબન.
વીટી મારી પેરાવી એને હાથે, કારણ કે મુકી નીશાની મા
ટે—જોબન.
કાલો દેવ—ફીકર નહી જાણંછું સબ્જપરી, દોલીઆ સાથે લાઉં
હું અબઘડી—જોબન.
(કાલો દેવ જાયછે અને પડદો ઊંચકાયછે.)

——0:0——

પરવેશ તરીજો.

રોલાવૃત.

કાલો દેવ—લાવ્યો જઈ હીંદુસ્તાન, મસ્તાન રાજછે એનું;
પલંગ સાથે લીધો, બાંધી નહી જોરશું એનું.
સબજપરી ઓળખો, ન્યાલોએ તમારો જાની;
આધાર અંગુઠીનો, લાવ્યોછઉં એજ એંધાની.
સબજપરી—શાબાશ કાલાદેવ, સેવા કરીછે મારી;
આભારી હું થઇ, હું હતી ઉપકારી તારી.
(ઇનામ આપેછે અને કાલો દેવ જાયછે.)
(સબજપરી પલંગ હલાવી શાહજાદાને ઢંઢોલેછે.)

ગજલ ભેરવીની.

સુતોછે શું તું બેખબર, છોડીને ઘરબાર;
જાગી જો તું કયાં આવ્યોછે, ઉઠી કર વીચાર—ટેક.
ઉઠો ઉઠો જાની મારા, મજલ કીધી બહુ;
દીલ મારાને ખુશી કરો, આતુર થઇછું હું—સુતો.
શાહજાદો—(ગભરાઈને.)

બેત.

નહી દીસે મારો મકાન, આ શું નજરે દેખાય;
હાય હાય આશું થયું, મન મારૂં ગભરાય.

સ્વપનુંછે કે ખરી વાત, બેહેસ્ત જેવું મકાન;
આસપાસ જોઉંછું, તો સઘલે દીસે રાન.

(ગરહમને સનમકુ દીયા.) એ રાગે.

શાહુજાદો—ઘર આગલથી મુજને અહીં લઇ આવ્યું કોણ;
લઈ આવ્યું કોણ—મુજને લઈ આવ્યું કોણ—ટેક.
સ્વપનુંછે કે ખરી વાત, નહી પડીતી સમજ;
દેખાવો જોઈ થાવું હું તો, મનમા અજબ—ઘર.
પીતા માત દીશે નહી, નહી મારો મકાન;
દાસ દાસી કયાં ગયા, નથી મારી જાન—ઘર.
ખરેખાત ફસાવ્યોછે, મને મુજીએ;
અંતસકરણ મારૂં અહીંઆ અતીશે બીએ—ઘર.

મરસીઓ.

શાહુજાદો—અરે આતે શું થયું, ઘર મારૂં કંયા ગયું;
નસીબ ઊંધું થઇ રહયું, હાય હાય આ શું થયું—ટેક.
સાથે નથી કોઇ સાથી, દીલાસો નહી મા બાપથી;
દળદર આવ્યુંછે આથી, કાઢયો મુજને ઘરમાંથી—અરે.
ઘેર જવાની નહી આશા, કરવા પડશે અહીંવાસા;
થઇ જશે કેમ ખુલાસા, મારા થયા તમાસા—અરે.

(ખબકનારે ખુદા ખાવંદ.) એ રાગે.

સબજપરી—શોક શું કરો પ્યાર મારા, દીલગીર થાઓ નહી
મારા વાહાલા—ટેક.
કરૂં દાસી કાલાવાલા, અમસથા સીદ કરો ચાલા—શોક.
જવાદો વાત જવાની, તદબીર કરો અહીં રેહેવાની—શોક.
પ્યારા મારા દીલના જાની, ઇશકનું તું પાણી પાની—
શોક.
રેહેવાસી છોજી કહે દેશ, જોબનછે કંઇ બાલવેસ—શોક.

મુબારકનામ ખુશી થાંઉ કેસ, ખરેખાતતો થયો ઉન્જેશ--
શાક.

એજ રાગે.

શાહજાદો—શુધ બુધ ગઇ મારી સાન, વતન મારૂંછે હીંદુસ્તા
ન—શાક.

કુંવર રાયનો નામ ગુલફામ, દશા તેની થઇછે આમ—
શાક.

તું નારી કોણ છે શીજાત, સમજ પાડની મને તે વાત-શાક.

ઈશ્વર આજ્ઞા બોલ ખરેખાત, પાંખો શેની અજાએબ
વાત—શાક.

એજ રાગે.

સબજપરી—પરીની જાતછે અમારી, ઉડવાને પાંખછે સારી-શાક.

અકલ ખસી ગઇછે તારી, વીચાર શું કરેછે ભારી-શાક.

નત્ય ગાએનનું કામ સારૂં, ઇંદર દરબારમાં વારૂ—શાક.

સબ્જપરી નામ પ્યારૂં, નસીબ ઉગડુંછે કંઇ તારૂં-શાક.

શાહજાદો—વારૂં હવે ઠીક બહુ સારૂં, તારી પાસે કેમ આવ્યો
વારૂં—શાક.

ડગો થયો એમ વીચારૂં, સંદેહ માગ મનમા ધારૂં-શાક.

સબજપરી—તારાપર હું આશક થઇ, ગતી મારી બેહાલજ ર
હી—શાક.

કાલાદેવને સમજાવ્યો જઈ, તેડી તમને લાવ્યો એ અ
હીં—શાક.

(કંગનવા મોરાકગ્સે સરકગયોરે.) એ રાગે.

સબજપરી—પ્યારા પીયુજી પ્રેમ રસનું પીવાડોની પાણીરે;

હું થઇસ તારી રાણી. તું સમજ મારા જાની—ટેક.

તું રેની મારે ઘરરે, ફીદાછે મારૂં સરરે,

છોજી પ્રાણથી પ્યારા—સાચું માનોની લાલા,

કરૂંછું કાલાવાલા વાહાલા શોક મ કરોરે—પ્યારા.

શાહજાદો—તું લુચ્ચીને ઠગારીરે, અરે ઓ બેહયા નારીરે;
હરણ કરી મંગાવ્યો—બે અકલ તેં ફસાવ્યો;
દુર રહે મને સતાવ્યો લાવ્યો તે ગયો કહીંરે—પ્યારા.
તું જાતનીછે પરીરે, બંદા દુનીઆના ધણીરે;
તું કરતા સારી નારી—મારે ઘેર મારી પ્યારી,
તુંતો વ્યભીચારી ભારી મને પડસેરે—પ્યારા.
સબજપરી—વાઉવા અકલના ખાંછોરે, શેખીની કરો વાતોરે;
દીવાની થઈ હું તુંપર—આદમી શું કરે નજર,
માથુ પટકે જમીનપર તનપર પરી મલેરે—પ્યારા.
તું પટ પટારો છોડરે, હસીને વેણ બોલરે
નહીતો પસ્તાસે બહુ—અતીઅંત દુઃખ દઊં,
તીરસ્કાર કરી લઊં મઉ વીચાર નહીરે—પ્યારા.

(ગઇ એક બે એકનો હવાપલટ) એ રાગે.

શાહજાદો—પ્યારી ગુસ્સે થાઓ નહી, ઘર છોડયાથી મને લાગેછે;
ઘર છોડયાથી મને લાગેછે-ઘર છોડયાથી મને લાગેછે-ટેક.
પણ અરજ મારી એટલી—અંગીકાર કરો તેટલી;
કહુ નજીવાના જેટલી, કોલ આપીને સ્વીકારોની—પ્યારી.
સબજપરી—ખુરબાન આ જીવ તુંજપર, પ્રીતમ આ મારૂં સરઃ
મારૂં તારૂં દીલભર લે વચન હોંસે હુંતો આપુંછું-પ્યારી.

(સબ્જપરી શાહજાદાને વચન આપેછે.)

એજ રાગે.

શાહજાદો—માધુરી તુંછે આકીનદાર, ખરેખાત પરીઓની સરદાર;
બતલાવ ઈંદર સભાના બાહાર, જોવાની હોંસ મને બ
હુછે—પ્યારી.

ગજલ.

(રસીલી તારી સુરત દેખી ઘાયલ થયુંછે મનડું મારૂં.) એ રાગે.

સબજપરી—પ્રીતમ પ્યારા ફરી નહી બોલતા, ફોકટ જીવ કંઈ જશે તમારો;
જાપતો અતીશે ઇંદર રાજાનો, દેવકર પીણછે મનમાં વીચારો—ટેક.
જાપતો અતીશે મુકયોછે ભારી, ડાંગા દેવોની ચોકીછે ભારી;
જરા રાજાને મલેજ બારી, જો પકડાયતો દુઃખ થાય ભારી—પ્રીતમ.

એજ રાગે.

શાહજાદો—માનું નહી હું વાત તારી, પ્યારી મુજને ઉડાવે ભારી;
વાત સઘલી સમજો સારી, શાબાસ તદબીર જોઇ મે તારી—પ્રીતમ.
હું ધારૂં છું મનમા એવું, કોઈ સાથ બુરૂ કામ કરશે તું કેવું;
ફકડ દેવનું નામ તારે લેવું, તે થકી મુજને આમ ઉડાવે—પ્રીતમ.

(ઘરસે ઇહાં કોણ ખુદાકે લીએ લાયા મુજકુ.) એ રાગે.

સબજપરી—જાની મારા તમે વીચારીને વાત કરો,
ખોટા ખોટા બુરાઓ મનમાં તમે નહી ધરો;
દેવથી નીચ કામ કરવું હતું જો મારે,
રંજ કરી એંચી બોલાવત શું કામ તારે;
તુજપર ઓવારૂં દેવ મારા તે દાસછે,
શું જાની તમે સમજો, ખોટી ખોટી વાતછે.

શાહજાદો—હશે તારે મને કેમ લઈ જાતી નથી,
અરજ ગુજારૂ હું કયારનો તમને મથી;
ઇંદર સભા જોવી, નાચ રંગ રાગમાં,
કીસમત મારૂં કયારે! દાવ આવ્યો હાથમાં;
લઈ જાજો પ્યારી કાલાવાલા બહુ કરૂં,
ના કેશેતો પ્યારી જીવથી આખર મરૂં.

સબજપરી—બેર માનો નહી સારૂ થશે નહી જાની,
ખુલુ સમજાવતા વાત મારી નહી માની;
ચાલો તેડી જાઉં, પણ બોલતા ચાલતા નહી,
ગમે તેવી મજા જોઇ, મુખ મલકાવતા નહી.
(સબ્જપરી હાથ પકડીને લઇ જાયછે.)

——0:0——

અંક બીજો. પરવેશ પેહેલો.

(ઇંદિરની દરબાર ભરાઇછે ત્યાં સબ્જપરી શાહજાદાને લઇ ખુણામાં છુપાવી બેસાડેછે ને ગાયછે.)

(જુવો પેલી ચંપેલી) એ રાગ.

સબજપરી—થઇછે ખુશાલી આણંદની હેલી,
મલ્યા કામદારો સભા થઇ ભેલી;
થાઠ માઠ ન્યાલ્યો કેવી કંઇ મચેલી,
હુંતો હોંસે આવી અંહીં, છંઉ છંઉ છંઉ.
છુમ છુમ છુમ, ગુગર કંઇ વાજે,
સારંગી સીતાર કંઇ નરઘાનો થાયે નાદે;
થઇ થઇ થઇ થઇ આણંદ મનને લાગે,
ખુશબખતીની વાત શી કહું કહું કહું.
(થઇ કેવીરે વફાદારી.) એ રાગ.

સબજપરી—મને ઉમંગ આવ્યો ભારી, જાગી રાત હુંતો સારી—ટેક
સખી સાહેલી સાથે આવીછે, સાથેછે ઉસ્તાદ;
આનંદીછે દરબાર, દેવદેદાર, સભા સુખીઆરી—મને.
જોબન મારૂં કરે ઉછાલા, દીલદાર પ્રીતમગાર;
આ વસંત રૂતુના બાહાર, ગજરા ફુલહાર, ચુટે ફુલ માલી—મને.

દીલ ધડકેછે, કાયા કંપેછે, ઓચીંતું એમ કેમ થાયે;
રજા આપો ઇંદર માહારાજ, ઝલકેછે તાજ, કરો સુખી
આરી—મને.

(લાલદેવ ગુસ્સામાં ઉઠી પગ અફાલી ચોતરફ ફરીને જુવેછે પણ કંઈ જણાતું નથી પણ માણસની વાસ આવેછે તેથી રાજાકને પગ થોકી ધુટણીએ બેશી અરજ કરેછે.)

(નકર લાલદેવ ઈસતરાકે કલામ.) એ રાગે.

લાલદેવ—માહારાજ દરબારમાં આવે બહુ વાસ,
આદમી કોઈ આવ્યો, સભા અંદર ખાસ;
સંતાયોછે કંયા ? તે જણાતો નથી,
બહુ સોરમ આવે, બોલું હુંમથી.

(કામણ દીસેછે અલબેલા તારી આંખમારે.) એ રાગે.

સબજપરી—એશુંવદે લાલદેવ, આ સભાના બાહારમાંરે
સભાના બાહારમાંરે, રેહેજે ભારમારે—ટેક.
આડી ચુગલી હમેશ કરેછે, ઉતુતુતુ માથે ધરેછે;
ઈશ્વર ખાતર નહી દરેછે, કરી વીચારમાંરે—એશું.
નીચ તુંછે હરામખોર, મુજ હાથે આવજે તું ચોર;
બતાવીસ હું જોર, તોર જરાવારમારે—એશું.

ઈંદર રાજા—(ગુસ્સામાં લાલદેવને પુછેછે.)

રોલાવૃત.

શું બકેછે દેવ, ટેવ તનેછે નઠારી;
પરીથી કરે પંચાત, આ સભામાં ભારી.
કહીદે સાચી વાત, પંચાત ખોટી છોડ;
આદમીનું શું કામ, આમ તું સાચું બોલ.
ઝટ પકડીને લાવ, આવતું મારી પાસે;
દીલ મારૂ બેકરાર, જીવ મારો થયો ઉદાસે.

(નકર લાલદેવ ઇસ્તિરાંકે કલામ.) એ રાગે.

લાલદેવ—અરે નફ્ટ નીરલજ આવ્યો અહીં કેમ;
સાચે સાચુ બોલ એહા ગોધિમ.
કહીદે ખરૂં—તેડી લાવ્યુંછે કોણ;
કેહેવાયછે કે આદમ જાતછે મોમ.
પરીપર આશક થયો કમબખ્ત;
આજ સ્વાદ ચખાડે રાજા સખત.

(લાલદેવ શાહજાદાને ખેંચી રાજા ઇંદર પાસે
લાવેછે અને અરજ કરેછે.)

એજ રાગે.

લાલદેવ—પકડી ચંડાલ લાવ્યો હું દરબારમાં;
પરીનો પ્યારો એછે ઘરબારમાં.
હુકમ આપનો મેં બજાવીઓ;
ગારી માર આદમ તેડી લાવ્યો.
મુજીને સખત શીક્ષા કીજીએ;
હરામખોરીપર દયા નહી લીજીએ.

(ઇંદર રાજા શાહજાદાને સભામાં આવવાનું કારણ પુછેછે.)

(ઘરસે ઇયાં કોણ ખોદાકે લીએ લાયા મુજકુ.) એ રાગે.

ઇંદર—અલ્યા મનુષ્ય તું સભા મારીમાં આવ્યો:
શું નામ ધરાવે, કોને તને તેડાવ્યો.
સુખી થવું હોયતો—સાચી હકીકત જણાવ;
નહીતો ભોગ સમજજે, નીશ્ચે જાસે પ્રાણ.
શરમ આવી નહી તુંને, આવતાં દરબારે;
ભંગાણ કરી તેં સભા, શું તું વીચારે.

(શાહજાદો રાજા ઇંદરને અરજ કરેછે.)

ઓખા હરણના રાગે.

શાહુજાદો—અપરાધી છઉં રાજા તમારો, વાત કહુંછું તે મારી સ્વીકારો.

મને તેડી લાવી પેલી પરી, સબ્જ બેઠીછે તે જાણો ખરી.
માફ કરો રાજા ધીરાજ, ગુનો મહારો નથી ઇંદ્ર માહારાજ.
આશક થઈ મને ઘેર છોડાવ્યું, મારૂં સરવસ ધુળ કરાવ્યું.
સાંભલ્યું છો આપ અદલ ઇનસાફી, મેહેર કરી મને બક્ષો માફી.

(રાજા ઇંદર સબ્જ પરીને બોલાવીને તેને ઠપકો આપેછે.)

(માર મુવા મારરે.) એ રાગે.

ઇંદર—આવ આવ ઓ સબ્જપરી, લુચી ઠગારી ખરી—ટેક.

અવીચારી બેહયા, બહુ વ્યભીચારી,
થુઃ તારી જાત તેં બગાડી—લુચી.
આદમપર મોહી, સુધ તારી ખોઈ,
બોઈ તું બેશરમ થતી નારી—લુચી.
દુરજા અહીંથી, કર તારૂં કાલું,
બતાવ નહી શીકલ તારી—લુચી.

(સબ્જપરી જાયછે.)

લાવણી.

(ચાલો જઈએ દરશણ કરવા.) એ રાગે.

ઇંદર—લાલદેવ મારા રંગીલા, પકડો તમે એ આદમીને;
અંધારામાં કેદ કરોની, આપણા કોટની સરીલ.
અધર રાખો કુવા ઉપર, સબજ પરીને દુર કરો;
રંગમાં ભંગ કીધો એ રાંડે, બલ્યો એ કરતી મુજરો.

—:o:—

પરવેશ બીજો. (રસ્તો.)

(જોગણ ગાયછે અને કાલો દેવ ખુણામાં ઉભો રહી સાંભલેછે.)

ગજલ.

(ગઇ એક બે એકનો હવા પલટ.) એ રાગે.

સબજપરી—દીલદાર દરશણ દો મને, જોગણ બની હું કારમી;
કયાં જાઉં ઢુંઢું હું તમને, નીકલીછઉં સવારની—ટેક.
તમ માટે ભભુત લગાવીછે, ખબર કોઇએ બતાવીછે;
તેથી અહીં એકલી આવીછે, જગકરતા થઈ જાવો પાં
સરા—દીલદાર.
પગે કાંટા વાગે કારમાં, મારૂં જોબન જાએ બાહારમાં;
રાખચોલી ફરૂં સવારમાં, જાની જલદી મલો જુગતીએ-
દીલદાર.
ચેરો મારો ચુંથાઈ ગયો, ખાગ પ્રીતમનો વીયોગસહયો;
દુષ્ટ દેવ દુસ્મન તું થયો, કરપીણે વીખુતા પાડીઆ—
દીલદાર.

મરસીયો.

(થયો સીતમ થયો સીતમ.) એ રાગે.

સબજપરી—લો ખબર લો ખબર, દુઃખેછે મારૂં બહુ સર;
આવેછે મને તમર, વીઓગે દુઃખીઆરીછું—ટેક.
દીલદાર દીલદાર—આવી અમૃત ચખાડ;
દાસીમાને બહુ બહુ પાડ, હું અહીં બહુ રીબાઉછું—લો.
બાવરી બની હું ફરૂં, ધીરજ કેટલી ધરૂં;
જાની આપઘાત કરૂં, મરવા હું તૈયારછું—લો.

——o:o——

પરવેશ તરીજો. (ઈંદરની દરબાર.)

(કાલો દેવ ઇંદર રાજા આગલ જોગણના વખાણ કરેછે.)

(કહું કયા કુલકકા સતાયા હુંમે) એ રાગે.

કાલોદેવ—માહારાજા ખુશીની ખબર લાવીઓ;
આપ માટે હું તો અહીઆં આવીઓ—ટેક.
જોગણ અભધુત એક મેં દીઠી;
રાગદારી સારી, વાણી લાગે મીઠી—માહારાજા.
ભભુત લગાવી, પણછે માધુરી;
ગાએન કળામાં છે બહું સુરી—માહારાજા.
ચતુરનાર એ, કરે બહુ ચાતુરી;
નાચ કળામાં જણાય પુરી—માહારાજા.

(ઇંદર રાજા આશ્ચર્ય થઈને જોગણને બોલાવવાનો કાલાદેવને હુકમ કરેછે.)

(બદલ ગયો નેણારે.) એ રાગે.

ઈંદર—જલદી તેડી લાવોરે, જલદી તેડી લાવોરે;
જોગણ બોલાવો, જોગણ બોલાવો—ટેક.
સાખી—ઝટપટ દેવ જઈ કરી, લાવોની દરબાર;
ગમત એની સાંભલું, હશે ખુબીદાર—જલદી.
સાખી—સોખીન છઊં હું રાગનો, વલી તે સાથે નાચ;
સમજાવી તેડી લાવની, ખુબી માગી કંઈ વાંચ—જલદી.

—o:o:o—

પરવેશ ચોથો. (જંગલનો રસ્તો.)

(કાલોદેવ જોગણને દરબારમાં તેડી લાવવાને સમજાવેછે.)

(અરે લાલદેવ ઈસતરાંકે કલામ.) એ રાગે.

કાલોદેવ—અભભુત દીસે સ્વરૂપ કારમી કાયા,

જગકરતાની કંઈ અજબ દીસે માયા.
જોગણ તમને કરે યાદ ઈંદર માહારાજા,
મળવાને આતુર ઘણા ફુંક્યા વાજા.
ગાએનનો શોખી રાજા અમારો બહું,
દળદર ફીટસે તમારૂં હવે સઉ.
સખીદીલ રાયનું જે માગશો તે આપે,
ન્યાલ કરી નાખશે, લ્હેરી પરતાપે.

(જોગણ કાલાદેવને જવાબ આપેછે.)

ભૈરવીની ગજલ.

જોગણ—ઈંદર સાથે શું કામછે, જા હું તો નહીં આવું;
જા હું તો નહી આવું, જા હું તો નહી આવું—ટેક.
ફકીરને પરવા સીછે, ઓ હબસી દેવ;
ખુસામતખોર દુરથા, બુરી તારી ટેવ—ઇંદર.
ઉમેદ મારેછે નહી, ઘેર બહુછે ખજાનો;
ભોગીને હોય મોજ મજા, ફકીરને સાનો—ઈંદર.
પેર પણ હરકત શીછે, ચાલ હું આવું;
પરવા મારે છે નહી, પણ નાચું ને ગાઊં—ઈંદર.

——o:0:o——

પરવેશ પાંચમો. (ઈંદરની દરબાર.)

(કાલોદેવ જોગણને સભામાં લઇને આવેછે અને
રાજા ઈંદરને અરજ કરેછે.)

(ઘરસે ઈહાં કોણ ખોદાકે લીએ.) એ રાગે.

કાલોદેવ—માહારાજા ધીરાજ નીઘા કરો, જોગણ આવીછે;
બ્યાબાનમાં રખડતીતી, મારે મનભાવીછે.
જલદી તેડી લાવ્યો, હું તો તમારીકને;
રાગમાં ગુલતાન કરે, પસન કરે બહુ મને.

રાગ તાન સુર, હરેક રીતના એ ગાએછે;
અદાન્યાલી માહારાજ, ખુશી સઉ થાયછે.

(રાજા ઇંદર જોગણને કહેછે.)

(મારી ગઈઆ લચક લચક.) એ રાગે.

ઈંદર—જોગણ તમે તેજસ્વી દીશોછો કંઈ ભારી;
ધારી—સારી સુરત, દીશેછે મુરત જુરત રાગદારી—ટેક.
પ્યાર તમારો કોની સાથે, ફકીર મઉલાછે કુંઈ માથે;
નથી કોઈ પણ સંગાથે—જોગણ.
કયાંથી આવ્યા, કયાં જાવોછો, શું ઉમેદ મનમાં ચાહોછો;
કહી રાહ તમે સાહોછો—જોગણ.

(તારી પ્રીતની લ્હે મને લાગી.) એ રાગે.

જોગણ—હાલત પુછો નહી રાજા મારી, પ્રીતમ જુદાઈ જખમ કારી—ટેક.
ખોલ કરૂં હું, જંગલે જંગલ;
મંગલ થાય જાણે હુંવારી—હાલત.
રાગ સંભલાવું, ખુશીથી ગાણે;
થાઉ ઉમેદ વારી—હાલત.
જેવું તેવું લ્હેરી ગાએન;
ગાણે તેઓની સ્વીકારી—હાલત.

(પીયુંકે ચીત્રબન પ્રીતમ પ્યારે.) એ રાગે.

જોગણ—પ્યારા પતી તમે કયાંરે ગયાછો, દીલ મારૂં બહું ગભરાયેરે—ટેક.
ભટકી ભટકી ખોજ કીધી, પણ પતો મળે નહી તારોરે;
પ્રીતમ તમે વેગે આવી મળોની, દાસીને આપોની દીલાસોરે—પ્યારા.
તન બદન પર રાખો ચોળીછે, વેરાગણ વેસધારીરે;

હાલ આવીને જુવાની મારા, ન્યાલો તમારી પ્યારીરે—
પ્યારા.

(રાજા ખુશી થઇ જોગણને પાનનું બીડું આપેછે
પણ લેતી નથી અને ગાયછે.)

એજ રાગે.

જોગણ—પાન પટીયાને શું કરૂં રાજા, કાથ ચુનાને પ્રીત સારીરે;
બતરીસજણ કરપીણુ થઇ મસલે, પણ રંગ ઉડે ભારીરે-
પ્યારા.

માટે એ મારે નહી જોઇએ, ફકીરને નહી સોભેરે;
જીગર મારો જલી જાયછે, આવી નથી પાનને લોભેરે—
પ્યારા.

(રાજા હાર આપેછે તે પણ લેતી નથી અને ગાયછે.)

પદ.

(ધન્ય ધન્ય ધનકોર સારી ચાલ કાહાડી.) એ રાગે.

જોગણ—માફ કરો માહારાજ, થઇછે મેહેરબાની;
ઉપકાર માનું છું, હાર નહી લેવાની—ટેક.
મુકતા ફળ લઈ શું કરૂં, અમે શાધુ બાવા;
કંઠમાં બીગાજે નહી, હાથે અમારે માળા—માફ.
પ્રીતમના વીયોગ તેથી, દીલમાંછે અંગારા;
કયારે મળશે પ્રાણજીવન, શાહજાદા પ્યારા—માફ.

(રાજા રૂમાલ આપેછે તે પણ લેતી નથી અને ગાયછે.)

એજ રાગે.

જોગણ—રૂમાલ લઈ શું કરૂં, ફકીરને નહી છાજે;
ભગવા વસ્ત્ર જુવો રાજા, અમપર બીરાજે—માફ.
તે કરતા મેહેરબાની હોયતો, વચન મને આપો;
મીથ્યા વચન જાય નહી, કષ્ટ મારૂ કાપો—માફ.

(રાજાએ વચન આપ્યું, અને જોગણે શાહજાદાને
માટે અરજ કરી.)

(હમકુ છાંડ ચલે બન માધુ.) એ રાગે.

જોગણ—મને માહારો શાહજાદો આપો, આપી કષ્ટ મારૂં કાપોરે-
ટેક.

(જોગણનો પોશાક કાહાડી નાખેછે.)

હમેશનો એ દીલદાર મારો, રીબાયછે રાજાજીરે;
મેહેર લ્હેર લાવી સ્વાધીન કરોની, અરજ મારી ઉરલા
વોરે—મને.

વાર હવે લગાડો નહીરે રાજાજી, મુજ પ્રીતમ બોલાવોરે;
વચન મીથ્યા નથીરે જવાનું, લ્હેરી ધાર્યું થવાનુરે-મને.

(લાલદેવ પછાડા મારેછે, અને રાજા લાલદેવને કહેછે.)

(અરે લાલદેવ ઇસતરાંકે કલાગ.) એ રાગે.

ઈંદર—લાલદેવ દગો થયો અહીંઆજ, જોગણે મારી લીધીછે લાજ;
ખરેખાત સબ્જપરી દગલબાજ, જાદુ કરી છેતર્યો નક્રી
કરી વાજ;

માટે જલદી જઈ શાહજાદાને લાવ, હવાલે કરની અને લઇ આવ;
આપીએ નહીતો બેવચન કેહેવાય, જગતમાં આપણી હાંસીરે થાય.

(લાલદેવ શાહજાદાને લઇને આવેછે અને શાહજાદો સબ્જપરીને
ભેટેછે અને પોત પોતાની જુદાઇનો હેવાલ કહેછે.)

(પીલદારૂડી.) એ રાગે.

સબજપરી—પ્રીતમ પ્યારા પાછા મલ્યા, પરમેશ્વરનો પાડ;
પરમેશ્વરનો પાડ, પ્યારા પરમેશ્વરનો પાડ—ટેક.

શાહજાદો—કેસ કેમ ઉડે દીલ, દીસે રાખોડી;
હાય આતે શું થયું, ફીક્રીછે જોડી--પરમેશ્વર.

સબજપરી—થવાનું તે થઇ ગયું, કરવો નહી ગમ;
મારી તારી દુર દશા, બેર ગઈ પ્રીતમ—પરમેશ્વર.

શાહજાદો—રાજા ગુસ્સે બહુ થયાતા, મનાયા પ્યારા કેમ;
પ્રથમ મને તે જણાવો, પુછું તમને એમ—પરમેશ્વર.
સબજપરી—જોગણ જુગતીએ હું બની, રાજા કીધો ગુલતાન;
વચન તેનું લઇ કરી, થઈ પછી મસ્તાન—પરમેશ્વર.
શાહજાદો—તાલ તેતો ઠીક કીધો, ઓ સબજપરી;
પ્રાણ પ્યારી ઠીક બારી, હીકમત ખુબ ધરી—પરમેશ્વર.
સબજપરી—દુશ્મન દેવ દુર થયા, કાળા મોડાના;
સ્વતંત્ર રહીશું આપણ, લગન કરવાના—પરમેશ્વર.
(ઇંદર રાજા બનેનો હસ્ત મેલાપ કરેછે અને
સઘલી પરીઓ સાથે ગાયછે.)
(દર હાલે યાર દીલમાં નોધીલો.) એ રાગે.

બધાઓ—મલ્યાછે પ્રીતમને પ્યારી,
સબજપરી શાહજાદો,
જુગતે જુગતી બની વાત,
સજ્જન જુવો ખરેખાત, (બે વખત.)
આ પ્યારની નીશાની—ટેક.
મુબારક આપીએ અમે સઉ,
અવીચળ જોડું રેહેજો,
ધનધનછે ઇંદર માહારાજ,
આપ કરોછો આવા કાજ. (બે વખત.)
આ પ્યારની નીશાની—મલ્યા.
હાસ્ય રસનો આપ્યો ચીતાર,
સજ્જન વાંચનાર વીચાર,
સમજી મનમાં કરજો ખ્યાલ,
લહેરી રીજવે એટલું હાલ, (બે વખત.)
આ પ્યારની નીશાની—મલ્યા.

રચનાર
રા. રા. અમરતલાલ નારણદાશ લહેરી.

સુદામાં નાટકની અંદર આવેલા ગાયનો.

——o:o——

રચનાર. રા. રા. ભાઈશંકર નાનાભાઈ

——o:o——

મંગળાચરણ.

આખી મંડલી—પ્રભુજી દીનપર દયા કરો,
પ્રભુજી અન્ન વિના ન રાખો કોઈ કુટુંબને.
ન કદિ કોને પિડિત થવા દો પ્રભુજી,
તમે દીનપર દયા કરો.
દાંત આપો તેને ખાવા આપી દુઃખ કાપો,
તોય અધિરા થઈ વિનતી કરીએ.
પ્રભુજી દિનપર દયા કરો.

——•——

શાર્દૂલવિક્રિડિતમ.

વિદુષક—લાડુ ઘેબર ઢોકળાં દહિં વડી ખાંજાં જલેબિ કઢી,
ઉનોકૂર કમોદનો ઝટ કરો ખાઈ હું કાઢું હઠી;
મંમં જો ન મળેજ એવું મુજને-જાવું હું ઝટ સાસરે,
મન ગમતાં મિષ્ટાન્ન માલ મલીદા મારૂં ખાઈ ખાસડે.

——o:o——

ભીલો—કાપને કોઠે આમશું હાંકે, હાંફતા ઢીલા થાયરે,
હોરે મોગલા, ભલુ ભજાડયું નામને.
ઢબરાં આવ્યાં ચઉદને હાથે, ડુંગળી ડચકાં ખારરે,
હોરે હોમલા, તેનું ચઢયું હુર તુજને.

છાશ પેંશ ઉકાળેલી ઝાડી, દાથરીઓ દહ વીહરે,
હોરે પોમલા, તો એવ ગોવે શું મુજને.
જારનો જુગતે પુંખમેં શીરયો, મહળયો મારે હાથરે,
હોરે હોમલા, આજો ઉડયા ફોલ્લા મને.

—0:0:0—

રૂષિપત્નિ પોતાના સ્વામી સાંદીપની આગળ પોતાના બાળકના વીયોગથી શોક કરેછે.

(સિતાજીના મહીનાનો રાગ.)

રૂષિપત્નિ—સ્વામી શું કરૂં ધનને ધાગ, બાલકવણ બાળ્યું બધું,
મારી કલેજી બળી ગઈ કાય, એથી દુઃખ શું વધુ ?
રૂડાં બાળક રમતાં જોઈ, પાડોશણ પાસ હું,
તર્ત યાદ આવે મારો તંન, ઉભી હું બળી મરૂં.
(રડીને) એથી મરણ ભલું મારા નાથ, બળીયું મારૂં જીવવું,
જાણું જઈ પડું સાગર માહય, બાળકડાને જઈ મલું.
મારે કૃષ્ણની પાસે આપ, માનીને મારૂં કહયું,
માગો બાળક મારા નાથ, સંકટ ન જાય સહયું.
(હાથ જોડીને) હું કરગરી વાર હજાર, વ્હાલા મારી વિનતી,
કરૂણા કરીને ધરજો કાન, રાખીને રૂડી મતી.

—:0:—

રૂષિપત્નિ, સાંદીપની, કૃષ્ણ, બળદેવ એ બધાઓ સાથે ગાયછે.

લાવણી.

ધરી હામ કરીઆ કામ, રાખીયું નામ કૃષ્ણ સુખદાતા,
તુજ કૃપા થકી એ કષ્ણ, થઇ સુખ સાતા;
નિજ ગુરૂ તણી આ સેવ, કીધી તતએવ, કરે જે દેવ,
તેવી તેં કીધી,

કરી ગુરૂ ઘણા પ્રસન્ન, સાધીછે સિદ્ધિ;
રહો સુખી સમર્થ એ ભ્રાત, કરી આ વાત, થઈ વિખ્યાત, જગત બાંધામરે
તુજ સમો નહી કોઈ વીર વસ્યો વસુધાગાં;
ગ્રહી તમતણો ઉપકાર, જેનો નહીં પાર, અમે આ વાર, કરગરી કહીએ,
રહો નવે ખંડમાં નામ આશિશ દઈએ.

સુદામા તથા સુશીલા મહાવીલાપ કરી ઈશ્વરની પ્રાર્થના કરેછે.

વ્હારે વળજોરે વિઠલા, હરિ હવે હદ થઈ દીનાનાથ;
સાહય કરોનેરે શાંમળા, વિનતી કરીએ જોડી હાથ—વ્હારે.
અન્ન વિના તોરે એ પ્રભુજી, જીવન જાશે જીવડો જાંણ,
ભુખના દુઃખથીરે ભૂધરા, થાશે હાણ વળીને ઘાણ—વ્હારે.
ત્રણ દીવસનાંરે ત્રીકમા, છીએ દાતણ ભેર દયાળ,
દુખડાં વેઠાંરે દોહ્યલાં, પ્રભુવણમોતે કરીએ કાળ—વ્હારે.
કોટી ગુન્હા જે હોય અમે કર્યા, એ હરિ માફ કરી માહારાજ.
ઉગરવા માધવરે મોતથી અમને મેળવો આજ અનાજ-વ્હારે.
જગના ભર્તારે ભૂધરા, રાખી અવર તણી નવ આશ,
આશા રાખીરે આપની, કર્ગરી કહે સુદામો દાસ—વ્હારે.

સુશીલાનો પુત્ર મુર્છાગત થઈ તેણીના ખોળામાં પડેછે તેથી વીલાપ કરેછે.

લલીતછંદ.

કઠણ ઓ પ્રભૂ આમ શું થયાં, દિલ ધરી નહી કેમરે દયા ?
અરર બાળઆ, બાપડાં હવે, ભુખતણી પિડ કેમરે જીવે ?

દિવસ બેતણી બાંધરે પણ, નહી મલ્યાં અરે અન્નો કણ,
હૃદય માહરૂં ફાટિજાયછે, દુખડું દેખી આ પ્રાણ જાયછે.
(છોકરાને કોટે વળગીને.
અરર બાળ આ ભૂખથી અરે, વગર મોતથી રીબાને મરે,
धिक હું માતની કુખમાં અરે, જનમિ દુખિયારે થયાં તમે;
હદ થઇ પ્રભૂ આણ કાળરે, હરિ ન ઉગરે મુજ બાળરે,
નથિ નથી થતું કષ્ટ નાથરે, સહન આ હવે પ્રાણનાથરે.

——o——

(સુદમાના છોકરા ગાયછે.)

પદ.

પ્રભુ ભવસાગર પાર ઉતારો, હરિ હાથ ગ્રહીને અમારો-પ્રભુ-ટેક.
વૈકુંઠવાસી, ઓ અવિનાશી, સંકટ સર્વે નીવારો;
આધિ વ્યાધિ ઉપાધિ ટાળી, પાપના પુંજ વિદારો—પ્રભુ.
સૃષ્ટીનાં સહુ સુખનાં સાધન, સ્નેહેનું સૃજનારો;
જગતમાં લિલા લેહેર થવાનું, વરસાદ વરસાવનારો—પ્રભુ.
સુખ દુઃખમાં અવિનાશી અમને, આધાર સર્વે તારો;
કર જોડી હરિ કરગરી કહીએ, દારૂણ દુઃખથી ઉગારો—પ્રભુ.

——o:o——

(રાગ વણઝારાનો.)

સુશીલા—સંકટ સેહેવું આ ક્યાં સુધી સ્વામિ નાથરે,
જુવો વિચારી વ્હાલા આપ કહું જોડી હાથરે;
સુદામા—દુઃખઆ દોહયલાં વેઠવાં પ્રિયા પ્યારીરે,
સૃજ્યાં હશે આ ભવ માહય સહો ધીરધારીરે; ૧
સુશીલા—વસ્ત્ર પખાલ્યાં મેં પારકાં સ્વામીનાથરે,
ભિક્ષા માગી મેં ભટકી નાથ કહું જોડી હાથરે;

સુદામા—દુકૃતવણુ એ દોહયલાં પ્રિયા પ્યારીરે,
નાવ દુર દશાના દીન રહો ધીર ધારીરે. ૨
સુશીલા—હવે અન્ન મલે નવ આટલું સ્વામી નાથરે,
ભિક્ષા માંહી મને તલભાર કહું જોડી હાથરે;
સુદામા—ભુખ્યાંને ભોજન ન આપ્યાં હશે પ્રીયા પ્યારી,
ત્યારે આરોગીએ કયાંથી અન, રહો ધીરધારીરે. ૩
સુશીલા—નાત જાતમાં જો કદી સ્વામી નાથરે,
વાયે ઉડી જાશે વાત કહું જોડી હાથરે;
તોતો તોલ તમારા ઘર તણો સ્વામી નાથરે,
થશે ઘેર ઘેર વાતને ઘાટ કહું જોડી હાથરે. ૪
છૈયાં છોરૂં કો નહીં વરે સ્વામી નાથરે,
ન આપે ન લે કન્યાય કહું જોડી હાથરે;
માટે ગૃહસ્થા શ્રીમની રીતને સ્વામી નાથરે,
અહી માનો મારી વાત કહું જોડી હાથરે. ૫

—o:o:o—

રાગ ઓખા હરણ.

સુદામા—આતે ઈંદ્ર પુરી કે સ્વર્ગ, નહીં દીન્હુના ધિક વર્ગ;
કંચનમય આ ઊંચા અવાસ, નહીં દીસે દરિદ્રિનો વાસ
માર્ગ સ્ફાટીકનાછે કરેલા, જાણે મોતીએ ચોક પુરેલા;
ચળકે કનક સમો આકોટ, દીસે રીતિ સિદ્ધોની ઓટ.
આવી સ્વર્ગ પુરીનો તું સ્વામી, કૃષ્ણ તારે નહીં કંઈ
આમી
મારેતો રેહેવાને ઝુંપડી, કરમાં જેષ્ટીકાને તુમડી.
મારા પગમાં મળે નહી જોડા, તારા કિંકર કુદાવેછે ઘોડા;
મારે પેહેરવા નહી પટકુળ, તું તો પાળેયાદવનું કુળ.
ઉભાં હશે અનુચર દ્વારે, વેશઆ જોઈ ધકકે મારે;
મારી ખબર કોણ જઈ કેહેશે, જોઈ દુર્બળ ન પેસવાદેસે;

દુઃખ સરજ્યાં હશે આપડવાં, અહીં આવી હવે શાં ડરવાં;
મિત્ર કૃષ્ણછે દીન દયાળ, તે શું લેશે ન મારી સંભાલ.

—:o:—

ગરબી.

રાણીઓ—પ્રિતમ તારી પ્રિતડીવણ અમે કયમ કરી અહીં રહીએ;
મન મોહન તારૂં મન ન હોયતો મહીઅરીએ જઈ રહીએ;
મનનો મેલ મુકી કોહો, કર્યો હોય વાંક અમેતો;
વાલમજી કાંઇ તમારો, વગોવો ન જનમારો. ૧

કૃષ્ણ—અરે પ્યારી કામણગારી, કેવી કરોછો વાત;
મોહ પમાડી થાય ઠગારી, નારી તમારી જાત;
થઇને કાલાં ઘેલાં, એવાંછો મનમાં મેલાં,
દીઠા મહિઅરિઆં સેહેલા, પધારો વ્હેલાં વ્હેલાં. ૨

વિદુષક—પ્રથમ પ્રિતમ પ્રિત બાંધીશું, છળ કરીછે તરવા,
જાન જોડી વરણાગીઆ થઇને, શું દોડયાતા વરવા;
કાંન્ડ કામણગારા, બળયા આ ઢંગ તમારા,
કરીને ઢોંગ ધુતારા, ઠગો શું થઈ નઠારા. ૩

રાણીઓ—પ્રાણજીવન પાતળીઓ પ્રિતમ, વાંકાંશું વદીવેણ,
સાથે વીદુષક—વગોવોછો વાટે ઘાટે, વિના લેણને દેણ;
છબીલા એશા ચાળા, થઇ છળ ભેદવાળા,
રાણી—જોઈ લક્ષણ તમારાં, અમે મહીઅર જનારાં. ૪

—o:o—

શ્રી કૃષ્ણ, રૂક્ષ્મણી, સત્યાભામા અને જાંબુવતી
તથા સુદામાં ગાયછે.

(મીરાંનું) પદ.

તુજબીન મારી કોણ ખબરલે, ગોવરધન ગીરધારીરે—ટેક.
મોર મુકુટ પિતાંબર સોહે, કુંડળકી છબી ન્યારીરે—તુંજબીન.

બત્રીસભામે દ્રૌપદીઠારી, રાખો લાજ હમારીરે—તું જગ્જીન.
હરિવરહે પ્રભુ ગીરધર નાગર, ચરનકમલ બલીહારીરે—તું જગ્જીન.

—o—

શ્રી કૃષ્ણ ઊઠેછે અને રાણીઓ વિદાયગીરિનું ગીત ગાયછે.

કરી કૃપા સુદામા આપ, મેહેર કરી ગલજો,
અમપર સખી રૂડો ભાવ, વળી વ્હેલા મળજો—ટેક.
દયા નિધિ તમે દયા કરીને, દર્શન દેજો અમનેરે,
સ્નેહ હમારું સ્મરણ કરીને, કરગરી કહીએ તમને-મેહેર.
સુખ સાતાની ખબર કાવજો, જતન જાતના કરજોરે,
ભીડ પડયેથી ભાઈ અમારાં, દુખડાં હૈયે ધરજો—મેહેર.
અપસમિપે રેહેવા કેરી, વૃત્તિ આપ આદરજોરે,
આપ અમારૂં બોલ્યું ચાલ્યું માફ અમને કરજો—મેહેર.

(બદગયો નયણારે.) એ રાગે.

આસરા—પરમેશછે ગહન ગતી તારીરે,
જળ ત્યાં સ્થળને સ્થળ જળ થાએ;
છે ગોઠવણી ભારી—ગહન—ટેક.
રંક બને રાય, રાય બને રંક પંડિતની મતિહારી—ગહન
ત્યાગ રહીને રચના રચવેછે કૃતિ તારીન્યારી—ગહન.

—o:o—

રાગ કાલીંગડો.

સર્વસાથે—સગપણ સાચું સ્નેહીજમાં, સગપણ, સગપણ.
કૃષ્ણસુદામા, સ્નેહી હતાતો; શમી વિશમ વેદના—સગ. ૧
દયાનીધીએ, દળદર દળવા; ગંદુળ કરી ગણના—સગ. ૨
સ્નેહી સરખાનો, સ્નેહ હતોતો, સંકટ થયું સૌફના-સગ. ૩
દુઃસહ દુઃખમાં, દાઝ જાણતે; કોણ કહો તેવના-સગ. ૪

બિજાબધા વણ, ચલણનું ચાલશે, નહી નહી ચાલે એવ
ના—સગ. ૫

મૈત્રી કરોતા, એવીજ કરજો; જીવ ટકે નહી જેવના—
સગ. ૬

આજ સુદામાં, નાટક જોઈ; ગાવ ગુણી ગુણ કૃષ્ણના—
સગ. ૭

જય જય જય, શ્રી કૃષ્ણ જય જય, જયકારી સજન
ના—સગ. ૮

રચનાર
રા. રા. ભાઈશંકર નાનાભાઈ.

ઓખા હરણનો ગાયનરૂપી ઓપેરા.

———o:o———

ત્રણ અંકમાં.

———o———

અંક પેહેલો. પરવેશ પેહેલો.

(સ્થલ. રસ્તો.)

(બાણાસુરને ગમગીન ચેહેરે જોઇને કૌભાન્ડ કહેછે.)

(ખલકનારે ઓદા આનંદ.) એ રાગે.

કૌભાન્ડ—બાણાસુર બળીનાતન, ફીકર ચીંતા શી તારેમન—ટેક.

ઉપકારમાનો ઇશ્વરછે ધન, નમે આવીને સરવેજન—બાણાસુર.

અફસોસ શું કરો શીછે માયા ? દુઃખી શું કામ કરો કાયા—બાણાસુર.

છત્રપતીછો ચતુર ડાહયા, કેમ જાવોછો તમે વાહયા—બાણાસુર.

જણાય શી પીડા તમને, ઉપાય કરીએ ચેન પડે તમને—બાણાસુર.

એજ રાગે.

બાણાસુર—પ્રધાન સુણો પીડા નથી થઇ, બેચેની સેજ અમસ્તી થઇ—ટેક.

કૌભાન્ડ સુણજો નથી કંઇ જીવ, સંભારવાછે મારે શીવ—પ્રધાન.

રાજ સંભાલજો ડાહયા દાનવ, દુઃખી કોઇ થાય નહી માનવ—પ્રધાન

ગંગાતટે તપ કરવા જાઉં, વરદાન લઇને સુખી હું થાઉં—પ્રધાન

(લુસીનીલ) એ રાગે.

કોભાન્ડ—શું છે તમને ખામી, શું છે તમને ખામી;
બલીયા બાણાસુર કહું, ચર્ણે હું નામી—ટેક.
સોણીતપુરનું રાજ આજ, દુનીઆમાં મશુર;
લેવા તાંકે ઘણા જણા, પણ કાંપેછે અસુર—શું છે.
ગાટે મારા સમ વીચારો, શીવછે તમને સાહે;
પેહેલાદબલીના કુટુંબમાં, તેથી ઇશ તમને ચાહે—શું છે.

(ઇંદર સભાનો રાગ.)

બાણાસુર—ડાહયા દાનવ માનજે, કહું છું સાચી વાત;
તપ કરવાનું મન મને, થયું ખરેખાત.
ચક્ર વર્તિ રાજ કરૂં, સેસ્ત્ર હાથ લઇ;
એ વીના કોભાન્ડ મને, ચેન પડે નહીં,
તેથી હું તો જાઊંછું, તું રેહેજે સમાધાન,
થોડા દીનમાં આવુંછુ, નક્કી તું તો જાણ.

——o:o——

પરવેશ બીજો. (સ્થલ. ગંગાજીનો કીનારો.)

(પોઠીઆ સહીત માહાદેવ, પારવતી આવેછે અને
બાણાસુરને તપ કરતાં જુવેછે.)

ધોળ.

પારવતી—ભોલા ભોલા મહાદેવજી, આ તપ કરે કોજન;
કોણ નામ શું કામ કરે ? કહો મને સાંભળવા મંન-–ટેક.
માહાદેવ—પાતાલે બળીને ચાંપીઓ, તેના સુત બાણાસુર;
રાજપાટ છોડી કરી, આવ્યો આટલે દુર.
પારવતી—ભોલા ભોલારે માહાદેવજી, અસુર અમસ્થો આવે નહી,
શંકર કરો શું વીચાર, ચાલો વાર લગાડો નહી;
નથી કંઈ એમા સાર, ભોલા ભોલા માહાદેવજી.

(ઘરસે હીંયા કોણ બોલાકેલીએ.) એ રાગે.

માહાદેવ—દયા દરશાવો પારવતી, વીચારો મનમા તમે;
કેમ નમેરા થઈ ગયા, દયા લાવો નહી આ સમે—ટેક.
આપુછું હું વરદાન, એને પુત્ર સમાન વાહાલી;
અન પાણી તજ્યું એને, બેઠોછે આસનવાળી—દયા.

લાવણી.

(ગોરી ચલી સાસરે કુરીર કંપી આનાહે.) એ રાગે.

પારવતી—સંભુજી તમે વરદાન આપતાં વીચારો,
પેટે ચોળીને શખ કેમ કરો દુઃખ ભારો;
રાવણને વર આપી કારજ તેનું કીધું,
સતી સીતાને સપડાવી, દુઃખ બહુ દીધું;
ભસ્માસુરને વર આપી, ગયા કેમ ભુલી,
કસરત કરાવી ઠીક, દમી ખુબસુલી;
તે માટે ભોળા તમને, શું અલીસે કહીએ,
દુરીજન દુષ્ટ લોકોથી, દુર ઘણા રહીએ.

એજ રાગે.

માહાદેવ—ઉઠ ઉઠ બાણાસુર જે માગે તે આપું,
બોલીજાની જલદી તું કષ્ટ તારૂં કાપું;
કેમ બોલતો નથી, આંખો ઉગાડી જોની,
જે માગવાની આરત, હોય તે કેહેની.

(બદલ ગયો નેણારે.) એ રાગે.

બાણાસુર—તપ કરવા મારૂં ભંગરે, તપ કરવા મારૂં ભંગરે;
આવ્યોછે કોઈ, આવ્યોછે કોઈ—ટેક.
છલવાનો નથી કોથી હું, અપછરા રંભા હોય;
દગવાનો હું તો નથી, શું કામ વેણુ ખોય—તપ.

બલીરાયનો બેટડો, બાણાસુર મારૂં નામ;
લ્હેરી તપ કરવા હુતો, આવ્યોછું આધામ - તપ.

એજ રાગે.

માહાદેવ—(બાણાસુરને કહેછે.)
જરા તપાસી જોનીરે, જરા તપાસી જોનીરે;
બળીના સંતાનતું, બળીના સંતાનતું—ટેક.
અદભુત તપ કીધું માટે, આવી મુજને દાજ;
ઉમીઆ સહીત આવીયો, કરવા તારૂં કાજ—જરા.

(બાણાસુર આંખો ઉગાડીને જુવેછે ને શરમીંદા
પડેછે ને પગે પડીને ગાએછે.)

(ઈંદર સભાનો રાગ.)

બાણાસુર—માફ કરજો મહાદેવજી, ભુલ થઈછે આજ;
ઈંદરથી હું બીવછું, ઓ પ્રભુ માહારાજ.
માહાદેવ—ફીકર નહી દીકરા, તુંછે ગણેસ સમાન;
જે જોઈએ તે માંગીલે, કરીને મને જાણ.
રાજપાટ દ્રવ્ય આદી, જે જોઈએ તે કેહે;
તતક્ષણ આપુંછું, જેતું માગસે તેહે.

ભૈરવીની ગજલ.

બાણાસુર—સેસ્ત્ર હાથ મને આપો, સીવજી ભોળીઆ;
સીવજી ભોળીઆ, સંભુજી ઓલીઆ—ટેક.
બીજું મારે જોઈએ નહી, એટલું મને આપો;
ઉમેદ બીજી છે નહી, કષ્ટતો કાપો—સેસ્ત્ર.
એક એક હાથે મુકોની, સેસ્ત્ર હાથનું જોર;
લ્હેરી જોઈએ એ મારે, કે થાય સઘલે સોર—સેસ્ત્ર.

(ઈંદર સભાનો રાગ.)

માહાદેવ—મરજી તારી એમછે તો, થશે સેજ હાથ;
મતલબ તારી એવીછે કે ભીડવી સઉથી બાથ.
સરીરપર વડ મીસાલે, ડાળા ફુટસે;
હજાર હજાર હાથ અંગથી લ્હેરી છુટસે.

પરવેશ તરીજો. (જંગલનો દેખાવ.)

(જમીનમાંથી નારદજી તંબુરો લઇને આવેછે અને
નાચતા નાચતા ગાયછે.)

(લુસીનીલ) એ રાગે.

નારદજી—શું કરવું હવે કામ, શું કરવું હવે કામ;
નારદ મારૂં નામ, માટે શું કરવું કામ—ટેક.
બ્રહમા મારા પીતા, બેની સરસ્વતી;
તોફાન મસ્તી પાકી, મને ચેન નાહી થતી—શું કરવું.
બે મીત્રો હોય, તેમાં ભભગવું મરી;
તદપીરે હું વાત કરૂં, માને સઉ ખરી—શું કરવું.
પણ હમણા બીલું બોલું, કોણ મદમાતો;
તપી તેઓ ખુબ જાય, મીજાજ કરે તાતો—શું કરવું.
લ્હેરી મારૂં નામ ખરૂં, જગતમાં મશુર;
જમુગરી સલગાવવામાં, હું છઉં બાહાદુર—શું કરવું.

(ઓખા હરણનો રાગ.)

નારદ—બાણાસુર પાસે પેલા જાવું, કહીસ કે તેં શું કીધું આવું?
લડયો તમામ પણ ન દરાયો, માહાદેવજીનો તારેછે સાયો.
પણ જો માહાદેવ સાથે લડસે, તારી કીરતી અવીચલ કરસે.

પરવેશ ચોથો. (ઈંદરની દરબાર.)

(ઇંદર—અપછરા, અને પાછલથી રૂશીઓ આવેછે.)

(શોકાતુર ચેહેરે ઇંદર રાજા બેઠેલાછે, અને અપછરાઓ ગાએન ગાઈ ખુશ કરેછે પણ ખુશી થતા નથી.)

(બાગી ઠંડી પ્યારી.) એ રાગે.

અપછરા—ઉદાસી શી છે આજ, ઉદાસી શી છે આજ;
ફીકે ચેહેરે કેમ બેઠા ઇંદર માહારાજ—ટેક.
સભા શોકાતુરછે, બેચેની આજે કેમછે;
સઉના મોડા બંધ થયા, એમ કેમછે—ઉદાસી.
નૃત્ય કળા મેં કરી, ગાએનમાં ખુબી ભરી;
ખુશાલી જણાતી નથી, જરી જરી—ઉદાસી.

(બદલ ગયો નેણારે.) એ રાગે.

ઈંદર - અહીંઆથી રંભાજાનીરે, અહીંઆંથી રંભાજાનીરે
બેચેની થઇછે, બેચેની થઇછે—ટેક.
અસુર બાણાસુર, સંતાપેછે બહુ;
સેહસ્ત્ર હાથ આપ્યા, સીવજીને શું કહું—અહીંઆ.
બળ બતાવવા કારણે, આવ્યો મારી પાસ;
બોલીઆ વીચારે નહી, કેછે આ વતીપાત—અહીંઆ.
ગાએનનો ભોગી ગણો, સમજ પ્યારીપરી;
ઉદાસ તે માટે થયાં, વાત માન ખરી—અહીંઆ.

(એટલામાં પોકાર મારતા મારતા રૂશીઓ આવેછે.)

(ખલકનારે બોદા ખાવંદ.) એ રાગે.

રૂશીઓ—શું કરીએ ઇંદર માહારાજ, દયા દઇતને જરા નહી આજ—ટેક.
અસુર કરશે આપણ પર રાજ, સુસોભાવશે માથે તે તાજ—શું કરીએ.

જલદી તમે કરો ઉપાય, ઈશ્વર આપણે તો થસે સાહે—
શું કરીએ.
જુગલ જીવણછે પ્રાણ આધાર, રસ્તો બતાવી ઉતારસે પાર-
શું કરીએ.

એજ રાગે.

ઈંદર—હીમાચલ આપણે ચાલો, તપ કરવા રસ્તો ઝાલો—ટેક.
ત્યાગ કરીએ અન જળ પાણી, સાહે થશે સુણ પાહાણી-
હીમાચલ.

——0:0:0——

અંક બીજો. પરવેશ પેહેલો.

(દરબારની બારી આગળનો રસ્તો.)

(ઢેડો બાણાસુરની બારી આગળથી વાસીદુ વાલેછે.)

પદ.

(વીનતી ધરજો ધ્યાન સજન સૌવીનતી ધરજો ધ્યાન.) એ રાગે.

ઢેડો—ઢેડાનો અવતાર ખોટો, ઓ બાપજી ઢેડાનો અવતાર ખોટો;
ઝાડું કાઢું વણું જોટો ઓ બાપજી ઢેડાનો અવતાર એ
ટો—ટેક.
મલ મુતર હરનીસ કાઢીએછીએ, મનઓ અમારો ખોટો—
ઓ બાપજી.
હાડધુત અમને સઉકો કરેછે, જે તે પકડેછે ટોટો—ઓ બાપજી.

(ઢેડી માથે તોપલો તથા ઝાડુ સાથે પ્રવેશ કરેછે.)

ઢેડી—ચમમુવા હાલકની કચરી મોહોબાનો કચરો કાઢી લીજીએ.

(કે હુંતો ભરવાડન ભોળી.) એ રાગે.

ઢેડી—હુંતો પોહોફાટતાં ઉઠીરે, કેહુંતો પોહો ફાટતાંજ ઉઠી;
સુતી મોડી વેહેલી ઉઠી, તોપણ તે રૂઠી—ટેક.
ઢેડો—હોસે રાંડ, મતબાલા થાંદ, તું લવરી મુકીદે;

કર ઉતાવલ વેલી થા તું પુંજો કાઢીદે;
બાણાસુર રાય જાગશે, જલદી વાલીદે—હું તો.

ઢેડી—ચુપ ચુપ નાવજા શાનો મરની, ગયજીતો જુવે;
વચારીને વેણ કાઢીએ, શું તું તો રૂવે;
ઈફાનજર કરતો નહી, મુખ જોયું મુવે—હું તો.

ઢેડો—(નાકે આંગળી અડકાડી) સુપરે. (ઢેડી બારી તરફ સાવ રણી ધરેછે.)

ઈંદર સભાનો રાગ.

બાણાશુર—અરે ઓ ચંડાલણી, શું કામ કીધું આમ;
સાચે સાચુ બોલીજા નહીતો ડંડું દામ.

ઢેડી—નીચ જાત બાપજી, અમેતો ચંડાલ;
પરોઢીઆનુ અપસકણ અમારૂં છે બાલ.

રાજા—નહી નહી ખોટા બોલી, નીચ જાત ચંડાલ;
ધાણીમાં નાંખી પીલાવું, ફોડાવું કપાલ.

ઢેડો—નહી બાપજી સાચું કહું, ગનો કરોજી માફ;
ગુણવાન આપછોજી, અદલ કરો ઈનસાફ.
નહી જોવું વાંજીઆ મુખ, શાસ્ત્રનોછે લેખ;
સાવરણી તે માટે ધરી કરીને વીવેક.

———0:0———

(ધરસે ઈહાં કોણ ઓદાકે લીએ લાયા મુજકો.) એ રાગે.

રાણી—સ્વાંમીજી મારા તમે, ઉદાસ અહીં કેમ થયા;
ગરીબ ચાંડાલપર, ગુસ્સે આવડા કેમ થયા,

બાણાસુર—લુચ્ચા હરામખોર, વાંજીઆ મેણું મારેછે;
નીચ જાત મનમાં એના શું એ બકબકેછે.

રાણી—માફ કરો પ્રીતમજી એ કહેછે સાચી વાત;
એમાં આપણે કરવી નહી જોઈએ કંઈ પંચાત.
ચાલો હવે મેહેલામાં, દંત ધાવન કરો;
જાઓ હલાલખોર, અહીંથી કંઇ દીસતું કરો.

પરવેશ બીજો. (પારવતીનો મેહેલ.) અથવા કૈલાસનો દેખાવ.

(પારવતી નાવા બેશેછે અને ગણપતી તથા ઓખાને બારણું સાચવવા બેસાડેછે.)

(અલેફસે તું યાદ કર.) એ રાગે.

ગણપતી—માતાજી નાવા બેઠાછે, ચોકી ખુબ કરવી;
આ વલી અહીં કોણ આવે, જોગટો દરવી—ટેક.
ઓખા—ભાઈ બહુ દરામણોછે, એ સાધુ બાવા;
બીક મને બહુ લાગેછે, આવે એ ખાવા—માતાજી.
ગણપતી—ગભરાવો નહી બેન ઓખા, હીંમત મન રાખો;
એ શું ખાઈ જવાનોછે, ગલું એને આપો—માતાજી.
બીઆમણું સ્વરૂપછે પણ, આપણે નહી દરવું;
આવી અહીંઆ શું કરેછે, તે જોયા કરવું—માતાજી.

(સીવજી દાખલ થાયછે.)

ગરબી.

(મેલી ગયા મોહન મથુરાં જઇ કાગળ ન લખ્યો કકડીરે.) એ રાગે.

ગણપતી—ઉભો રહે અલગા જોગીડા, કેમ તું ઘરમા જાયરે;
જાણતો નથી જનેતા મારી, ઘરમાં બેસી નાયરે—ટેક.
અડભંગ જેવો વેસ તારોછે, સરવાંગે રક્ષા ચોલીરે;
જટા વધારી શીસે ભારી, ખભે ભેરવી તેં જોહોળીરે-ઉભો.
કોનું કામ કેહેતો કેમ નથી, જાણે જાણીતો હોયરે;
ફળ હું તુંને એવાં આપું કે, તું તારી નજરે જોયરે—
ઉભો.
ભંગી—જટપટ ઉડી જટા જાલી, એંચ્યા કેશ સીવના શીસેરે;
રખે ભુલતો મનમાં એવું મુજથી બાળક બીસેરે—ઉભો.

(સખી આવેલા કારતગ માસકે.) એ રાગે.

માહાદેવ—અલ્યા કોણછે કેમ ઉભો કજીઆ કરે મુજથી;
કેમ ઉભોછે મારે દવાર, સાંભળવા ચાહું તુજથી—ટેક.
આ ઘર કોનું સંભળાવ, કરી દે વાત ખરી;
નહીતો ઉરાડુ તારૂં શીસ, રીશ મને બહુ ચડી—અલ્યા.

એજ રાગે.

ગણપતી—અલ્યા જોગી ધડપચ કરે, એમાં તારૂં નહી વલે;
મને પુછનારો તું કોણ, કરવું હોય તે કર ભલે—અલ્યા.
અલ્યા ગંડોલ તુંને નહી વીચાર, સંભાલ હવે તું જતી;
પારકા ઘરમાં ઘુસવા જાય, ફીકર તુંને નહી થતી-અલ્યા.

એજ રાગે.

માહાદેવ—અરે બોલ વીચારી બોલ, બોલે બે બાકળા;
મને ચઢીછે અતીશે રીસ, ઉરાડું તારા કાંકરા-અરેબોલ.

(ઇંદિર સભાનો રાગ.)

ભંગી—ક્રોધાયમાંન બહુ થયા, ઉમીયાપતી ઇસ;
ગણપતે જટા એંચી, તેથી ભરાઈ રૂદયે રીશ.
માહાદેવ—ઈયાદ રાખ છોકરા, કરંછું તારો નાશ;
ભંગી—ત્રીસુલ એંચી કાઢયું, જો એનો ચળકાટ.
ગણપતી—બીતો નથી બીતો નથી, અલ્યા સાધુડા;
છપરખાંચા જીવતોજા, કામ તારા કુડાં.
માહાદેવ—ઠીક ઠીક છોકરા, તું બડો હયે પેહેલવાન;
ત્રીસુલે મસ્તક છેદું હું, ઉરાડું સસી ભાન.
ભંગી—ચંદ્ર રથમાં જઇ પડયું, ગણપતીનું શીસ;
શીવ મંદીરમાં ચાલીઆ, લ્હેરી ઉમીયા ઇશ.

(માહાદેવ મંદીરમા જાયછે ને છોકરાને મારી નાખ્યો અને
છોકરીતો નાસી ગઇ એમ પારવતીને કહેછે.)

રાગ આંચણીયા.

(પારવતી ગણપતીનું મુડદું જોઇને રૂદન કરેછે.)

પારવતી—નથીરે રમાડયો, નથીરે જમાડયો બાળ;
આપે આણ્યો કાળરે, મારા ગણપતી.
મુખારવીંદ જોઈ, હરખું હતું મારૂં મન;
શંકરે મારૂં રતનરે, મારા ગણપતી.

——o:o:o——

માહાદેવ—(આશું ઘેલા કાઢેછે એશું તમને છાજેછે.)

એજ રાગે.

પારવતી—અભાગણી થઇ, આપને બીજો નહી જડીયો;
પાનો તમ સાથે પડયોરે—મારા ગણપતી.
ભાંગી છંદી ગુણ તમારા જાણે;
મોકણ માંડી સાનેરે—મારા બાપજી.

——o——

માહાદેવ—(વારૂં હવે પેલી છોકરીને બોલાવ.)

એજ રાગે.

પારવતી—માઇ છોકરી રાંડ મરી ગઇ હોતતો સારૂં
ગણપતી જીવ્યો હોતતો સારૂંરે—મારા ગણપતી.
રંડા કયાંછે તેને તમે બોલી કાઢો;
માઈ રાંડની મોકાણ માંડોરે—મારા માહાદેવજી.

માહાદેવ—(શોક કરેછે.) એજ રાગે.
કયારે હું મોં જોઇશ, ગણપતી મારા બાળા;
સાંભળીસ બોલ તારા કાલારે—મારા ગણપતી.
શું કોપ કીધો લ્હેરી જરા નહી બાધો;
વીજઆએ આંટો લીધો—મારા ગણપતી.

(બાણાસુર પ્રવેશ કરેછે.)

(ગોમતી માત તારે આધારે આવીને પડયાં.) એ રાગે.

બાણાસુર—પીતા માત દુખી થયો હું અતીશે અહીં;
વાંજીઆ મેહેનું નીચ મને મારે—ટેક.
માટે ભોલાનાથ મેહેર કરી પીડા તાલો;
બાળક તમારો કેહેવાશે લોકતો વીચારે;
આપો પુત્ર તમે દીલ દયા ધારી;
હજારોના કષ્ટ કાપો, નહી પડે તમને ભારે—પીતા.

——0:0——

માહાદેવ—નસીબમાં નથી તારે સંતાનનુ સુખ;
પારવતી—માગવા તું કેવું આવ્યો બાણાસુર વારે;
બાણાસુર—લાડ બાલકરે માબાપોને રાજે;
માહાદેવ—ઓખાને લઈ જવાદેની એને તારે—પીતા.

——0——

પરવેશ તરીજો. (રસ્તાનો દેખાવ.)

નારદ પ્રવેશ કરેછે.

(સુંધી આણી ફુળ જાણી.) એ રાગે.

નારદ—કરી તાલ મેં તો હાલ ગજા ખુબ પડસેરે;
સીવ કૃષ્ણ બડે લડાઈ—ટેક.
ઓખા અનીરૂધના લગન થાશે;
પડે માર ઉડે બાહાર અસુરો મરેરે—સીવ.
જેની તેની સાથે બાણ ખેલે હાથે;
કૃષ્ણ કાપે શસ્ત્ર હાથ વડડાલો ચીરેરે—સીવ.

પરવેશ ચોથો. (દેવીનું મંદીર.)

(ઓખા-ચીત્ર લેહા અને રસીકા પ્રવેશ કરેછે તથા પાછળથી બ્રાહ્મણ પણ પુજા કરાવવાને આવેછે.)

(મારારે સ્વામી ઓલોની વાલા.) એ રાગે.

બધાઓ—આલીરે સઉ પુજને જઇએ,
ગોરમા પુંજી સુખી સૌ થઈએ—ટેક.
સખીરે આજ આણંદની હેલી;
ઓખા બેહેન પુજન કરો પેહેલી—આલીરે.
જગત જનેતા ઉમીયા માતા;
સ્વામી સારા માગીએ મદમાતા—આલીરે.
લો હવે પંડયાજી આવીઆ;
પુજનનું સાહીત્ય સઉ લાવીઆ—આલીરે.

(બ્રાહ્મણ માતાની પુજા કરાવેછે.)

નારાચછંદ.

(જુવો પીડાથી જેમ આ પીડાએ પીંડ આપડા.) એ રાગે.

બ્રાહ્મણ—નમો દેવી માહાદેવી, પુજન કરે કન્યા ભાવથી;
ગોરમાનુ વ્રત આદર્યુંછે તમારા પ્રતાપથી.
બલી બાણાસુરની એ કન્યા ઓખા એનું નામછે;
સરસ્વતી કીનારે આપનું આ શુભ ધામછે.

(ઘંટડી વગાડી ચોખા ફુલ ચડાવેછે અને એકાએક પારવતી પ્રગટ થાયછે.)

(નાથ કેસો ગજકો બંધ છોડાયો.) એ રાગે.

પારવતી—પુત્રી ઓખા દીશેછે ચીંતાતુર, તુંને દુઃખ શું દે બાણાસુર—ટેક.

ઓખા—ના મારી માતા, તમારીછે સાતા, ખાણુ લાડ લડાવે બહુ;
યાચવા આવી હું તમ પાસે, સરમાઉ મુખે શું કહું-પુત્રી,
ઓખા—આપથી અજાણ્યુ નથી કંઈ, સ્વામી મને સારો આપો;
જુવાની હવે ખીલવા માંડીછે, ટાલો મારા પરીતાપો-પુત્રી.
પારવતી—ઠીકછે ઠીકછે જા તથાઅસ્તુ ફરીથી વરદાન માંગ;
ઓખા—સ્વામી આપો સલક્ષણો મને, ખીલે નસીબ મારૂં ભા-
ગ—પુત્રી.
પારવતી—તથા હસ્તું હવે ત્રીજીવાર માગ, પુત્રી થઇ જા ન ઘેલી;
ઓખા—આશ નથી બીજા કસાની, મેહેર કરી પરણાવો વેહેલી-
પુત્રી.
પારવતી—મેશરમને મેહયા ઓટી, જા તું ત્રણવાર પણસે,
ઓખા—ત્યારે તો આ માતા કેહેવાય નઠારૂં અપકીરતી સઉજન
ભણસે—પુત્રી.
પારવતી—ત્રણવાર પણસે એકનો એક, સ્વપને પેલછાં ખરેખાત;
જા હવે ઘેર પાધરી સીધી, વીપરીત કરાવી વાત—પુત્રી.
(સઉ જાયછે અને પડદો પડેછે.)

—:o:—

પરવેશ પાંચમો. (સ્થલ, રસ્તો.)

(સીવજી હાથમાં માળા લઈને આવેછે ત્યાં બાણાસુર—
સીવજીના દરશણ કરી લડવાની યાચના કરેછે.)

શ્રાવણ.

બાણાસુર—ભોલા સંભુ માહારાજ, કાજ કરોની માંરૂ;
મગજે ભરાયો તોર, જોર કેમ સમે વારૂં;
જીત્યું મેં તમામ, વાઆમ મેં ખુબ ધુજાવી;
સેસ્ત્ર હાથને જોરે, દોરથી ત્રીલોક ગજાવી;

લડો તમો મુજ સાથ, હાથનું જોર જુવોની;
કર મારા સળવળાય, માટે ઉપાય કરોની;
રમીએ આમસ્થા સેહેજ, કાપો મારા તનની પીડા;
લ્હેરી શું કરો વીચાર, ધારો કે કરીએ ક્રીડા.

(છાંડો લંગરવા સુરખ મારી બાંહીરે.) એ રાગે.

માહાદેવ—(ગુસ્સે થઇ) નપીકરા શાંઢ તને વીચાર નહી જરારે;
વીચાર નહી જરા પાપી, વીચાર નહી જરારે—ટેક.
આપ્યા મેં હાથો, ભીડે મજથી બાથો,
હાથો તારા કપાસેરે, કપાસે કપાસે કપાસેરે,
નફીબાણુ હાથ તારા છેદાસેરે—નપીકરા.

(ફાગણકે દીન ચાર.) એ રાગે.

માહાદેવ—કાપસે તારા હાથ, અઠીલા પુત્રી તારીનો, વડ સસરો તે—કાપસે.
ભુજ બાર જાશે, લડી ખુશી થાસે;
ભીતર બળશે લાય—અરેઓ—અઠીલા.

એજ રાગે.

બાણાસુર—(કરગરીને) રેહેમ કરો માહારાજ, સદાશીવ શંકર ભોળા, જાતેછોં ડોલા—ટેક.
છંઉ હું સુખી, ગદે થઇશ દુઃખી;
શું કરૂં હવે ઉપાય—અરેઓ—સદાશીવ.
માગી હું લઊંછુ, અરજ કરૂંછુ;
દુસમનની થાય જાણ—અરે ઓ—સદાશીવ.
એંધાણી આપો, ઇશ મને સોંપો,
આપો લ્હેરી આ વાર—અરેઓ—સદાશીવ.

ઈંદિર સભાનો રાગ.

માહાદેવ—ધજા તને આપુંછું, તે શેહેર મધે દાતાર;
નંદી તું જાની, ધજા એક લઈ આવ.
આપ બાણાસુરને, એ જયારે બાંગશે;
નકી તું જાણજે, દુસ્મન જાગસે.

—:o:—

પરવેશ છઠો. (બાણાસુરની દરબાર.)

(બાણાસુર સભા ભરીને બેઠોછે ત્યાં વીદુષક આવેછે.)
(આઇ એમ વેરી ગુડ બંગાલી બાબુ.) એ રાગે.

વિદુષક—અમે છઇએ વનના રાજા, નામ મારૂંછે વીદુશક;
કામ ધંધો મોટોછે મારે, જયાં ત્યાં ટકટકને બકબક-ટેક.
હસતાને હસાવુંછું પણ, રડતાને હસાવું બહુ;
આલમ મને સઉ ઓળખેછે, શું ખુબી હું મુખે કહુ-
અમે.

વનના રાજા સાના તાજા નથી માગ તનમા રોગ,
શેહેરમાં જેઓ હમેશ રહેછે, તેના નકી જાણજો ભોગ—
અમે.

એજ રાગે.

બાણાસુર—બકબકારો શું કરેછે, વનચર તારી ઓછી વાત:
મુસ્કેતાંત બંધાવું તને, સમજ ખુબ કમબખત જાત—
અમે.

વિદુષક—રાજા વાજાને મરકટ કંઈ, ત્રણોછે સરખી જાત;
સમજદાર સમજે સેને, છોડોની તમે પંચાત—અમે.

(કોભાન્ડ પ્રવેશ કરેછે.)
(ગુલ ચમનમે બાહ્યુ.) એ રાગે.

કોભાન્ડ—માનતા નથી રાણીજી બહુ સમજાવ્યા,
બારેબાતરાયજી આંસુ આંખમાં આવ્યા.

મેં કીધો અતી વીવેક, રાખીને ટેક, ઠીક સમજાવ્યા;
હઠ કરે અતીશે તેથી આપણે નહી ફાવ્યા.
નાહાની પણ ઓખાબાળ, બહુ સમજાવે;
રાણીજી રડેછે બહુ, બોધ નહી લાવે.

ઝુલ.

મારૂં કંઈ ચાલતું નથી હવે શું કરવું,
હુકમ આપે આપ્યોછે કામ આદરવું,
પામી પીડા દીલ માહી, તોપણ નહી હઠવું,
તદબીર બતાવો તેમ રાયજી કામ કરવું.
સુણનીછે વીપ્રીત વાત, રાય બરેબાત સુડી સોપારી,
બાઈ જવાની કહેછે ના, અમે નહી ફાવ્યા.

(કહું કા કૂલકકા સતાયા હુંમે.)

બાણાસુર—પ્રધાન મારા બુજરોગ થયા, જાઓ તમે રાણીજીથી ગયા—ટેક.
કોહો તમે જઈને હુકમ સખત મારો, મોટા થયા રાણી મનમાં વીચારો—પ્રધાન.
ઓખાનો હાથ પકડી લઈ જાઓ, એક રથમાં મેલે તેને ચઢાવો—પ્રધાન.
પુત્રી તમારી આપો ગમત સારૂં, ચીત્રલેહા એની બેણપણીવારૂ—પ્રધાન.
જાઓ જલદી જઈ એટલું કામ કરી આવો, કામ કરી પછી મને મુખ બતાવો—પ્રધાન.

(જાયછે.)

—o:o—

અંક તરીજો પરવેશ પેહેલો. (સ્થલ, એક દંડીયો મેહેલ.)

ઓખા અને ચીત્રલેહા.

(જળ ભરનેકું જાત જમનાકે.) એ રાગે.

ઓખા—સખી વીરેહનાતાપ થયાછે પરીતાપ
તને આવે તાપ, હવે શું કરવું—ટેક.
જોબન મારૂં મારે ઉછાલા,
હવે પગલું કોહો કેમ ભરવું—સખી.
બાગ ખીલ્યો માળી મલે નહી,
મનમાં હવે ધીર કેમ ધરૂં—સખી.
કળી ખીલી પણ ચુંટનાર નહીં;
કરમાયછે સખી કેમ કરવું—સખી.

ઠુમરી પીલુની.

(ઓ જીમન લુટ ગયો દીલ જાની.) એ રાહ.

ચીત્રલેહા—ધીરજ ધરની ધીરજ ધરની—ટેક.
બની તું ગાંડી, મારી લાડી;
વીચાર આલી—ધીરજ ધરની.
ઉતાવળે આંબા, પાકતા નથી;
સબુરીની ખુબી ભારી—ધીરજ ધરની.
સ્વામી મળશે સારો, શોભીતો રૂપાળો;
વાહલો મળશે આસું નહી ધરની—ધીરજ ધરની.

ભેરવીની ગજલ.

ઓખા—બદન મારૂં બલી જાયછે, ધીર કેમ ધરૂં;
ધીરજ કેમ ધરૂં, સખી કમોતે મરૂં—ટેક.
ભડકા છાતીમાં ઉઠેછે, ધગધગતો અંગાર;
જ્યાર પાણી છાંટે ત્યારે, ઠંડક થાય લગાર—બદન.

શું કીધા પાપ તારા, ઓ દીન દયાળ;
મારે સારૂં ઓટ આવી, પીધુ મને આજ—બદન.
સખી તું શાણી ખરી, પણ છે નકામી;
મારી સાથે તું પણ, દુઃખ અહીં પામી—બદન.

(કનૈઆ જરા બંસી બજાજારે.) એ રાગે.

ચીત્રલેહા—આલી મારી જરા વીચારોરે, રાખો તમે દીલમાન—ટેક.

આગ કરે કામ તમારૂં નહી સરસેરે,
છેક શું બન્યા નાદાન—આલી.
છોકરવાદી, છોડો મારી વાલીરે;
જરા રાખો દીલ શાંત—આલી.
ધીરજના ફળ, મીઠા રસ ભરારે;
મીથ્યા કાચા પાન—આલી.

———0:0:0———

(વારૂ આલો રાત ઘણી ગઇછે માટે પોઢી જઇએ એમ કહી સુઇ જાયછે.)

(સગપણ સાચુ શાનુ ભાઇ.) એ રાગે.

ચીત્રલેહા—સખીને શીપેરે સમજાવું, બોલેછે તે સાચુંરે;
ભરજોબનમાં આવી ખરી એ, અવગુણ કેમ હું વાંચુરે—ટેક.

બાણરાયે બંધન કીધું, રાખ્યા ચોકી પોહોગારે;
સખીની ઉમેદ બર કેમ આવે, વીચારમાંછે દોરારે-સખી.
મદદ કરૂં હું કેવી રીતે, સમજ પડતી નથીરે;
તોપણ મદદ કરવી મારે, આપે નાગ લાવું મથીરે-સખી.

(સુઇ જાયછે.)

(ઓખા સ્વપનામાં ના હું એઠી બીડી નહીં બાણ એમ કહેછે
અને પાસુ ફેરવતાં પડી જાયછે અને શુધ્ધીમાં આવેછે.)

(રસીયા સાથીડા.) એ રાગે.

ઓખા—રસીયા સ્વામીજી, આવડી શું ચઢાવો રીશ;
નમી પાયે લાગુંછું, અરપુંછું મારૂં શીસ—ટેક.
સેહેજ સારૂં શું, વીરોધ કરોછો,
જણાવો નહી ચોદીશ—રસીયા.
હસ્તી હતી એમ કરવું ઘટે નહી,
કોહો તેમ હવે હું કરીશ—રસીયા.

(તુજ બીન ગોરી કોણ ખબરલે.) એ રાગે.

ચીત્ર લેહા—સ્વપનું આવ્યું લવારો કરેછે, ઓખા મારી સાહે-
લીરે—ટેક.
મુવા ઓથારે ચાંપી તુજને, કેમ બની સખી ઘેલીરે—સ્વપનું.
સ્વામી કેવો, રસીયો કેવો, વીચાર કરતું બાઇરે—સ્વપનું.
અસુરની ચોકી ચુકવીને, કોણ આવશે આંહીંરે—સ્વપનું.
સ્વામી સ્વામી કરતી સુતીતી, ખરે સ્વપનાની બુટીરે—
સ્વપનું.

સીતાજીના મહીનાનો રાગ.

ઓખા—સખી લે દીવો તું તારે હાથ, પીયુ મારા સંતાઇ ગયા;
થોડા સારૂં દુભાવ્યો નાથ, સેહેજમાં ગુસ્સે થયા.
સખીછે એતો આટલા માંહી, બોલી મને આપની;
ખરેખર એ પ્રાણ આધાર, બતાવી કઇ કાપની.

(ગઈ એક બે એક જો હવાપલટ.) એ રાગે.

ચીત્ર લેહા—ઘેલી શું બની અભાગણી ઓખા, સ્વપનાની વાતને
વલગીને—ટેક.
સ્વપને નીચ રાજા થાયછે, ભુખ્યાનું પેટ ભરાયછે;

સેંકડો ગાઉ પંથ કપાયછે, એતો સ્વપનાનીછે ઘેલછાં-ઘેલી.
મારી આલી શોક કરે શીદને, પગે લાગું મુકીદે જીદને;
જલાવે અમરથી પીડને, આવું કરવું આપણે નહી ઘ-
ટે—ઘેલી.

એજ રાગે.

ઓખા—ડાહી ડમરી ભમરી જાણી તને, પીયું લઇ આવ તું
મારીકને.
પગે લાગીને કહું હું તને, સખી મેહેર મારાપર કરો-ઘેલી.

એજ રાગે.

ચીત્ર લેહા—સખી નામ ઠામ જાણું નહી, કોને પકડીને લાવું અહીં
ઠીક છબી ચીત્રી આપું કંઈ, પતી તારાને પીછાનની—
ઘેલી.

રાગ સોરઠ.

ઓખા—સખી શુભ કીધી તાલ, લે તાળી તદબીર ખુબ કરી;
હું ઓળખું તતકાળ, ચાલ ચીતર ઉમંગ ભરી.

ઓખા હરણનો રાગ.

ચીત્ર લેહા—જોજો પાતાળના એ રાજા, નાગસરપ કેવાંછે તાજા;
આકાશનો એછે ઈંદ્ર, તપાસ કરી તું છાંદ્ર.

સોરઠ.

ઓખા—એતો કાળા સાપ, બાપ તારા તેઓ હશે;
ઈશકી મારો ભરથાર, કનૈયાલાલ કેવો હસે.

ઓખા હરણનો રાગ.

ચીત્ર લેહા—શીશુપાળ દસાનંદલાલ, પ્રથ્વીપતીછે એ વીકરાલ;
મહાદેવજી ભોળાનાથ, બોલ એમાં લાગે કંઈ હાથ.

સોરઠ.

ઓખા—અસુરમાં દીસે એબ, દેવસમાન મારો નાવલો;
સંભુ પીતા સમાન, જેવું તેવું મુએ શું દલો.

ચીત્ર લેહા—કૃષ્ણ બળદેવ બન્નો ભ્રાત, પ્રદ્ય મન જોની વીખ્યાત;
એવા દ્વારીકાનાછે ધણી, શ્રેષ્ઠ ગણાય સર્વ સીરોમણી.

સોરઠ.

ઓખા—હા સસરાજી એજ, લાજ સખી મારે કાઢવી;
હળ મુસળનો ભાર, વારૂં હવડે ચલાવની.
પતી મારોછે કયાં, સસરાજી કેમ આવ્યા એકલા;
મોર પીછ ધરનાર, રીસાયા શું તમે એટલાં.

ઓખા હરણનો રાગ.

ચીત્ર લેહા—ઓખા ઓળખો સ્વામીજી તમારો, અનીરૂધ તારૂં મન હરનારો;
નખસીખા શુધી તું તપાસ, ઇનામની કરૂં છું આસ.

(ચાલીએજી ઇંદ્ર રાજા ઇંદ્રાણીની પાસ.) એ રાગે.

ઓખા—એજ મારો પ્રાણપતી, સખી લેતું આ હાર,
શું કહું તારા બાહાર—ટેક.
લાજ નથી કાડતી સીદને રીસાયા;
વલગું ભીડી બાથ, ઓ મારા નાથ—એજ.
પ્રાણ પ્યારા બોલો અંટસ ખોલો;
દાસી ઉપર દાજ, કરો શું માહારાજ—એજ.

(ચેત ચેતરે મન તું સવેરા.) એ રાગે.

ચીત્ર લેહા—છોડ છોડ તું કર નહી ઘેલાં, કાગળ આપ મને તું પેહેલાં—ટેક.
ફાટી જશે છબીછે નહી સ્વામી, બાવરી બની તું પીડાઇ નકામી—છોડ.

ધીરજ ધર સ્વામીને લઈ આવું, દવારીકાનો હું પંથજ
સાહું—છોડ.

એજ રાગે.

ઓખા—જુવાનછો તમે પરણી ન જાતા, સાહેલી મને તમે ન-
હી વાહાતા—છોડ.

ચીત્ર લેહા—બહુ સારૂં ખોટા વીચાર નહી કર, ધીરજ ધર મા-
રી સખી દીલભર—છોડ

(જાયછે.)

——o:o——

પરવેશ બીજો. (સ્થલ, સોણીત પુરનું પાદર.)

કોભાન્ડ પ્રેવશ કરેછે.

(ખલકનારે ખોદા ખાવંદ.) એ રાહ.

કોભાન્ડ—ભોલાને ભજો સઉ બાઈ, ખરી સાચી એ કમાઇ-ટેક.
વધી જશે કંઈ સરસાઈ, જાણી લેજો જગતની માંહી—
ભોલા.

રાય આપણો બાણાસુર, કીધો એમને ભરપુર—ભોલા.
સામો કોણ થાય શું મકદુર, લડવાને એ બહુ આતુર-
ભોલા.

સંભુના એ પ્રતાપ જાણો, વડ ગીસાલે હાથ થાએ ગા-
નો—ભોલા.

બલી કરતા બલીઓ થવાનો, માટે મજો સમજવાનો—
ભોલા.

——:o:——

પરવેશ તરીજો. (સ્થલ, દવારીકાનો દેખાવ.)

(ચીત્ર લેહા પ્રવેશ કરેછે તેને સુદરશણ ચક્ર આવીને છેદવા માંડેછે કે નારદ ઊંધુ ચગુ ચક્રને સમજાવીને તેને છોડાવેછે.)

(ગર અમને દીલ સનમકુ દીયા ફીર કીસીકુ કયા.) એ રાગે.

ચીત્ર લેહા—આવી હું દવારામતી પણ આ કરેછે શું;
આ કરેછે શું, ચક્ર ગોળ કરે શું—ટેક.
સુદરશણ કેહેવાયછે, ધારૂં એ હશે;
ધારૂં એ હશે, મારી શી વલે થશે—આવી.
આવી મારા બાપ, એ આવ્યું મારી પાસ;
આવ્યું મારી પાસ, ઘેરી મને આસપાસ—આવી.

(ગોમતીમાં ડુબકી મારેછે એટલામાં નારદ પ્રવેશ કરેછે.)

નારદ—અલ્યા ચક્ર શું કરેછે, નારીની હત્યા;
નારીની હત્યા, શ્રમ કરી શું મીથ્યા—આવી.
જવા દેએને એ જાય અનીરૂધ લેવા;
અનીરૂધ લેવા, કરે કૃષ્ણની સેવા—આવી.

(ચક્ર જાયછે.)

(ચાલો જઈએ દરશણ કરવા.) એ રાગે.

નારદ—ચીત્ર લેહા ખુબ ચતુરાઈ કરજે, અનીરૂધને મંદીરેજા;
સુતો એછે ભર નીંદ્રામાં, ઢોલીઆ સહીત ઉપાડીજા.

એજ રાગે.

ચીત્ર લેહા—માનુંછઊં ઉપકાર તમારો, બાઈ નારદ તમે થાઓ મારા;
પરોપકારના કામ કરીએછે, આપણે દુનીઆમાં સારા.
હું જાણુંછુ તમે સીધાવો, ઝટ સોણીત પુરમાં જાવું;
અનીરૂધને લઈ કરીને, ઓખા બાઇને રીજાવું.

——0:0——

પરવેશ ચોથો. (ઓખા માલીઆંમાં એકલી.)

લાવણી.

(છુટીરે કેદથી તુતીને જાદુઈ.) એ રાગે.

ઓખા—વાર થઈ ગઈ, આવી નહી કંઈ, મારી સાહેલી;
અરે એ મારી સાહેલી, ન્યાળીને બની હસે ઘેલી—ટેક.
કાચી કુવારી, હજુ સખીછે, એ ચીત્ર લેહા;
અરે એ એ ચીત્ર લેહા, સ્વામી પરણે નહી એ બેહા—વાર.
ગઈ નહી હોતતો કંઈ સારૂં, હુંતો પસ્તાવું;
અરે એ હુંતો પસ્તાવું, લ્હેરી હવે કયાં જાઊં—વાર.
નારેના હું બનીછઉ ઘેલી, સંદેહ મન આવે;
અરે એ સંદેહ મન આવે, પેલી સ્વામી લઇને આવે-વાર.

(ચીત્ર લેહા પ્રેવશ કરેછે.)

(બીંદરા બન મોરા સામલીયા.) એ રાગે.

ચીત્ર લેહા—તપાસીલે પ્રીય તારો ધણી, લાવતા વીપત મને બહુ બની—ટેક.
સુદરશન કાપે, જીવી તું પ્રતાપે, નારદે તદબીર ઠીક કરી—તપાસી.
દવારીકાં ગઈ, ચટપટી થઈ, ભગવતી દાસે સોક તંહી-તપાંસી.

એજ રાગે.

ઓખા—થઈ ઉપકારી, સખી તારી બારી, જાણુંછુ મેહેનત બહુ થઇ—તપાસી.

(રાગ ઓખા હરણ.)

ઓખા—ઉઠો ઉઠો સ્વામીજી મારા, પંથ કાપ્યોછે બહુ પ્યારા;
આલસ મરડો તમે રે છોગાલા, દાસી હું કરૂં કાલાવાલા;
(હાર આપેછે) ચીત્ર લેહા બક્ષીસ આપુંછું, થાકી ગયા હસો પીયુ પાય ચાંપું.

(અનીરૂધ્ધ આળસ મરડી ગભરાટમાં કહેછે.)

(કોઠા મેરા ક્યા હુવા છુટા ફીપર મકાન.) એ રાગે.

અનીરૂધ—અહીયા હું કયાં આવ્યો, આ નહી મારૂં મકાન;
ઉંઘમાં સ્વપનું આવ્યુ કે, નથી મને ભાન—ટેક.
ઢોલીયોતો આ મારોછે, તે સાથ આ તલાઇ;
કાચી કુંવારી કન્યાઓ, બે દીઠી અહીં—અહીંયા.
ખરેખાત ડગો થયો, ઉંઘુંછું કે જાગું;
ખાબ કે ખરી વાતછે. ઘેલું કંઇ લાગું—અહીંયા.

(સમજ મન સમજીને લાગ સુંદરવાં.) એ રાગે.

ચીત્ર લેહા—અનીરૂધ શુંરે વીચાર કરોછો શોક શીદ મનમાં તમે
કંઈ ધરોછો—ટેક.
બાણુરાયની બેટી આછે, ઓખા નામછે એનું;
સ્વપનામાં પોતે પરણી ગયાતા, આજ અહીંઆ આવી
ડરોછો—અનીરૂધ.

(એજ રાગે.)

અનીરૂધ—સ્વપનાની વાત કોણ સાચીરે માને, તમો બેઉછોરે ઠગારી;
ખડક મારૂં કયાંરે ગયુંછે, ધડ ઉડાવું બેનારી—અનીરૂધ.
કોણ મારૂં કુળ કોની એ કન્યા, શું નીચ સાથે પરણું;
ઇષ્ટ દેવનું સ્મરણ કરીની, સુખ મુકાવ્યું ધરનું—અનીરૂધ.

(સોતનગર ગયે ગયેરે.) એ રાગે.

ચીત્ર લેહા—જાણ્યું કુળ તમારૂંરે,
રીછડી કરતાછે એ સારૂં—જાણ્યું જાણ્યું કુળ તમારૂં—ટેક.
ગોપી પુંઠે ઘેલા થયાતા, મહી વલોવો વારૂંરે,
શું વખાણ કરૂં હું કુળના, બોલું તે ઠીક નહી ધારૂંરે—
રીછડી.

કૃષ્ણ કપટી છાપ છપાઈ, બગાડી ત્રીજ વહુવારૂરે;
ચોરી છાસ માંહી માખણખાતા, રાસની વાત શું વી-
સ્તારૂંરે—રીછડી.

અનીરૂધ—(હસીને) (હા અમે એવાતો ખરા.)

એજ રાગે.

ચીત્ર લેહા—પ્રીતમ પ્યારી, સુખી રહો હરનીસ, રજા આપો ઠીક
ધારૂં—રીછડી.

ઓખા—નહી નહી સાહેલી, જવા નહી દઊં, વેંહેચી ખાઇ શું
વીચારૂંરે—રીછડી.

ખમાચની ઠુમરી.

અનીરૂધ—જવાદે પ્યારી ચીત્ર લેહાને,
જગ્યા નાહાની વીચાર સાહાની—ટેક.
કેહેછે એતો સાચી વાત,
મને લાગેછે ખરેખાત,
બેમાં ત્રણ નહી સમાય—જવાદે.

એજ રાગે.

ચીત્ર લેહા—રજા આપો મને ત્યારે,
ફરી આવીસ વારે વારે,
ઘેર નહી જાઊં મનધારે—જવાદે.

(જાયછે.)

(ઘરસે ઈહાં કોણ આદાકે.) એ રાગે.

ઓખા—પ્રીતમ પ્યારા આવી મલ્યા શુખ થયું મને;
માફ કર ઘર તજાવ્યું, દુઃખ થયું તને.

અનીરૂધ—પ્યારી નહી સંભાર, વાત થવાની તે થઇ ગઇ,
આવ મારી પાસ હાસ ઓછંગે બેસ અહીં.

(કૌભાન્ડ પ્રવેશ કરેછે.)

એજ રાગે.

કોભાન્ડ—બેન ઓખા તમને બાંણરાય બોલાવેછે,
જરૂરનું કામછે, તે માટે તે તેડાવેછે.

—o—

ઓખા—(સરમાઈને) (મારા બાપનો પ્રધાનછે ચુપ રહો બોલતા નહી.)

એજ રાગે.

અનીરૂધ—શું કામ પડયું પ્રધાનજી દરશાવોની;
બહુ જરૂર હોયતો બાણ તેડી લાવોની.
કોભાન્ડ—તું કોણછે ને કેમ અહીંઆ આવ્યો;
ભોલી કન્યા ભોળવી, ઠીક તું તો ફાવ્યો.
યાદ રાખજે અલ્યા હાલ ભુંગ થાય તારા;
બાણ બંધ બાંધશે, થશે તને દુ:ખ ભારા.
અનીરૂધ—જમાઈ બાણનો થાઊં કોભાન્ડ શુણ તુ નીચ;
સજોડે બેઠા છઈએ, મુરખ તું આંખ મીચ.
(અનીરૂધ ઓખાના ખભા ઉપર હાથ નાંખેછે.)
કોભાન્ડ—બેશરમ લુચા ચોર એ તુ શું કરે;
ખચીત વગર મોતે તું કેમ મરે.
સીપાઈઓ શું જુવો મેહેલને ઉરાડીદો;
બાણનો હુકમછે આપણે નથી કંઈ ભો.
અનીરૂધ—પ્રધાન લઈ લેની પેહેલગમણી પ્રથમ તું તો;
યાદ રાખ હથીઆર વીના એકલો છઊં હું તો.
માલાઆમાંથી ભુગલ એક ખુંગ ખેંચી લઈ;
જોજે બાહાર મુરખ મારા અહીં.
(એમ કહી ભુસકો મારી બધાઓને મારી કુટી ઓખરા કરી પાછો માલીએ ચઢી જાયછે. અને કોભાન્ડના ગયા પછી બાણાસુર લશકર લઈને આવેછે. અને ગાયછે.)

(અફસોસે તું યાદ કર અલ્લાહકુ આદમ.) એ રાગે.

બાણાસુર—કોણછે તું કેમ આવ્યો ઘરમાં કેમ પેઠો;
નીચ હરામખોર જલદી, ઉતરની હેઠો—ટેક.
અનીરૂધ—જમાઈ હું તમારો થાઊં, સસરાજી સુણો;
પેહેરામણી આપોની તમે, ચાલ આપણો જુનો-કોણછે.
બાણાસુર—પેહેરામણી એવી આપું કે, યાદ રહે હમેશ;
ખુણો પાલી ઉપર બેઠો, મુખે લગાડી મેસ—કોણછે.
અનીરૂધ—સસરાજી શરમછે તમને, જોઈ લો મારા હાથ;
ડરતો નથી ડાળા દેખી, લાવો તમારી સાથ—કોણછે.

(અનીરૂધ નીચે ઉતરેછે અને લશકરને તથા બાણાસુરને હરાવેછે પછી બાણાસુર અનીરૂધને નાગ પાસે બાંધેછે.)

—o:0:o—

પરવેશ પાંચમો. (જંગલનો દેખાવ.)

નારદ પ્રવેશ કરેછે.

(લુસાંનીલ.) એ રાગે.

નારદ—વીપ્રીત થયું કામ, વીપ્રીત થયું કામ;
બાણે બનો બાંધ્યા, થઇ ગયું શું આમ—ટેક.
પણ ઠીક થયું હજાર હાથે કુદતોતો એ બહુ;
સઘલા હાથોછેદે કૃષ્ણ જુવો તમે સઉ—વીપ્રીત.
ચાલ દવારીકા જઇ કૃષ્ણને વાત કહું;
કૃષ્ણ સીવને લડાવું, જોઇ લેજો તમે સઉ—વીપ્રીત.

—o:o—

પરવેશ છઠો. (સ્થલ, દવારીકાનો દેખાવ.)

(રાણીઓ, પ્રદુમન, બળીભદ્ર તથા કૃષ્ણ બેઠાછે અને
અનીરૂધને વાર લાગી તેથી વીચાર કરેછે.)

રાગ મેવાડો.

રાણીઓ—ઘરની ફીકર રાખો નહી, ઓ પ્રભુ માહારાજ;
જરા કંઈ વીચારો નહી, ઓ પ્રભુ માહારાજ—ટેક
બબે મહીનાથી ખોવાયો, આપણો અનીરૂધ;
જાણે છોકરે જંજાલ ઘણી, રાખો નહી શુધ—ઓ પ્રભુ.
કૃષ્ણ—નાહાનુ બાળકછે નહી, કે ભુલું પડી જાય;
સેહેલાણી સેલ કરવા ગયો, આપણુ શું જાય—ઓ પ્રભુ

(નારદ પ્રવેશ કરેછે.)

એજ રાગે.

કૃષ્ણ—આવો રૂષી પધારો, કંઇ કહોની નવી વાત;
સુખી તમે જાતે ખરા, વદો કંઈ પંચાત—ઓ પ્રભુ.
નારદ—સહુ સુખી અનીરૂધ દુખી, સોણીતપુર માહારાજ;
ઓખાને એ પરણી બેઠો, બાણાસુરના રાજ—ઓ પ્રભુ.
નાગ પાસે બાંધ્યો, દુઃખ દેછે બહુ;
કૃષ્ણજી ઉતાવળ કરો, શું હું વાત કહું—ઓ પ્રભુ.
કૃષ્ણ—ગરૂડ સજ કરો મારો, ફોજ કરો તૈયાર;
દેવ દાનવ દુખી હતા, મારૂં બાણને માર—ઓ પ્રભુ.
નારદ—ગમે તેવો આપણો, વેહેવાઈ તમારો થાય;
કૃષ્ણ—રીત નારદ જાણે નહી, પેહેરામણી અપાય—ઓ પ્રભુ.

પરવેશ સાતમો. (સ્થલ, રસ્તો) (સોણીતપુરમાંથી લશ્કરની કુચ.)

(ગ્લોરી ગ્લોરી એબીસીનીઆ.) એ રાગે.

લસ્કર—બાહાદુર બનો સીપાઇ સઉ (ત્રણવાર.)
જાદવને મારીએ બહુ—ટેક.
બંદુકને તેજી તરવાર (ત્રણવાર.)
ઉપાડી કરીએ બાહાર—બાહાદુર.
દુસ્મનને બતાવા ત્રાસ (ત્રણવાર.)
થાય તેઓમાં નાસા નાસ—બાહાદુર.

—0:0:0—

(બાણાસુરનું લશ્કર જાયછે અને કૃષ્ણનું લસ્કર દાખલ થાયછે)

ગજલ.

(ફતેહ પોકારો ધમ ધમ.) એ રાગે.

લસ્કર—સુરવીરો સઉ સજ થાઓ, ઉમંગે બરછીઓ સાહો;
માહાભારતના ગીત ગાવો, ભાલા ભચો ભચ લગાવો-ટેક.
બાણ બળીનોછે સંતાન, ઉતારવુંછે અભીમાન;
સીવ ભુત ટોલીનો દમામ, માર મારો ખુબ તમામ-સુરવીરો.
અસુર એ આજ્ઞાની લોક, મારો માર મુકે પોક;
કાપો ગરદન ડોક ડોક, આપણી રાખવી નોક નોક-સુરવીરો.
ડાકેણને ચુડેલ લડનાર, સંભુ લડસે કરી વાર;
કરવી તેમની હાર હાર, ત્યારે ઉડે બાહાર બાહાર-સુરવીરો.

—0—

પરવેશ આઠમો (સ્થલ, રણભુમી.)

(બાણાસુર પોતાની હાર થયાથી શંભુને પ્રાર્થના કરેછે.)

(ભૈરવીની ગજલ.)

બાણાસુર—સંભુજી કરો સાયરે, હાથ મારા કપાયા;
હાથ મારા વઢાયા, હાથ મારા વઢાયા—ટેક.
સરીરે નહી તાકાદ, રૂધીર વહી કરે વાટ;
ઢીલાં થયા મારા હાડ, મેહેર કંઇ કરો—સંભુજી.

(સંભુજી પ્રગટ થાયછે.)

શંભુજી—બાણ હાથ કયાં ગયા, મેજે તુંને આપીઆ;
બાણાસુર—કૃષ્ણએતો કાપીયા,
સંભુજી—કામ કરે એ પાપીયા,
બાણાસુર—સંભુજી કરો સાયરે, હાથ મારા કપાયા;
હાથ મારા વઢાયા, હાથ મારા વઢાયા—સંભુજી.
શંભુજી—કયાં ગયો કપટી કાળો ચોર,
બળદેવ—અલ્યા ભંગી તું વીચારી બોલ;
કૃષ્ણ—નહી બળદેવ કરતું ચોલાચોલ, વિચારો વરદાન પાળ્યું.
બાણાસુર—સંભુજી કરો સાયરે, હાથ મારા કપાયા;
હાથ મારા વઢાયા, હાથ મારા વઢાયા—સંભુજી.

પદ.

(ધન્ય ધન્ય ધનકોર સારી ચાલ કાહાડી.) એ રાગે.

શંભુજી—ઠીક થયુ ઠીક થયું, ઠીક થયું કામ;
આમ આવો આમ આવો, તમે જદુરામ—ટેક.

(સીવ અને કૃષ્ણ બને ભેટેછે.)

શંભુજી—ઓખાને બોલાવો, અનીરૂધ અહીં તેડાવો.
બળદેવ—કયાંછે અનીરૂધ અહીં,

કૃષ્ણ—સાસરામાં શે લાહાવો,
શંભુજી—ઠીક થયું ઠીક થયું, ઠીક થયું કામ.
બાણાસુર—માહારાજ મુજપર મેહેર કરી, ચાલો મારે ઘેર.
લગન મંડપ રચાવું હમણા, લગ્નની કરૂં પેર—ઠીક.
શંભુજી—ઠીક કહેછે કૃષ્ણ એ, આપણે વેવાઇ થઇએ;
દીકરી ઓખા પ્રથમ મારી, હરણ કીધું તારે છઇએ—ઠીક.
કૃષ્ણ—ટોલ તમારી છોડીદો, પારવતીજી બોલાવો,
શંભુજી—એતો અહીંઆ આવસે, દવારીકાથી તેડાવો—ઠીક.
(બધાઓ જાયછે.)

—:o:—

પરવેશ નવમો (સ્થલ, બાણાસુરનો મેહેલ.)

(ત્યાં બ્રહમાં, નારદજી, કૃષ્ણ, લક્ષમીજી, બળદેવ સીવજી, પારવતી અનીરૂધ, ઓખા, બાણાસુર તથા કેટલીએક સ્રીઓ પણ આવેછે.)

નારાચછંદ.

બ્રહમા—ઓખા અનીરૂધ કીર્તી તમારી બહુ થશે;
જુગ જુગ અમરનામ, તમારૂં થઇ રેહેશે.
કૃષ્ણ સીવબાણ બલીયા, પારવતી લક્ષમીજી;
સંબધ સારો થઇ ગયો, ખુશાલી થઇ ઘણીજી.
(ડંકો વાગ્યોને લસ્કર ઉપડ્યું ઝરમરીઆ ઝાલા.) એ રાગે.
કૃષ્ણની તરફના બઇરાઓ—ઠીક થયું ઓખા પરણી સંભુજી જાણો.
નહીતો ખાત બહુ માર્રે—સંભુજી જાણો.
શંભુજીની તરફના બઇરાઓ—જાણીએ તમારા કામરે—જાદવજી જાણો.
ચોરીના કરો તમે કામરે—જાદવજી જાણો.
તેડવા ગયું તું કોણરે—જાદવજી જાણો.

કૃષ્ણની તરફના બઈરાંઓ—તેથીજ લઇ આવ્યા જાનરે—સં-
ભુજી જાણો.
આપવા તમને આદરમાનરે—સંભુજી જાણો.
દંડમાં કાપ્યા અમે હાથરે—સંભુજી જાણો.
વેવાઇ જીવ્યા તમ પરતાપરે—સંભુજી જાણો.

—0:0—

કૃષ્ણ—બઈરાઓનું ટાયલુંજ ભારી, આવ બેટા અનીરૂધ સર-
માયછે શું કરવા એતો આપણા કુલની રીતજછે.

માહાદેવ—રૂક્ષમણી અને રીંછડી.

કૃષ્ણ—બધુએ, પણ ભીલડી જેવું તો નહીજ પણ હવે જરા છોક-
રાંઓને બોલવા દેશો ?

—0:0—

(કંગનવા મોરા કરસે સરક ગયોરે.) એ રાગે.

ઓખા—સ્વામીજી મારે સારૂં તમે દુઃખ સયુંરે,
મે આવડું નોતું જાણ્યું, સખીએ રત્ન આણ્યું—ટેક.

અનીરૂધ—પ્રાણ થકી પ્યારીરે, વ્યાલુ છબી જોઈ તારીરે;
હવે દવારીકામાં જઇશું,
મોજ મજામાં ત્યાં રહીસું;
દીલ ગમતી હોંસ કરીસું, ફરસું સ્વચ્છપણેરે—સ્વામી.

ઓખા—પ્રીતમ તમારી મરજીરે, ધારો તેમ કરો વરજીરે;
હું આવું તમારી સાથ,
પ્રીતમ ઝાલ્યો મેં હાથ,
બ્રહમાએ મારી ગાંઠ, સાથ છુટસે નહીરે—સ્વામી.

(બધું પાત્ર સાથે મળી ઈશ્વર પ્રાર્થના કરેછે.)

(ફતેહ પોકારો ધમ ધમ.) એ રાગે.

બધા—જગ કરતાને ધન ધન,
નમન કરીએ તન મન,
પ્રાર્થના કરીએ સરવેજન,
કરીએ સઉ વંદન વંદન—ટેક.
ઓખા અનીરૂધનો મેલાપ,
ચીત્ર લેહાના પ્રતાપ,
બીરાજ્યા પ્રભુ આપો આપ,
શીવજીના સરાપ સરાપ—જગ કરતા.
ત્યારનું આછે આખ્યાન,
ઓખા બાઈનું કીધું બ્યાન,
અનીરૂધ પદુમન સંતાન,
ટુંક ટુંક કીધું બ્યાન બ્યાન—જગ કરતા.
લ્હેરી લેહેજતદાર લખાણ,
ગુણીજન કરે ગાન,
સ્વાદીષ્ટજન કરેછે પાન,
વાચે સુરમાં રાગ તાન—જગ કરતા.

રચનાર
રા. રા. અમરતલાલ નારણદાશ લ્હેરી.

નદરાજા અને સતી સુલોચના

અથવા

નંદ બતરીશી નાટકમાં ગવાયલાં ગાયનો:

——o:0:o——

ઈશ્વર પ્રાર્થના.

(ખુદાવંદે દો આલમરા, કરીમો પાસબાં દાવર.) એ રાહ.

ઓ ઈશ્વર તું ખરો સાહેબ, પવીત્રછે હમારો હર;
નથી તારા વીના બીજો, કોઈ સંસારનો પરવર—ટેક.
રચ્યું એક પળમાં સૌ મંડળ, એવોછે તું શક્તિવાન;
નથી તારાથી કોઈ અનજાન, તારો આભારછે હમપર—ઓ ઈશ્વર.
જગત તારા સ્વાધીનમાં, કીધું પરવેશ આ આધીનમાં;
જડયો આકાશ.પ્રાચીનમાં, કળા તારીછે ધન ધન હર—ઓ ઈશ્વર.
પ્રભુ શુભ લછન કીધાં, પ્રસન થઇ દરશણ દીધાં;
બ્રહમ સ્વરૂપ વરણ સીધાં, કર્યાં આણંદ તું શંકર—ઓ ઈશ્વર.
હરી હર હર જપીએ નીત, તું સઘળું રાખ હમારૂં ચીત;
છે "સૈયેદાની" એવી રીત, વચન મારો તું પ્રસીધ્ધ કર—ઓ ઈશ્વર.

——o——

ધોબીની આગળ રાજાએ પોતાનું નામ પરગટ કરવું.

બેત.

રાજા—કરૂં પલવારમાં હું રાયને રંક,
રંકને કરૂં પલવારમાં રાય,

મારે વશ સૌ કોઈ, કોઈને વશ હું નહીં,
પુત્ર, મીત્ર, સજ્જન, સૌને સરખાં રાખું હું,
મારણ પાલન કરનાર છું હું,
માત્ર એક પર દેહમાં જીવ ઘાલી શકતો નથી,
બાજો જીવ વગર હું બાહાર નીકળતો નથી.

—o:o:o—

ધોબી પોતાનું નામ પરગટ કરેછે.

છપ્પો.

ધોબી—અંગે રંકને રાય ધરે, રંક રાજાસો દીસે ખરે;
શોભે માહા સુલતાન, પામે ખુબ માન.
એક વસાનો જન, તેને કરૂં લાખ વસાનો જન;
જે જગતનું ઢાંકણ રૂપ શોભાવે તાહેરૂં,
તેને હમે શોભાવીએ સમજી લો નામ માહેરૂં.

—o—

ધોબી રાજા આગલ સુલોચનાનું નામ પરગટ કરેછે.

છપ્પો.

ધોબી—વરણ સૌથી રાંક, રાંક રાજાથી જાણો;
જાતી શીરોમણ રાણ, આણ માને જશ જાણો;
તમને જીતેતે, તે તમથી નવ જીતાએ;
પદમની નારનો તે, ધણી કેહેવાયે.

—o:o—

રાજાની મતી ફરવાથી આકાશવાણીથી રાજાને શીખામણ મલવી.

(કામણ દીસેછે અલબેલા, તારી આંખમારે.) એ રાહ.

જુઠું જુઠું જીવત ખરૂં જાનમારે, રાજા માનમારે—ટેક.
જુઠી ઝનુની જુઠી જાયા, જુઠી મોહ ભરેલી માયા;
કાચ કુંપછે કાયા, રાજા માનમારે—જુઠું જુઠું.
આતશબાજી કોઇ નવસાજી, તે દેખી શું થાયછે રાજી;
આ બાજી તું આશામાખી, માનમારે—જુઠું જુઠું.
ફોકટ ફેલ કરીને ફટકે, ઇશ્વરને ચરણે અટકે;
દુષ્ટ નજરે ભટકે, પડે નર્ખમાંરે—જુઠું જુઠું.
ધીરજ રાખી મનમાં વિચારો, સત્યપણુંછે તુજમાં ભારી;
એજબનસે ખોટો રાજા માનમાંરે—જુઠું જુઠું.

ગુણકાએ રાજાની દરબારમાં ગાયલી કીરતી.

(જોગી મોરા રામા કાંહાં ગયોરે.) એ રાહ.

નંદરાયજી પંકાયા તમે પુરમાંહીરે, (બે)
પુરમાંહીરે ભલા પુરમાંહીરે—ટેક.
કીરતી પથરાઇ આપણી ભરપુરે,
શુરથકી હું આજે વંદુરે—નંદરાયજી.
સતવાદી કેહેવાયા, દુનીઆમાંછો દાહયા,
વાયા કોઈ થકી નહી જાવોરે—નંદરાયજી.
ચંચલ પ્રધાન, છે નીતીવાન;
ધ્યાન એનું છેજી તમારી માંહીરે—નંદરાયજી.
રૈયત આપણી નીરભય, ચાહેછે આપણો વિજય;
ભય રાખે નહી કોઈ નગ્ર માંહીરે—નંદરાયજી.
આયુષ્ય વધજો તમારૂં, ચાહીએ હમે વારૂ;
ઇશ્વર સારૂં તમારૂં કરોરે—નંદરાયજી.

રાજાએ સભામાં પ્રધાન ઊપર ગુસ્સે થવું.

બેત.

શું સભા મધ્યે જાય મારૂં વચન, ત્યારે હું શેનો રાજન.
અપજોગતો પેહેલો મને, ત્યાર પછી નડસે તને.
હમણા જઈ ન કરો સહી, તો આજ થકી પ્રધાનજ નહી.
ચાકર હોય તે પાળે બોલ, માણસ હોય તે પાલે કોલ.
મહીપતીનું રાખે માન, તેનુંજ નામ પુરો પ્રધાન.

રાજાએ સુલોચનાની છબી જોઈને મોહી પડવું.

(બાજે બાજે બાજેરે આજ બંગાલમે ઘુંઘરી બાજે.) એ રાહ

લાગીછે મોહન કટારીરે, મને મોહન કટારી લાગી;
લાગી લાગી લાગીરે, મને મોહન કટારી લાગી—ટેક.
તું મારૂં તનને તું મારૂં ધનછે, તું પ્રાણ પ્રીયાછે મારીરે-મને.
તને જોયા વિના મન મારૂં ભમતું, તુજ વિના દુનીઆ
અકારીરે—મને
મારૂં દીલ ખુશી કયારે થાયે, તને કરૂં મારી રાણીરે-મને.

રાજાએ પ્રધાનના ઘરનું બારણું ઠોકવાથી પ્રતીહારે પુછેલો સવાલ.

બેત.

કોણછેરે ભાઈ માહાજન રાત, જેખી હોય તે આવજો પ્રભાત;
નહી ઉઘાડું મારૂં દ્વાર, ખોટી થાસો નહી લગાર;
જાગ જે કોઈ ધનનો ધણી, જાગે જેને ચિંતા ઘણી;
જાગે અંધારી રાતે ચોર, જાગે મેઘ વરસ્તે મોર;
જાગે જેના ઘરમાં સાપ, જાગે દીકરીઓના બાપ;

જાગે જેને માથે વેર, જાગે જે કરે બહુ કેહેર;
જાગે જે જગનો જગદીસ, જાગે જે દાની દાન જોસીસ;
જાગે જે કોઇ હોય જાર, જાગે સકુલ કુલની નાર;
જાગે જેના દેહમાં રોગ, જાગે જે કોઇ સાધે જોગ;
કોણછે ભાઈ માહાજનરાત, જોવી હોય તે આવજો પ્રભાત.

——:O:——

રાજાએ પ્રતીહારને આપેલો જવાબ.

બેત.

ઉઘાડ ભાઈ હું છું નંદનરેશ, પ્રધાન ઘર કરવા પ્રવેશ;
ઘણું જરૂરનું છે મારે કામ, તે માટે આવ્યોછું આ ઠામ;
શીગ્ર ઉઘાડો પગે લાગ, જે જોઇએ તે મુજપાસ માગ.

——o——

પ્રતીહારે રાજાને આપેલી શીખામણ.

બેત.

સાંભળો રાજન મેં વર્તયું તમારૂં મન,
આવેલા ચોર નીસરે કે રમવા નીસરે જાર;
માટે જાવો પાછા ફરી રાખી પોતાનો ભાર,
પ્રધાન ઘર નથી માહેરો, સ્ત્રી સાથ શું છે કામ;
અડધી રાતે એખલા કેમ આવ્યાછો આ ઠામ;
તમો રાય પુરૂષની જાત સ્ત્રી સાથ શી કરવીછે વાત.

——o:o——

રાજાએ ગુસ્સે થઈ આપેલો જવાબ.

બેત.

હું જેમ જેમ રાખુંછું ભાર, તેમ તેમ તું લગાડેછે વાર;
હમણા વાત કરૂં સેહેલ, ઉઘાડ નહીતો તોડાવીશ આ મેહેલ;

મારેતો મન નથી કાંઇ ખેદ, તું મનમા આણેછે ભેદ;
પ્રધાનનો તો પ્રાણજ લઈશ, તુજને તો બારે દંડ દઈશ;
તેમાં તારૂં શુંછે જોર, નગર વસે તે મારો ચોર;
તુજમાં દાહાપણ હોય આજ, ઉઘાડ સરસે તુજ કાજ.

——o:o——

પ્રતીહારે લાંચ લીધાથી રાજાએ પોતાના મન સાથે વીચાર કરવો.

બેત.

દ્રવ્ય દેખી કરે સૌ પ્રીત, દ્રવ્ય દેખી કરે વિપ્રીત;
દ્રવ્યે જીવ જાયે અમે દ્રવ્યે રહે, દ્રવ્ય ઘેલાને દાહ્યો કહે;
દ્રવ્ય ચોર અને દ્રવ્ય શાહ, દ્રવ્યે રંકને દ્રવ્યે રાહ;
પૃથ્વીનું કારણ તે દ્રવ્ય, દ્રવ્ય થકી શોભે સર્વ;
પીઠી જો દીધી પ્રતીહાર, ત્યારે તેને ઉઘાડયું દવાર;
માટે દ્રવ્ય તુંજછે મોટું, તુજ વિના સર્વે ખોટું.

——o——

રાજાની મતી ફરવાથી પ્રતીહારે ઈશવરને કીધેલી અરજ.

દોહોરો.

ધર્મ કર્મ સૌ વિસર્યા, થયો અગ્નિવશ અંગ;
બીજું કાંઈ સુજે નહી, શહામાં શું લાગ્યો રંગ;
વિસર્યા ઈષ્ટ ગુરૂ દેવતા. વિસર્યા લાજ મરજાદ;
વિસર્યા મેહેલ પુર મેડીઓ, પ્રેમદા શું લાગ્યો વાદ;
ધર્મ રાજાને શોભતું, નથીરે એવું કામ;
વીવલ ચીંતથી આવ્યા, છલ કરવા આ ઠામ;
માટે ઓ પરમેશ્વર કરૂણા કરજો આજ;
સતીતણું સત રાખવા મેહેર કરો માહારાજ.

રાજાને આકાશવાણીથી શીખામણ મલવી.

(બદલગયો નયનારે.) એ રાહ.

સતીને ના સતાવરે, સતીને ના સતાવરે;
હો નંદરાયજી, હો નંદરાયજી—ટેક.
કુકર્મનું કામ નહીજ સારૂં, દુષ્ટ કર્મછે નઠારૂં;
ચંદ્ર થઈને આતુર મુકયો, તેમ થશે નક્કી તારૂં—સતી.
રાવણ સીતાને હરણ કરીને, આખર તે નહીં ફાવ્યો;
હનુમાનજીએ લંકારે બાળી, રામચંદ્રે દબાવ્યો—સતી.
એવા સમર્થનું ચાલ્યું નહીરે, ન ચાલશે તારૂં કાંઈ;
માટે વીચારી સમજ રાજા, દીલમાં રાખ સફાઇ—સતી.
ચંચલ રાજા ઘણું શું કહું, દીલમાં સમજોછો બહુ;
ઇશ્વરની મેહેરથી શીખજદેણી, વીચાર કરોછો શું બહુ-સતી.

—:0:—

પ્રધાનના આવવાથી રાજાએ ખુશાલીનું ગાયન ગાવાને ગુણકાને ફરમાવવું.

(જોગી મારા રામા કાંહાં ગયોરે.) એ રાહ.

આવ્યા આવ્યારે પ્રધાન ચંચલ આવ્યારે; (બે)
અશ્વ અમુલ્ય ખરીદ કરી લાવ્યારે—ટેક.
રાજા થયા ખુશી, રૈયત પણ થાશે ખુશી;
ખુશ ખુશાલી દરબારે થઇરે—આવ્યા આવ્યારે.
જયાતા અપસુકન લેવા ગયા ત્યારે;
તે અપસુકન કયાં જતા રહયારે—આવ્યા આવ્યારે.
ચંચલ પ્રધાન વિચાર, એવા વેહેમ ન કરીએ;
એવા સુકનથી નહી ડરીએરે—આવ્યા આવ્યારે.
દલગીરી થઇ દુર, ખુશાલી થઇ ભરપુર;
ઇશ્વર ખુશાલી હમેશ એવી આપોરે—આવ્યા આવ્યારે.

પ્રધાનના અંતઃકરણમાં અધર્મનો પ્રવેશ થવાથી પોતાની સ્ત્રીને ધીકકારવી, અને બનેની વચ્ચે અરસપરસ થયેલા જવાબ.

(કંગનવા મોરા કરસે સરક ગયોરે.) એ રાહ.

સુલોચના—સ્વામીજી મારા હ્રદયથી રીસ છોડોરે,
હું કહુંછું સાચી વાત, માનોજી ખરેખાત—ટેક.
ખાપણ લગાડ્યું નથીરે, જાતે હું છું સતીરે;
ઇશ્વરે રાખી લાજ, સમજોની સ્વામીરાજ;
તમે રીસ છોડો આજ દાઝ લાવો મારીરે—સ્વામીજી.

પ્રધાન—દુષ્ટ તું શું બોલેરે, મીથ્યાવેણ તોલેરે;
વિટીને શાલ કયાંથી, ગળામાં હાર સાથી;
શક ખરો મને આહાંથી કયાંથી તું સમજાવેરે—સ્વામીજી.

સુલોચના—ખોટી નજરે આવ્યોરે, રાજાતો નહી ફાવ્યોરે;
દીકરી કરી હાર આપ્યો, પીતા કરી મેં થાપ્યો;
પુન પરતાપે દોષ કાપ્યો, આપ્યો મને હારરે—સ્વામીજી.

પ્રધાન—ભાઈ બાપ કોને કેહેછેરે, શીખામણ કોને દેછેરે;
મન વશ ન રહયું તારૂં, શું સમજાવેછે વારૂં;
નુર ખોયુંછે તેં, મારૂં તારૂં કાળું કરરે—સ્વામીજી.

સુલોચના—પીયુજી જરા વીચારોરે, અબળાપર દયાં લાવોરે;
નીર અપરાધી છું હું, શી દુઃખની વાત કહું;
ઇશ્વર જાણેછે સઉ બહુ નહી બોલાવોરે—સ્વામીજી.

પ્રધાન—ડાઘ મારા મનમારે, વ્યાપી રહયો તનમારે;
ખપ નથી મને તારો, પીએર જઇ પધારો;
ગમે તેમ મોજ મારો, તારો ઘાત થાશેરે—સ્વાતીજી.

——:o:——

પ્રધાને સુલોચનાને કાઢી મુકવાથી સુલોચનાએ કીધેલો વિલાપ.

લલીત છંદ.

અરર કોપ શું ઈશનો થયો, ગરીબનીપરે કેમરે રૂઠયો;
કવણ વાંકથી કર્મ આ ફુટ્યું, કર્મ હીણ હું કયાં હવે જવું.
નીષ્કલંકી હું તે છતાં કહે, અધર્મ જારની પાપણી મને;
નહી શુણાયલા બોલ કેમ શુણું કર્મ હીણ હું કયાં હવે જવું.
મનની વાત સૌ મનમા સમે, કુપની છાયડી કુપમા સમે;
દુઃખતણી વીતી કોણને કહું, કર્મ હીણ હું કયાં હવે જવું.
અરર સ્વાગીરે શી વલે થસે, દીવસ દોહયલાં શી રીતે જશે;
અરર કોણને દોષ હું દઊં, કર્મ હીણ હું કયાં હવે જવું.
મર્મ બોલતો લોક ઉચ્ચરશે, તીરસકાર સૌ મુખથી કરસે;
મુખ શું લઈને પીયરે જવું, કર્મ હીણ હું કયાં હવે જવું,
અરર લાજ તું રાખજે હરી, સ્વામી માહેરો કેમ ગયો ફરી;
નસીબ માહેરૂં આજરે ફુટયું, કર્મ હીણ હું કયાં હવે જવું.

——0:0:0——

કામદારે રાજાના મેહેલમાંથી સુલોચનાની છબી લાવવી અને પ્રધાનને આપવી અને તે ઊપર પ્રધાને વિચાર કરવો.

બેત.

હા ! હવે મારી પુરી ખાતરી થઈ, કે અંતે સુલોચના રાજા સાથે
લપટાઈ;
પણ એ સુલોચના તારા ફરેબને ઢોંગ, અને તે સાથ તે તરેહવાર
દેખાડયા સોંગ;

જે જોઈ આ કાળજાપર પડયો દુ:ખી વિચાર, જેથી નથી રહયો
મારામાં ઈનસાની ભાર;
હવે તેં કીધી મારી દોલતને આરામ હરામ, તારા બુરા વીચારથી
બરબાદ કરીશ રાજાનો પ્રાણ.

—:0:—

સુલોચનાએ પોતાના સ્વામીના કાલાવાલા કરવા અને પ્રધાને તેનો તીરસ્કાર કરવો.

બેત.

સ્રીની દુષ્ટ ચાલથી થાયેછે હાણ, વીપત અને દુ:ખ સોસી ઓયે-
છે પ્રાણ;
સ્રીની દુષ્ટ ચાલથી નીપજેછે માઠાં સાર, મારા જેવા દુ:ખી પતી-
ઓ થાયછે હારમાર;
ઇશ્વર વિસે કેવો હોય દુ:ષ્ટ નારીને ખ્યાલ, જેમ આંધળાના હાથ-
માં બળતી મશાલ;

—0:0—

સુલોચનાએ પોતાના સ્વામીને આપેલો જવાબ.

બેત.

અરે પ્યારા સ્વામીરે વાહાલા ભરથાર;
વગર વાંકે ના બોલો માઠા શબ્દ લગાર;
આવા દુષ્ટ શબ્દથી ધ્રુજેછે મારૂં શરીર;
એવા ખોટા વેહેમથી મારૂં મન જાયછે ફરી;
રે વાહાલા ! હું તમારી પરણી સ્રીછું;
તમારા રૂદય સિવાય સર્વથી દુરછું;
સલુકાઈને નીતીનોછે મારામાં ભંડાર;
નેકીના સતીપણામાં હું છું અપાર;

સુલોચનાએ પોતાના સ્વામીને અનેક રીતથી સમજાવતાં તે નહી સમજવાથી ઈશવરને અરજ કરવી.

(કાંહાં પાણી કાંહાં પાણી યાર.) એ રાહ.

કયાં જાણી કયાં જાણ આજ, પ્રભુ હું કયાં જાણી કયાં જાણ આ-
જ—ટેક.

આંખ ફરકતી હતી મારી જેવારે, સ્વપ્ને ગીસાયો મુજતાત—પ્રભુ.
વિવલ થઇ આવ્યો દેખાયો, સતવાદી નંદ માહારાજ—પ્રભુ.
દીકરી ગણીને હારજ આપ્યો, થાપ્યો પીતા કરી મેં તાંહાજ—પ્રભુ.
કેમ કરૂં કયાં હવે હું જાણી, ઇશ્વર તું રાખજે લાજ;—પ્રભુ.

——:o:——

પ્રધાને નીરદય થઈ સુલોચનાને કાઢી મુકવી અને રાજાનો પ્રાણ લેવાનો વિચાર કરવો.

(કામણ દીસેછે અલબેલા તારી આંખમારે.) એ રાહ.

ફટફટ ભુંડી લજાવ્યું મારા કુળનેરે;
નકટ કુળનેરે, ખાધી ધુળનેરે—ટેક.
મળી ગઈ રાજાની સાથે, છેડો મુકયો તારે માથે;
હાથે માથાંમાં ધાલી ધુળનેરે—ફટફટ.
બેબુનીઆદ થઈ તું નારી, મારે મન તું થઇ અકારી;
મોહીત રહી બાવળની શુળનેરે--ફટફટ.
વઈલોચનછે નામજ મારૂં, કરૂંછું કામ હું ધાર્યું મારૂં;
નીશ્ચે લીધું રાજાના મૂળનેરે—ફટફટ.

બેત.

છુપું રાખી દીલમાં કીનાનું ઝેર;
રાજા આગળ જાણીછું મોડે રાખી મીઠાસને મેહેર.

સુલોચનાએ પોતાને પીએર જતી વખતે જંગલમાં કીધેલો વિલાપ.

(પીયાકે ચીત્રબન પ્રીતમ પ્યારે.) એ રાહ.

દીનબંધુ તું થઈને દયાળું, કેમ અબળાને ઝુરાવેરે—ટેક
જંગલ જંગલ રખડી હું થાકી, વાઘ વરૂતો ડરાવેરે;
પરમ કૃપાલુ છો પરમેશ્વર, દુ:ખથી ન કેમ છોડાવેરે—દીનબંધુ.
રસ્તો નથી જડતો પીયેરનો, આથી તું મુજને હરાવેરે;
ભક્તિ તારી હું દીનનીશ કરૂં, કેમ ન દીલમાં દયા લાવેરે-દીનબંધુ.

——o:o——

સીતાજીના મહીનાની રાહ.

રખડી રખડી થાકી જંગલમાંહે, નથી કાંઈ સુજતું;
કોમળ રૂદય કરે કલ્પાંત, સદા જે સુખી હતું—ટેક.
નંદ રાજાએ આવી બગાડયું, માહારૂં કાજરે;
પ્રાણ પતીએ તજી મને છેક, ઉતરાવ્યો મુજ સાજરે-રખડી.
શીર છત્રના દરશણ સીવાયે, રેહેવું તે દુ:ખ બહું;
દુ:ખની વીતેલી આ વાત, જઈ કોને કહું—રખડી.
દીનબંધુ હું તુજને વંદુ નમ્રતાથી આજરે;
નથી બીજો એકે ઉપાય રાખ મુજલાજરે—રખડી.

——:o:——

લલીત છંદ.

કેમ હવે કરૂં કંથને મલું, અરર કંથડા વિયોગથી બળું;
કર્યાં હસે અઘોર પાપ મેં અરે, સજા થઈ મને હાય હાયરે.
નથીજ માહેરૂં કોઈ આ ઠામરે, અરરછે પ્રભુ તારૂં નામરે;
શું કરવા અરે જન્મ આપીયો, અપરાધ શો કર્યો દોષ લાગીઓ.

——o:o——

સુલોચનાના અતીશય કલપાંતથી આકાશ-વાણીએ આપેલી ધીરજ.

(સખુરરે સખુરી તું પકડ ગુલનાર.) એ રાહ.

ધીરજધર ધીરજધર સુલોચના નાર;
સતી થઈ કેમ ખાયછે તું હાર—ટેક.
અધર્મીએ પકડીછે તારીરે પુઠ;
સત ચુકવવાને ફરેછે એ મુઢ—ધીરજ.
નકી માનજે સત્યનો છેરે જય;
સતીનાર તું રાખતી નહી ભય—ધીરજ.
પ્રભુ સત્યનો નીગેબાનછે;
સત્ય ઉપર સદા તે મેહેરબાનછે—ધીરજ.

———:o:———

સુલોચનાને માથે વાણીઆનો છોકરો મારી નાંખવાનુ ખોટુ આલ આવવાથી તેણીએ કીધેલો વીલાપ.

(કુંવરી કુવર મારા લાડકા.) એ રાહ.

કયાં જાઉંને હું શું કરૂં, કરૂં જીવન ત્યાગ;
દુ:ખ શી રીતે સંગ્રરૂં ન સુજે એકે લાગ;
સુખ સદા ગયું હાથથી.
ઘરની નીકલી વનમાં ગઈ, વનમાં લાગીજ આગ;
આ વાત જઈ કોને કહું, કયાંથી નીકાળ્યું અભાગ;
સુખ સદા ગયું હાથથી.
રઝળતી મરીશ હું ઓ હરી, કરૂં હવે શું ઉપાય;
માઠી દશા થઇ માહેરી, પ્રભુજી કરો સાહે;
સુખ સદા ગયું હાથથી.

છોકરાનું મૃત્યુ સાથી થયું, હું છું નીરઅપરાધી છેક;
શેઠાણી કહે દાસી ગને, શેઠ શાણો વિવેક;
સુખ સદા ગયું હાથથી.
સ્વામી કેવોછે માહેરો, કેવોછે મુજતાત;
દુઃખની વીતી કોણ જાણસે, પ્યારી મુજ માત;
સુખ સદા ગયું હાથથી.

——o——

સુલોચનાએ પોતાના પીતાના ઘરમાં કરેલી ઈશ્વર પ્રાર્થના.

(બાજે બાજે બાજેરે આજે બંગાલમાં ઘુંઘરી બાજે.) એ રાહ.

કરવું હવે શું મારેરે પ્રભુ કરવું હવે શું મારે;
હું રહીછું તારે આધારેરે, પ્રભુ કરવું હવે શું મારે—ટેક.
સત્ય મેં મારૂં મુકયું નથી મેં, વારે માગી તું ધાજેરે—પ્રભુ.
ફોગટ નંદરાજાએ ભજવી, અમરથો આવ્યો દવારેરે—પ્રભુ.
સતી સીતાને સાહે કરી તેં, દ્રૌપદીના પટ પુર્યારે—પ્રભુ.
લજા રાખો તમો તે પ્રમાણે, હું પણ આશરે તમારેરે—પ્રભુ.

——o:o——

નેનકમલશા, નંદરાજા, સતીસુલોચના, અને પ્રધાન, એઓએ ચોપટબાજી રમતી વખતે બોલેલા દોહેરા.

નેનકમળશા—ગંગોદક નીરમળ જશું, સદા પવીત્ર સાર;
એવું કુળ હોય માહેરૂં, તો પડ પાસા પોબાર. (પડયા.)
નંદરાજા—હંસ ગયો સરોવર વિષે, દીઠું અમૃતસાર;
દીઠું પણ પીધું નહીંતો, પડપાસા પોબાર. (પડયા.)
સુલોચના—સીંહ મૂછ ભોરંગમણી, કરપીચન સતીનાર;
જીવ ગયે પર હસ્ત જશેતો, પડપાસા પોબાર. (પડયા.)

પ્રધાન—સર્પ દેખી ભીતીનવ કરે, ચોર આગળ ભંડાર;
કામી આગળ કામની રહે, તો પડ પાસા પોબાર.

બેત.

બીજીવાર નાખો જો પડે, મારે મન અચરત તે અડે;
એકવાર પાધરૂં આવે સોય, સાચું તે માને નહી કોય.

નેનકમલશા—કહું છું તમને સાચી વાણ, સાંભળો સર્વે ચતુરસુ-
જાણ;
સાગો ઈશ્વર પુરે સાખ, નાંખોવાર હજારો લાખ.

દોહેરા.

નેનકમળશા—આંબે આંબજ ઉતરે, કેળાં કદલીક સાર;
બગાસ વાસ છોડે નહી, તો પડપાસા પોબાર. (પડયા.)

નંદરાજા—દેરૂં દીઠું દેવનું, દરશન કરવા જાય;
દરશન પણ પરશન નહી, તો પડપાસા પોબાર (પડયા.)

સુલોચના—તેજી સહે નહી તાંતણો, સુરો સહે નહી માર;
કુવચન સતી સહે નહી, તો પડપાસા પોબાર. (પડયા.)

પ્રધાન—સામાસેંજે સંચર્યા, સુંદર દેખી નાર;
વીવળ થઈ પાછો ફરે, તો પડ પાસા પોબાર.

બેત.

સજ્જન દીલમાં ધરજો ખ્યાલ, સાંભળીને મારો હેવાલ;
ત્રીજીવાર પડે પોબાર, તો વાત માનું હું નીરધાર.

દોહેરો.

નેનકમળશા—સીતાસમી નહી સુંદરી, વિદ્યા ધર્મ વિચાર;
સોને સામ અડે નહી તો પડ પાસા પોબાર. (પડયા.)

નંદરાજા—ભોજન પીરસ્યું થાળમાં, આપે કરવા હાર;
દીઠું પણ ચાખ્યું નહી, તો પડ પાસા પોબાર. (પડયા.)

સુલોચના—ઈશ્વર બિલા સર્વનો, નો ધારાનો આધાર;
સતરાખે સતીતણું, તો પડ પાસા પોબાર. (પડયા.)

પ્રધાન—મની આગળ પય રહે, અગ્નિ આગળ ઘ્રનસાર;
ભુખ્યા આગળ ભોજન ન રહે, તો પડ પાસા પોબાર.

બેત.

શાસ્ત્રને માનેછે સૌજન, કહુંછું સાંભળો રાખી મન;
વેદ વચન કેહેવાય ચાર, પડે પોબાર માનું નીરધાર.

દોહેરા.

નેનકમળશા—સત્યે બાંધી મેદની, સત્યે બાંધ્યો સંસાર;
જો સત હોય આ દીવસે, તો પડપાસા પોબાર. (પડયા.)
નંદરાજા—રત્ન અમુલ્ય શોભા ઘણી, લાભે ગયો તે ઠાર;
દીઠું પણ લીધું નહી, તો પડ પાસા પોબાર. (પડયા.)
સુલોચના—સત ચુકે જો સાધવી, તો ધરતી ન જીલે ભાર;
એવું સત હોય મુજમાં, તો પડ પાસા પોબાર. (પડયા.)
પ્રધાન—અરૂણ આગળ આરસી રહે, ઈંદુ આગળ અંધકાર;
જાર આગળ જુવતી ન રહે, તો પડ પાસા પોબાર.

——o——

સુલોચના પોતાના પતીને સમજાવેછે.

(ભલાજી મેં તો ગધથી ગબરૂકી સાથ.) એ રાહ.

માનો માનો સ્વામીજી મારી વાતરે;
હું કહુંછું તમોનેખરેખાત—ટેક.
પતીવ્રતાપણું મુકયું નથી મેં;
કલંક મુકોછો સાને માટરે—હું કહુંછું.
તન મન સોંપી દીધુંછે તમને;
અવર કોઇ નહી સંગાતરે—હું કહુંછું.
હઠીલા થાવો નહી મારા વાહાલા;
પીયેરમાં પછાડુંછું જાનરે—હું કહુંછું.
દીલે દયા લાવો મને નહી દુભાવો;

તેડી જાવો મનેરે તમો સાથરે—હું કહું છું.
વાહાલા પ્રાણ પ્યારા, ઉતારો દુઃખના ભારા;
ખુશી થાયે પીતાને માતરે—હું કહું છું.

—o—

જંગલમાં પ્રધાને પોતાના મન સાથે વીચાર કરવો અને રાજાનો પ્રાણ લેવો.

બેત.

હાઃ રાજાપર લેવા મુજનુ વેર;
એનુ કાળજું ફાડું તો, વળે મુજનું કહેર.
જેમ ફીલસુફનું કામ નહી સમજે ધોબી;
તેમ રેઃ ચંડાલ તેં નહી પીછાની મારી ખુબી.
રે! મુજી તેં નહીં બુજી મારી મેહેનતની કદર;
સુલોચના આગળ ગયો રાખી બદ નજર.
દગો કરી તું મારેથી નથી ફાલવાનો;
દગો આ ખંજરે તને ઠાર કરવાનો.
દગાખોરછે ઇશ્વરનો બુરો ચોર;
બીજાને દુઃખી કરતાં, પોતેજ થાયછે ઢોર.
માટે તું ચંડાળને જીવતો રાખવો લાયક નથી;
તું પાપીને મારવામાં કસું પાપજ નથી.
તું ચંડાળના જીવવાથી પ્રજા દુઃખી થશે;
ને દુષ્ટ નજરથી સર્વે સ્ત્રીઓની લાજ લુટસે.
માટે આ ખંજરથી લેઉં તારો પ્રાણ;
ને પછી કરૂં પાપી સુલોચનાની હાણ.

—0:0—

પ્રધાને રાજાનો પ્રાણ લેવો અને રાજાએ આખરીનું ગાયન ગાવું.

લુસી નીલની રાહ.

અરે ઓ પ્રધાન કીધું શું આ તેં કામ;
જંગલ દરમ્યાન તેં લીધો મારો પ્રાણ—ટેક.
રદયમાં દાઘ રાખી લીધું તેં તારૂં વેર;
દુષ્ટ કામથી નકી થાસે નગ્રમાં બહુ કેર—અરે.
ન આવી મુજ બાળની તુંનેરે દયા;
મુજ બાળ ઉપર કરજે ઈશ્વર તું મયા—અરે.
કરપીણ કાળા કામ કરનાર તું રાખજે તપાસ;
કીંમા કરી બજાવજે મારી તું તો લાસ—અરે.

———o:0:o———

રાજકુંવરનું આવવું અને પોતાના પીતાનું શબ જોઈ રૂદન કરવું.

લલીત છંદ.

અરર ઓ પ્રભુ આવડાં કશા, દુઃખ વાદળાં હું શીરે દશા;
ગજબ સો થયો દાટ શો વલ્યો, નશીબનો ફુટયો હું નીસર્યો;
ખુન થયું કેમ મુજ તાતનું, પ્રથમ રાતનું કે પ્રભાતનું;
અરર ઘાવ આ સાથી રૂજસે, પ્રીય પીતા હવે કયાંથી આવસે;
પુત્ર કહી મને કોણ તેડસે, મુજ દુઃખે દુઃખી કોણરે થસે.

———o———

રાણી આવેછે અને રૂદન કરેછે.

લલીત છંદ.

અરર ઓ પ્રભુ હાય હાયરે, જીવન એકને જુદી કાયરે;
ધડ ઉખેડીને શીશ કાપીઆં, સુખ ઉસેડીને દુઃખ આપીઆ.
ભવ તુટી પડયો ભારે દુઃખનો, નીશ ગલી ગઈ દીસ સુખનો;
રતન લુટીઉં કુર કાળ તેં, ભર સમુદ્રમાં ડેલાને ગને.

આમા નહી શકયો કાળ મુજનો, ઝડપ ગોઠવી દુઃખ ફોજનો;
સમય રૂઠીઓ કુર લેખથી, સમજી નહી રહી દેખરેખથી.
કદી ન આવશો શી ગતી થસે, અમુંચ બાળનું હંશ શું થશે;
તજી ગયા કોહો કોણ આસરે, અવર કોણનોછે વિશ્વાસરે.
પીતા વના કહે બાળને સહુ, અરર કંથ આ કલેશ કાં સહું;
અરર હાયરે હાય હાયરે, હ્દય ફાટીને રાખ થાયરે.

સીપાઈઓનું પ્રધાનને બાંધીને લાવવું અને રાજકુંવરે તેને પુછવું.

બેત.

રએ વજીર જુઠું બોચરે, આવ્યો કાગવણ ખુટે મરે;
નહી મુકુ તુજને આદીશ, નીચ પાસે છેદાવું શીશ.

——0:0——

પ્રધાને રાજકુંવરને આપેલો જવાબ.

બેત.

મુજને અશ્વ લેવા મોકલ્યો, મારે મોહોલે આવ્યો એખલો;
વીંટી શાલ દીધી પ્રતીહાર, મુજ પત્ની સાથ રમ્યો તે જાર.
માટે મુજને આવ્યો ખાર, મેં માર્યો રાજા નીરધાર,
વણુ વાંકે મારે આપેર, તો પેલે ભવ વાળીશ હું વેર.

——0:0——

પ્રધાનના બોલવાથી રાજકુંવરે આપેલો જવાબ.

બેત.

પ્રધાન નહી હતો એવો મારો બાપ, પતીજ કરી આપેતો ખુન કરૂં માફ;
નહીતો તુજને મારૂં આદીશ, નીચ પાસે છેદાવું શીશ.

એટલામાં સુલોચનાનું આવવું અને રાજ કુંવરે તેને કેહેવું.

સાચું બોલ અએ સતીનાર, જેથી ઉગરસે તારો ભરથાર;
નહીતો એને મારૂં આદીશ, તે હત્યા બેસસે તુજ શીશ.

—:0:—

સુલોચનાએ રાજકુંવરને આપેલો જવાબ.

બેત.

સતી જુઠું બોલે જારે, બ્રહ્માંડ તુટી પડે ત્યારે.
સતીનાર જો બોલે આળ, તો પૃથ્વી જાય પાતાળ;
સતી સત જો ચુકે આજ, તો વિશ્વાસનું કોણ કાજ ?
સતનો સુરજ સાખીયો, સતનો બેલી સૌ કોઈ;
સતી સત ચુકે નહી જો કુળ અવલ હોય;
કહોતો અગ્નિ ઉપાસીએ, કહોતો રાંધુ ખીર;
હસ્તી બાંધુ કાચે તાતણે, એટલી રાખું ધીર;
કહોતો જળ બાંધું ગાંઠડે, કહો તે કરૂં ઉપાય;
કરી દેખાડું પારખું પતીજ તમારી થાય.

—0:0:0—

સુલોચનાના બોલવાથી પ્રધાને ગુસ્સામાં આપેલો જવાબ.

બેત.

જેને માથે પડે તેવન પગલે મેરૂં ચઢે;
રાંધે ખીર અગ્નિમાં જાય, તે સતી નહી શુરી કેહેવાય;
કાચે તાંતે બાંધે ગજ, તે અસ્ત્રી ચરીત્ર ઉપર ધ્વજ;
તે માટે જુઠીછે એ નાર, ગમેતો વણ વાંકે માર.

સુલોચના ઈશવરને અરજ કરેછે.

નારાચછંદ.

પ્રણામું હું વાંરમવાર ઇશ્વર આહે દાસીને કરો;
જયદેવ પરમ દયાળ પ્રભુજી દાસીના સંકટ હરો;
એક ચીતે નામ લ્યે તે પતીત પાવન થાયછે;
જેપર કૃપા થાએ તમારી, પાપ તેના જાયછે;
શરણે તમારે આવે તે નાર થાએ જગમા નીરડરો;
જય દેવ પરમ દયાળ પ્રભુજી દાસીના સંકટ હરો.
જાણી અનાથ મને મારી વારે ચડજો શાંમલા;
હું સત્ય કહું સત્ય કહું મેલી મનના આમલા;
ઓધ્ધાર તેનો થાએ જેને માથે કામલ કર ધરો;
જયદેવ પરમ દયાળ પ્રભુજી દાસીના સંકટ હરો.

સુલોચનાએ ઈશવરને અરજ કરવાથી અપછરાએ આવીને અમરત કુંપી આપવી.

(પ્યારી નામ સાંભળી થયોછું ઉદાસ.) એ રાહ.

સતી તારૂં સત્ય ન વરણ્યું જાય;
સ્વર્ગમાંહી પણ તે માટે જય જયકાર બોલાય—ટેક.

સાખી.

સ્તુતી તારી સાંભળી, ખુશ થયા વિશ્વાધાર;
તે કારણથી મુજને મોકલીછે આ વાર—સતી.

સાખી.

પ્રીતે બેની લેને તું અમૃત કેરો કૂંપ;
મુડદાં ઉપર છાંટસે, સજીવન થશે ભૂપ—સતી.

રાજાનું સજીવન થવું, પ્રધાનનું છુટવું અને બધા મલીને ખુશાલીનું ગાયેન ગાવું.

(ફતેહ પોકારો દંમ દંમ.) એ રાહ.

અંતે થયો જય જય, સુલોચના થઇ નીરભય;
નંદરાયનો ગયો ભય, સત્યનો થયો જય જય—ટેક.
વિઘ્ન થયું સઘળું દુર, ખુશાલી થઇ ભરપુર;
પ્રધાનનું ગયુંછે નૂર, રઇએત મનમાં આવ્યું શુર—અંતે.
ઓછવ નંદ નગ્રમાં થાય, ઇશ્વરે કીધીછે સહાય;
સત્યની ઝાલીછે બાંય, પ્રજા મનમાં બહુ હરખાય—અંતે.
સત્યની સરસાઇ થઇ, સત્યે ખુબી આવી રહી;
સત્ય પાપી ખુબી કઈ, જોઇશું આપણે જહીં તહીં-અંતે.
ઈશ્વર સત્યનોછે સહાય, રંક હોય કે કોઇ રાય;
સત્યનો તે ભલો થાય, કરેછે ખરો તે ન્યાય અન્યાય-અંતે.

આર્ય સુબોધ નાટક મંડલીમાં

દ્રૌપદી દર્શન નાટકમાં

ગવાયલાં ગાયનો.

રચનાર કવીરાજ નર્મદાશંકર લાલશંકર.

સૂત્રધાર— વિઘ્નહરણી જયકરણી મંગળા, શકતીને સમરીએ—પ્રભૂ.
ચક્ર ભ્રમણ સમયનું નીરખવું, ધર્મ જય ધરીએ—પ્રભૂ.
રાજ્ય લક્ષ્મી અવકળા કળામાં, દુઃખ સુખ ભરીએ-પ્રભૂ.
એ સરવેનું દરશન લેવા, ભેળા અહીં કરીએ—પ્રભૂ.

—:૦:—

નટી—(ગાયછે) દ્વાપરને અંતે કલિઆરંભે પાંડવ કૌરવ જુદ્ધ તણો,
જે આંએ વધ્યો અધર્મ કેરો વેર દ્વેશનો ભાર ઘણો,
તે સતી દ્રૌપદી પાંડવ પત્ની એક નિશ્ચયે ધર્મ ધરે,
જય પાંમી પૂર્ણજ; ચરિત તેનું આ રંગ ભૂમિપર રંગ ભરે. ૧

દ્વાપરને અંતે કલિ આરંભે પાંડવ કૌરવ જુદ્ધ વડું,
જે પુરૂષે યોજ્યું અધર્મ હણવા ધર્મ સ્થાપવા કર્મ વડું,
થઈ સહાય મેટો પાંડવનો જે કપટ કૂડબળ સઘહરે,
તે દૃઢ સંકલ્પો લીલા ગાટી રંગ ભૂમિપર કૃષ્ણ કરે. ૨
દ્વાપરને અંતે કલિઆરંભે પાંડવ કૌરવ જુદ્ધ થયું,
ત્યાં બાહુ પરાક્રમ દાખ્યું પાંડવે ધર્મ રાજ્યનું તેજ રહ્યું,
શકને વર્તાવ્યો યુધિષ્ઠરે ને નવી સૃષ્ટિનો થયો ઉદે,
એ રંગ સમયના રંગ ભૂમિપર જોઈ લોક શિખ ધરો હૃદે. ૩

ગાયક—શ્રીગતિ ફગત, ધન ધન ધન ધન ધન ધન,
શ્રીચે સંપૂર્ણ સોહે રાજ—સકલજન—કીરતિ.
પાંચાળેશ્વર રહો જી પ્રસન્ન,
વધો પ્રતાપ, દિન દિન દિન દિન દિન દિન—શ્રીયે.

——:o:——

વિપ્રસુ પાર્થા—ઓહો શું આ છે તેજ નગરી જોઈ મેં સંવત્સરે,
નવ ઓળખાયે ત્રણ યોજન, એટલી એ વિસ્તરે;
ધ્વજ કળશ ઝળકે ઝગઝગે, શીખર તો કનકાં ભરે,
રાજા કુટુંબ પરિવાર સેવે, શોભતાં અહિં તહિં ફરે? ૧
રે કેટલા હાથી ઘણા ઘોડા અને રથ પાલખી,
ક્ષત્રીતણી સંખ્યા વળી, સોબ્રાહ્મણોની ના લખી;
વેપારિઓ ઝવેરિયો, જોનારની ગણના નથી,
શોભા વડીનો લાભ એ છે રાજ દ્રૂપદ માનથી! ૨

——o:o——

ગાઓ પ્રેમે પ્રભુ શ્રીરંગ મારારી
એ છે ભયહારી ને મંગળકારી—

મચ્છ થઈ ગતવેદને આણ્યા, શંખાસુરને મારી;
કચ્છ થઇ કર્યું સાગર મંથન, ચૌદ રત્ન નિરધારી—ગાઓ. ૧
વારાહે પ્રથ્વી પાતાળેથી આણી, હિરણ્યાક્ષને સંહારી;
નૃસિંહે હિરણ્યકશીપુ વિદારી, પ્રહ્લાદ રાખ્યો ઉગારી—ગા. ૨
વામને બળિને છળી કર્યો ઇંદ્રને, રાજી એનું કાજ સારી;
પરશુરામે હણ્યા ક્ષત્રી સમૂળા, મદમાતેલા ભારી—ગા. ૩
રામે અભિમાની રાવણ રોળ્યો, જેણે ઇચ્છી બહુ નારી;
અદ્‌ભુત લીલા દાખી દયાળે, લીન ને ભક્ત ઉધારી—ગા. ૪
મદનો નથી હરિ નમ્રતાનો છે સત્યતણો કેવારી;
ભક્તનું ઇષ્ટ તે પૂરણ કરતો સંકટ સકળ નિવારી—ગા. ૫

:—:o:—

દ્રુપદરાજા—હેડો હેડોની કોઈ ગએ, વેધી મચ્છ વરો કન્યાએ;
વેધી મચ્છ વરો કન્યાએ, પણ મારૂં ન મિથ્યા થાએ. ૧
મૂને ખેદ થાય આ જોયે, મચ્છ વેધી શકે નવ કોયે;
કીર્તિમંત ક્ષત્રી સો સોયે, પણ શું વીર ન અહિયાં હોયે. ૨
માથે મુગુટ મુકવાકે વારૂ, હવે ગાર્થ કરો પણ મારૂં;
કોટે ઘાલવાકે મોતીની માળ, દાખિ વાર્ય પેરો વરમાળ. ૩
કો ન ક્ષત્રિજાયો ભિડે હામ, વિપ્રમાંથી કરો કોઈ કામ;
સભાકેરી ને મારી રે લાજ, વળી કન્યાનું સરશે કાજ. ૪

—o:o—

(વિપ્રધનુષની પ્રદક્ષિણા કરી બાણ સાંધેછે
અને તેનો સાથી ગાયછે.)

વિપ્રનોસાથી—જૂઓ જૂઓ વિપ્રે ભીડી હામ, ધનુષ છટાએ ધર્યુંરે;
કરે કાપડી ક્ષત્રીનું કામ, ધનુષ છટાએ ધર્યુંરે. ૧
એનો જૂઓ અંગ મરોડ, ધનુષ છટાએ ધર્યુંરે;
ગળ્યાં ગર્વી ભૂપતનાં કોડ, ધનુષ છટાએ ધર્યુંરે ૨
એનો જુવો નેત્રનો લક્ષ, ધનુષ છટાએ ધર્યુંરે;
શર યોજવે કેવોછે દક્ષ, ધનુષ છટાએ ધર્યુંરે. ૩
ઓહો એણે વંધ્યોજ મત્સ્ય, ધનુષ રૂડું કર્યુંરે;
વરમાળ એ પેરશે સદ્ય અદ્ભુત વિપ્રે કર્યુંરે. ૪

—o—

(દ્રોપદી સખીઓ સાથે વરમાળ પેરાવવા હેડેછે.)

સખીઓ—સખીઓરે આજેછે મંગળ ટાણુંરે,
ગાઈએ અવસરનું શુભ ગાણુંરે ૧
રાજાજીની પૂરી પડી વડી હોડરે,
બાઈજીનાં અંબા તે પૂરશે કોડરે. ૨

રાજ કન્યા હાથિણી ઉપર ભાગિરે,
કુમારિકા થઇ સહુ ઉજમાગિરે ૩
બાઈજીનું પવિત્ર તેજ નિહાળિરે,
પુત્રે નવ વધાવી પૂજી વાળિરે. ૪
શામળીની તક તકતીછે કાંતિરે,
લલાટની ટિલડી મોતી ઝળકાંતિરે. ૫
કોટે ઝળકે હીરામણીનો હારરે,
વિજળીપેરે ચમકે બાંહોની ધારરે. ૬
નથનો હીરો ચળકે ઝબૂકે ઝાલરે,
નેપૂરનો રણકો કરે ગજ ચાલરે. ૭
છૂટે કેશે બાઈ દીપે જેવી દેવિરે,
ચોળી રાતી પીળીછે ચૂંદડી એવીરે.

——o:o:o——

સખીઓ—(બીજું ગાયન) બાઇ કાંઇ દીસે દિરમ કરે;
પણ અંતરે તે હરખાય, મનનું માન્યું થાય,
પેરાવેછે માળને. ૧
બાઇ પેરાવીને વરમાળ તે;
ઉભાં ગરુડ વેધૂની પાસ, ફળો એની આશ,
ક્ષત્રીવર એહનો ૨
બાઈ હેત તમારૂં ન વીસરે;
અમને છુટાં પડયાંનું દુખ, થાઓ તમને સૂખ.
એમાં સૂખ માનશું ૩

——o:0:o——

દ્રોપદી તથા સુભદ્રા—ધન ધનછે દાડો આજ, કિરીટી ઘેર પધારેરે;
વર્ષે તે પુરે બારેરે, ફરી સંજોગ સારેરે—ધન. ૧
વાલા વાગણાં લેશે, આલિંગન ક્ષેમ માટેરે;
કુટુંબ મેળો વધારેરે, સુભદ્રા હર્ષ તારેરે—ધન. ૨

વિપ્રનું દાન હું દેશી, જમે કુટુંબ હારેરે,
વિજોગ દુઃખ વિસારેરે, પ્રજા પુરી શૃંગારેરે—ધન. ૩
એ હું જોઈને હાવાં, કિશોરી ઘેર પધારેરે,
વર્ષે તે પૂરે બારેરે, ફરી સંજોગ સારેરે—ધન. ૪

સ્તુતિ પાઠક—જૂઓ જૂઓ સભા મંડપ આ—
મહા સમૃદ્ધિ ધર્મ રાજાની, ઝળઝળ શોભે આં.

સ્ફાટિક શીલાતણી ભુમિને, નવે રતનના,-માણક મોતી, પરવાળુ ને, લીલું પાનું, પોખરાજ વળી, હીરા નીલમ, ધ્રુ ઘરંગી ગોમેદ લસણિયો, એના સ્તંભો, વિધ વિધ રંગી, અનેક બીજા, પાષાણોના ઘડયા ધારતે—જૂઓ. ૧

ઘણી પૂતળી, કોક એજતી, કોક બોલતી, પધારિયેજી, કોતરણીની, બહુ થયું કેતાં ગંધ કેહેતી, પશું પંખીઓ, જળચર જંતું, ખરી આકૃતી, ખગ રંગમાં, ખરે સ્વભાવે, ઘણાંક લેખ્યાં, નર નારીનાં સુંદર ચિત્રો—જૂઓ. ૨

સપ્ત દ્વીપ નવખંડ દેશ ગિરિ, વંન વાટિકા. વૃક્ષો વેલી, ફુલ ફળ તાજાં, ધાન્ય શાકને, વનસ્પતી બહુ, ઝરણુ સરોવર. કોઈમાં તો, કમળ સુનાનાં, સુવાસવાળાં, કુવા વાવને, નાળાં નદિયો, સમુદ્ર સેતુ વાહનગતાં—જૂઓ. ૩

ભુવન ચતુર્દશ, પોખરાજનું, બ્રહ્મભુવન ને નીલ રતનનું વૈકુંઠ શોભે, હીરાનું કૈલાસ કર્યુંછે, મૂર્તિઓમાં, નવ ગ્રહ કાડયા, દશ અવતારો, મૂર્તિ ચીતર્યાં, શિવ વિષ્ણુનાં, દેવદનુજને મનુજ કળાઓ, બહુપ્રબોધિ—જૂઓ. ૪

સુવર્ણ કેરું વડું સિંહાસન, સાદું ભવ્યજ, ઓસીસાં સહ, સુંદર શોભે, છત્ર ઢળકતું. સુનાનું પણ. જડિત હિરાએ, આવરમણીની, ઝલઝબુકે, જમણે ડાબે, સૂર્યકાંતને સોમકાંતછે, કૌસ્તુભ મણિને વળી સ્યમંતક, દાને પ્રકાશી—જૂઓ. ૫

દુર્યોધન—શત્રુની સંપતી, દેખી દાઝયું બળ્યું હૃદય મારૂં
હાસ્ય કર્યું તેઓએ, હવે શું જિવવું ગરૂં કે હું મારૂં. ૧
રાજ્ય ત્યાગ કરીને સેવૂં વન કે કરૂંજ વિષ પાન;
ઉપાય દૂજો કો નહિ, મામા છેલ્લું કહું છું તું માન. ૨

દ્રૌપદી—મૂકાવ દુષ્ટ અન્યાયિથી, અબળા થઈ રે નિરાશ;
ભક્ત વત્સલ ભડભૂધર, આશા કપટનો પાશ-મૂકાવ. ૧
વિર ધૂરંધર પાંડવો, સ્વામી મારાછે દીન;
નીચું જુવે વળી લાજમાં, આજ પુરી હૂં દીન-મુકાવ. ૨
વેળા દોહેલી હું દાસણી, નૃસિંહ પિતું સંભાળ;
ઉછેરીને ન ઉવેખિએ, તારૂં વરદ સંભાર—મૂકાવ. ૩

ઊત્તરા—પિતા પ્રિયરે, નાટ્ય કળા મારે શીખવી.
રૂડું નૃત્ય આવડયું કાંઈ
કરૂં ગાજી સર્વને ગાઈ
નથી હજી નાટ્યકળા સમજાઈ—પિતા. ૧
ત્યાં નરનારી મોહાઈ
કરે વેશ વાણિ ચતુરાઈ
બનાવટ રંગલાની વખણાઈ—પિતા. ૨
વન સભા દિપે ચિતરાઈ
જન કોઈ દોષ ગુણ કાંઈ
ધરે નિત્ય નીતીતણી મહતાઈ—પિતા. ૩

વિરાટ—એ હરિ કૃપા સમજિએ, થયા મુક્ત પાંડવ—ટેક.
કપટી દુર્જન દાવમાં, આવી પડિયા સંત;
ચળ્યા નહી કહિં ધર્મમાં, હરિયે રાખી અંત—એ હરિ. ૧

ટીપાયું તાવ્યું લોહતે, અધિક ઉજ્જ્વલ હોય;
પાંચાળીનું વ્રત વડું, ઓજસ સંધે સોય—એ હરિ. ૨
ઉદે થયો ફરી ભાગ્યનો, ધરી ભૂધરે દાજ;
તેર વર્ષ દુઃખનાં ટાળ્યાં, પાછું મળશે રાજ—એ હરિ. ૩

વિરાટ રાણી—(આરતી કરેછે) રૂદ્ર દત્ત ઘંટડી વગાડતો સાથે ભણેછે.)

જય દેવી જય દેવી, જય જય પાંચાળી;
દર્શન પ્રૌઢું સુંદર, સ્નેહાળી કાળી!—જય.
યાજ્ઞસેની દ્રૌપદી શ્રી ધર્મ તણી રાણી;
દુર્જન બળિયા સામાં દાખ્યું તેં પાણી—જય.
સ્ત્રી વળી પાંચેની પાંચેની પણ ઇર્ષા નવ આણી;
સંકટ નિર્ભય ધીરી ભક્તિ ચક્ર પાણી—જય.
ભાગ્ય ભુંડું પણ વ્રત દૃઢ એનો જય જાણી;
પૂજે કુળવંતીઓ પૂજ્ય સતી માની—જય.

યુધિષ્ઠિર વિરાટ સૌ (ઉભા થઈ)

ભક્તિ અવિચળ દીજો, યાચીએ હો દેવા—ટેક.
અંતર નિર્મળે ગર્વ ગળેલે પ્રેમ પુરે કરીએ અમે સેવા—ભ૦ ૧
દીન ઉધારો સંકટ નિવારો સૂખ કરો પ્રભુ છો તમે તેવા—ભ. ૨
તત્ત્વ વિજ્ઞાને દેવ ઇષ્ટ શ્રી કૃષ્ણ ભજી ધરમે વળી રેવા—ભ. ૩

રચનાર
કવીરાજ નર્મદાશંકર લાલશંકર.

રાજા ચંદન અને સતી મલ્યાગરીના. નાટકમાં ગવાયેલાં ગાયનો.

—o:o—

અગાઉની નાટક મંડલીમાં ગવાતી ઈશ્વર સ્તુતી.

પદ.

(વિનતી ધરજો ધ્યાન સજન સો વીનતી ધરજો ધ્યાન.) એ રાહ.

સર્વે મળીને—કૃપા કરો ભગવાન, પ્રભુજી કૃપા કરો ભગવાન;
છઇએ હમે નાદાન, પ્રભુજી કૃપા કરો ભગવાન—ટેક.
આપસત્તાથી કામ આરંભ્યું, તેથી મળે બહુ માન-પ્રભુજી.
દસ દીશાએ નામ અવીચલ, છો સર્વે ગુણવાન—પ્રભુજી.
ધન સુખ સંપતી અવીચલ આપો, આપો શુભ માન—
પ્રભુજી.
"હોરી," તમને વંદન કરેછે, ગએછે તમોપર ધ્યાન-પ્રભુજી.

—o:o—

જે કંપની હવે આ નાટક કરસે તેમાં નીચલી ઈશ્વર સ્તુતી ગવાસે.

ઊપલી રાહે.

સર્વે મળીને-છો તમે દીન દયાલ—પ્રભુજી છો તમે દીન દયાલ—
ટેક.
નારદ શારદ શીવ બ્રમાદી—તમને ભજે ત્રેકાલ—પ્રભુજી.
નામ તમારૂં મુખથી લેતાં—છુટે જગત જંજાલ—પ્રભુજી.
પતીત પાવન અશરણ શરણ—નામછે પરમ રસાલ—
પ્રભુજી.
તમને જાણ્યા વિનજીવ ભટકે—સ્વર્ગ મૃત્યુ પાતાલ-પ્રભુજી.

જે જન શરણે આવે તમારે—તેની કરો પ્રતીપાળ-પ્રભુજી.
પારસસ્પરશે થાયે કંચન—જેમ ધાતુ તતકાળ—પ્રભુજી.
આશા પુરણ કરજો હમારી—જાણીને નીજબાલ-પ્રભુજી.

—0:0:0—

રાજા ચંદનની દરબારમાં કંચનીઓએ કીધેલી રાજા ચંદનની તારીફ.

(જલભરને જાત જમનાકે ઘાટ.) એ રાહ.

ધન્ય ધન્ય તું રાજા ચંદન, ધન્ય ચંદનાવતી નગરી તારી—ટેક.
ઈનસાફ આદલ સતવાદીછો, સર્વ રૈયતને સુખકારી—ધન્ય.
જગમાં જશ ગાયે નારી નર, પ્રતાપ તમારોછે ભારી—ધન્ય.
સુખછે રાજા ઈંદર જેવાં, હું તારી વારી જાઉં બલીહારી—ધન્ય.

—0:0:0—

રાજા ચંદન ઘણોજ ખુશી થયાથી કંચનીઓ બીજું ગાયન ગાયછે.

(ગઈ એક એ એ. જો હવા પલટ.) એ રાહ.

વાહેવાહે રાયજી, મુજપર દયા મોટી કરી;
શું વખાણું જશ તમારા, જગતમાંહીછે ભારી—ટેક.
કોઈ નથી પાછો ફર્યો, જાચક તમારે દ્વારથી;
સર્વની ઉમેદ પુરી થઈ, છે તમો આગળ જારી—વાહે.
સંપદાછે કુબેરસમ, દાની બીજો જાણે કરણ;
સતવાદી ધર્મના સ્તંભછો, પ્રસન તમોપર શ્રી હરી—વાહે.
રાજઆગર રહો તમારું, તેજ જગમાં તપો;
નાશ થાજો તે કોઈ, જગમાં તમારો હોય વેરી—વાહે.
સર્વ ગુણ ભંડારછો, ઉપમાં કહ્યું હું [illegible];
રહેમ મુજઉપર કરો, જાણે તમારી કીંકરી—વાહે.

સનીદેવે રાજા ચંદનને પુછેલો પ્રશ્ન.

(ગગહગને દીલ સનમકુદીયા પીર ફીસીકુ કયા.) એ રાહ.

સનીદેવ—શું ઘેનમાં ઘેરાએ રાજા ? થાની તું હોંશીઆર;
હું વાત જે પુછું તેનો તું, જવાબ દે નીરધાર—ટેક.
કહેતો પડું હમણા તુજપર, કેહેતો ઘડપણ માંહી;
જે પાપ પેલેભવ કર્યાં તે, ભોગવો આવાર—શું ઘેનમાં.
જેવાં જેવાં કર્મ કરે, કોઇ જે જગતમાંહી;
તેવાં તેવાં ફળ આપે, જગતનો આધાર—શું ઘેનમાં.
ભોગવ્યા વિન પાપનું ફળ, છુટશો નહી;
આ વાતનો ઉત્તર કહો, મનમાં કરી વીચાર—શું ઘેનમાં.

—o:o—

સનીદેવને રાજા ચંદને આપેલો જવાબ.

ચોપાઇ. (જોગીઓ.)

સત્ય કહું છું સની માહારાજ, મારા શીરનાછો તમે તાજ;
હમણા દુઃખ પડો હગપર, ગમનારછે સત્ય ઇશ્વર.
તેમાં કોઇનું જોર ન ચાલે, નીશ્ચયે થાસે લખ્યું જે આ ભાલે;
માટે હું તોરે ખાતો નથી, સત્ય વાત કહું છું રે કથી.

—o—

રાજાપુંદરીકના લશકરે ચંદનાવતી જીતવા જતી વખતે ગાયલું ગાયન.

(અલિફ્સે તું યાદકર અલાહકુ આદમ.) એ રાહ.

લશકર—ચાલોની સૌ ચાલો તમે લડવાને આ વાર,
મારી કાપી દુસ્મનોનો, કરીએ જઇ સંહાર—ટેક.
કોઇને મારો તેગતબર, કોઇને તરવાર;
કોઇને મારો વીર ભાલા, કોઇને કટાર—ચાલોની.

થઇછે સામા સામી હવે, થાઓની હોંશીઆર;
પકડોને જાવો પકડો હવે, કરવો શો વીચાર—ચાલોની.
વજાડો વાજા જંગના, મારી કરો બેજાર;
ફતેહ સદાછે આપણીને, દુસ્મનોની હાર—ચાલોની.
ચઢીને કીલ્લા ઉપરે, દરવાજા તોડો યાર;
જઇને શેહેરમાંહી લુટો, હાટને બાજાર—ચાલોની.

—o—

રાજા ચંદનના દ્વારપાલે પોતાના રાજાને આપેલી ચેતવણી.

દવારપાળ—(અરે ઓ પરી સબ્જ હો બેહયા.) એ રાહ.
ફરીઆદ ફરીઆદછે રાયજી, લડવાને રાય પુંડરીક આવ્યો સહી-
ટેક.
અગણીત લસ્કર નહી જેનો પાર, તે આવીને ઉભોછે કીલ્લાની
બાહાર—ફરીઆદ.
બહુ બુમો પાડેછે મચાવેછે સોર, જણાવેછે પોતાનું જબરૂં એ
જોર—ફરીઆદ.
કહું સુજને કર તારા રાજને જાણ, મુકી નગ્ર બાહાર લઇ નીકલે
પ્રાણ—ફરીઆદ.
તે માટે માહારાજ થાઓની તૈયાર, કરો હુકમ લસ્કરને લડવા આ
વાર—ફરીઆદ.

—o:o—

રાજા ચંદનના દવારપાલે રાજા ચંદનના પ્રધાન આગલ પોતાની કીધેલી તારીફ.

બેત.

મારે તેની પાછળ ચાલું, ભાગે તેની આગળ થાઉં;
કદી લડાઇ શરૂ થઇતો, બુમો પાડી નાસી જાઉં.

પુરવમાંથી બુમ પડેતો પશ્ચીમ દીશામાં ઉભો રહું;
દક્ષીણમાંથી આવે લસ્કર, તો હું વાટ ઉત્તરની લઊં.
માખી મારૂં પાંખો તોડું, દાંતે માખણ ચાવી ખાઊં;
સો મુક્રીથી પાપડ ભાંગું, એવો રજપુત હું કેહેવાઊં.
નાના બાળક બુમો પાડી, રડતા હોયતો કદી ન બીઊં;
તરસ વધારે લાગી હોયતો, બેચાર લોટા પાણી પીવું.

રાજા પુંડરીકના લશકરે ચંદનાવતી નગરી આગલ ગાયેલું ગાયેન.

લશકર—(વીદાયાવો, વીદાયાવો રાજ શ્રી માટે) એ રાહ.

શુરાજન તનમનથી સૌ ચાલો,
શત્રુઓને આપણે, મારી ફાડી કાઢો—ટેક.
હીમત રાખજો સૌ, અસુરને હંફાવીએ બહુ;
શું એનોછે મગદુર, હીમતે બલકારો—શુરા.
ક્રીધાંછે આપણે હેરાન, લઇશું ચંડાળોના પ્રાણ;
આ તરવારે કાઢી જાન, ભાલા ભચ ભચ મારો—શુરા.

રાજા પુંડરીકના લશકરે ચંદનાવતી નગરીના કીલ્લા આગલ ગાયેલું ગાયન.

અંગ્રેજી રાહ.

લશકર—ચાલો શુરવીર ધરવી નહી ધીર, (બે)
માર્શું તાંકી તાંકીને ખુબ તીર, (બે)
દુશમનોના ઉરાડસું શીર—ચાલો.

રાજા પુંદરીક અને રાજા ચંદનની વચ્ચે થયેલા સવાલ જવાબ.

બેત.

રાજાપુંદરીક—મુકી કીલ્લો બાહાર, આવની રાજાચંદન તું;
અી સરીખો છુપી રહોછે, આ કીલ્લામાં તું શું ?
રાજાચંદન—સાંભળો દુષ્ટ પુંદરીક, તું ગર્વ ના કર લગાર;
ગર્વ તારો ઉતારસે, મારી આ તરવાર.
રાજાપુંદરીક—એવી હીમત રાખેછે તો, જોવું મારૂં જોર;
એક પળમાં પોહોચાડું, જ્યાં છે નર્કમાં ઘોર.
રાજાચંદન—મારા જોરને અરે પાપી, તું ભુલી ગયો આજ;
હજારોવાર રણમાંહેથી, નાહાઠોતો શું નથી આવતી લાજ ?
રાજાપુંદરીક—સ્ત્રૈણ સરીખો બકી રહયોછે, મોઢેથી શું બોલ ?
કરની ઘાવ આ સર્વે દેખતા, ઉતારૂં તારો તોલ.
રાજાચંદન—ઓ મુરખ શું બકી રહયોછે, લે હવે સંભાલ;
હમણા મોકલું યમપુરીમાં, ને આણું સૌનો કાળ

—:o—

રાજા ચંદને વનની અંદર કીધેલી ઈશ્વર પ્રાર્થના.

(દીલકે દેનેસે કીસીકા મુજે ઇનકાર નહી.) એ રાહ.

ઓ પ્રભુ શું કર્યા પુર્વે હમે પાપ ભારી,
આશી ગતી હમારી;
દીનના દયાલ હમપર આંખ ફરી કેમ તારી,
આશી ગતી હમારી;
શરણે આવે તેનેતો મરણ ન હોય સ્વામી,
તું તોછે અંતર જામી;
ભગતવછલ તું તારૂં બીરદતો જરા જો વીચારી,
આશી ગતી હમારી;

દ્રોપતીના ચીર પુર્યાં ગજની તેવારે કરી,
અજામેલ તાર્યો હરી;
વીદુરની ભાજી જમ્યા ઉગારી અલ્યા નારી,
આશી ગતી હમારી;
ક્યાં મારો દેશને ક્યાં રાજને ક્યાં સુખ મારા,
ફરવું ક્યાં આવનમા;
ત્રાહેરે ત્રાહે હવે સાહે થાજે તું મુરારી,
આશી ગતી હમારી.

શાયેરે અને નીરે પાણીની તરશ લાગવાથી પોતાના પીતાને કીધેલી અરજ.

સાયેર અને નીર—(કહું કયા ફુલકકા સતાયા હું મે.) એ રાહ.

સાંભલો માત પીતા સુખ દાઈ;
તરસે કરી જાયછે કંઠ સુકાઈ—ટેક.
જો જલ આપે વખતે નહી આપો;
તો નહી પ્રાણ રેહે દેહે માંહી—સાંભલો.
બીજું જે દુ:ખ પડે તે સહીએ;
પણ આ દુ:ખ નહી સહાયેરે કાંઇ—સાંભલો.
જોઇએ ત્યાં જઈ પાણી લાવો;
ત્રાહો હમારી જો કુશલાઇ—સાંભલો.

—o:0:o—

રાજા ચંદને પોતાના પુત્રોની અરજ સાંભળીને કીધેલો વીલાપ.

રાજાચંદન—(ઈરકોમ તોરે કોહેગમ સીરપે લીયાજો હોશોહો.)
એ રાહ

ચોરી કરી હમે તે શું, આશું દીધું દુઃખ પ્રભુ;
પાપ તે આમથી શું થયું ? આશું દીધું દુઃખ પ્રભુ—ટેક.
પુત્રે હમારે તાઢ કે, તડકો કદી જોયો નથી;
તેનું પાણી બીન સુકે ગલું, આશું દીધું દુઃખ પ્રભુ-ચોરી.
ખબર નથી દીન ગતની, ચલાશે વનમાં તેથી કેમ;
કોમલ શરીરછે પ્રીયાનું, આશું દીધું દુઃખ પ્રભુ—ચોરી.
કયાં તે હમારૂં રાજ સુખ, કયાં વીપત આવી પડી;
હાયે હવે હું શું કરૂં, આશું દીધું દુઃખ પ્રભુ—ચોરી.
તુંને દયાલું વેદ શાસ્ત્ર, ને રૂશી મુનીએ કહયો;
નીરદય થયો આવો કેમ તું ? આશું દીધું દુઃખ પ્રભુ-ચોરી.

—o:o:o—

સાયેરે અને નીરે રાજા રામશીંગના બાગમાં જવા માટે કોધેલી વિનંતિ.

(અજબ સનમકી અદાએ દેખી.) એ રાહ.

સાયેર અને નીર—જુવો પીતાજી નજર કરીને, બાગ આ સુંદર બન્યોછે કેવો;
સરવે જાતના ઝાડછે તેમાં, તરેહ તરેહનો બન્યોછે મેવો—ટેક.
ચંપા ચંબેલી મોગરો મરવો, ગુલાબ આદીછે ફુલ જેમા;
તન સુગંદીત સીતળ વાયુ, વહેછે મનકું હરાય તેવો-જુવો.
જેમાં ફરેથી માહા સુખ થાયે, જાય ટળી પળમાં દુઃખ દેહના;
મુખે કહી નવ સકાય શોભા, ઈંદ્રના નંદન બાગના જેવો—જુવો.
હમારા મનમાછે એવી ઈચ્છા, બેહાથ જોડીને કહીએછીએ;
એ બાગમાં બન્ને જઈએ ફરવા, પીતાજી હમને રજા જો દેવો—જુવો.

સાયેર અને નીરને બાગમાં ન જવા માટે આપેલી શીખામણ.

ગજલ ભેરવીની.

(મેં કબ તલક ઈસ તરાંહ પસેમાન રહુંગી.) એ રાહ.

રાજાચંદન—ન જાય મારા પુત્ર, પરાયા તે બાગમાં;
શું કામછે ત્યાં ? આપણું પરાઈ જાગમાં—ટેક.
કોઈ પકડી કરે કેદ, ત્યારે કરવું પછી શું;
દુઃખ આવી પડે ઉલટું, સુખના તે બાગમાં—ન જાય.
આવ્યોછે દાહાડો ઉલટો, તમો જાણોછેરે વીર;
હાથે કરી પડોકાં, આવી બળતી આગમાં—નજાય.

પ્રધાને તથા વિદુષકે રાજા ચંદનને માટે લીધેલો વેરાગ.

(બાહેર રામા ભીતર રામા.) એ રાહ.

પ્રધાન અને વિદુષક—કયાં હવે ગોતીએ રાજાને ભાઈ;
ઈશ્વરે કીધી અંતે જુદાઈ—ટેક.
જોગી થયાને ભગવાંરે પેહેર્યાં;
તજી કુટુંબ સગલી પ્રભુતાઈ—કયાં.
દયા દશ અને જંગલે જંગલ;
ફરી ફરી આવ્યા છઈએ અહીં—કયાં.
સત્યનો સ્તંભ, ધર્મ વર્ત ધારી;
કયાં મલશે એવો સુખદાઈ—કયાં.

રાજા ચંદનને પાછું સુખ મળવાથી સનીદેવે કીધેલો વિચાર.

બેત.

સનીદેવ—રાજભ્રષ્ટ ત્યાંથી કર્યો, મોકલ્યો વનમોઝાર;
અહીં આવી સુખ પામીઓ, તેથી અધીક નીરધાર.
હું અવળો ગ્રહ બેસીઓ, ને જો સુખ પામે રાય;
ત્યારે મારૂં માહતમ શું ? માટે કરૂં કાંઈ ઉપાય.
રામશીંગના પુત્રને અહીંથી ઊચકી લઉં;
માયાનો બીજો રતનસીંગ, કરી સુવાડી દઉં.

——o:o——

રતનશીંગના મરણ માટે રાજા ચંદને કીધેલો વીલાપ.

ગજલ ભેરવીની.

(અફસોસ તુજે કબરમે હીંયા કીસને સુલાયા.) એ રાહ.

રાજાચંદન—શું ભાગ્ય જાગ્યું ઉલટું આવું હમારૂં આજ,
વાહેરે ઈશ્વર વાહે, વાહેરે ઈશ્વર વાહે.
કર સાહે તું આવી હવે, ગરીબના નવાજ—ટેક.
ઓ બાપ રતંનસીંગ તેં હમને દીધો દગો,
હમને દીધો દગો, હમને દીધો દગો,
હવે હમારી જગતમાં તે કેમ રહેશે લાજ—વાહેરે.
આવીને કોઈ પુછશે, તો જવાબ દઈશું શું ?
જવાબ દઈશું શું, જવાબ દઈશું શું,
કલંકમાં પેઠું હવે, અવડીં થયું કાજ—વાહેરે.
તું મરતા હમે, ત્યારે જણા કેમ ન મુવા,
કેમ ના મુવા, કેમ ના મુવા,
આવા કઠણ સભામાં સત્ય રાખજો માહારાજ—વાહેરે.

રાજા રામશીંગને સનીદેવે ગોરનું રવરૂપ ધારણ કરી આપેલો ફરેબ.

બેત.

ગોર—આંધળો થઇને અરે ઓ રાજા શું ઉભોછે તું ?
રતનશીંગને મારી નાંખ્યો ચંદને, કહુંછું હું.
રામશીંગ—અરે ગોર, શું ઘેલા થયા કે સ્વપનું આવ્યુ આજ;
સત્યનો સ્તંભ જે ચંદન તેથી કેમ બને એ કાજ. ?
ગોર—સત્ય સત્યછે ઓ રાજા, સત્ય કહુંછું બોલ;
ખોટું હોયતો માથું આપું એછે મારો કોલ.
રામશીંગ—કેમ તમોને ખબર પડી કહોતો ખરા લગાર;
બુધી તમારી ફરી ગઈ, કે સાત આવ્યું નીરધાર.
ગોર—દેવા આશીરવાદ ગયોતો, ચંદનને ત્યાં હું;
દરવાજા તો બંધ હતાં, ત્યાં કૌતક એક થયું.
ચીસ સાંભળી તારા પુત્રની મુજને થયો વીચાર;
દરવાજાની ફાટ માંહીથી મેં જોયું નીરધાર.
રતનશીંગના ગળામાં ફાંસો જોઇ, હું નાઠો રાય;
ચાલ તું મારી સાથે, તુજને દેખાડું હું ત્યાંયે.

——o:0:o——

રાજા રામશીંગે રાજા ચંદનને આપેલી શીક્ષા.

દોહોરા.

સમુદ્રમાં જાણે તજે, દગી સું મેરૂ જાય;
તોપણ ચંદન તુજથકી, કદી એ કામ ન થાય.
શીરગત તેનાથી કરી, પામ્યો મરણ એ તન;
દોરી તુટી ઉમરની, શોક ન કર તું મન.
આ બે મારા પુત્રછે, સાયેરને વળી નીર;
રતનશીંગ પણ તેજછે, સાંભળ ચંદન વીર.

રતનશીંગના મરણ માટે તેની માતાએ કીધેલો વિલાપ.

ચોપાઇ (જોગીઓ.)

ઉઠો ઉઠોરે રતનશીંગ વીર, તુને આવું ઘટે નહી ધીર;
પુત્ર ઉઠની બેઠો થાને, આજ દુઃખડા પડયાં તારી માને;
ચંદન આશું કીધું તેં અધર્મ, એવું ધેડ કરે નહી કર્મ;
મારા પુત્રની કીધી તેં ઘાત, એ પાપી આશો કર્યો ઉતપાત;
ફરતો તો વનમાં તું ભુંડે હાલ, દીધુ રાજ અને કીધો ન્યાલ;
તેનો બદલો આપ્યો આજ, તુંને આવી કેમ ન લાજ;
પુત્ર તુજ વીન પ્રાણ આધાર, મારા જીવતરમાંછે ધીઃકાર.

—:o:—

રાજા ચંદને રાજા રામશીંગના મેહેલમાંથી જતી વખતે કીધેલાં પ્રણામ.

રાજાચંદન—(અગર હમને દીલ સનમકું દીવા.) એ રાહ.

જઈશું હવેછે, આજરીના આપણે પ્રણામ;
પ્રણામ રામશીંગછે, મુજ પાપને પ્રણામ—ટેક.
પ્રણામછે પ્રભાવંતી, માતા ઘણા ઘણા;
પ્રણામ ઈશ્વર કોપને, સંતાપને પ્રણામ—જઈશું.
પ્રણામછે આ નગ્રને, પ્રણામ લોકને;
સોસો ગણા સનીદેવના પ્રતાપને પ્રણામ—જઈશું.

—:o:—

સાયેરે અને નીરે પોતાના માત પીતાને આપેલી ધીરજ

(કુંવરી કુંવર મારા લાડકા.) એ રાહ.

માત પીતા તમે સાંભળો, જે થવાનું તે થાય;
ધીરજ રાખોની મન વિશે, શાને કરો હાયહાય—ટેક.

રોહીદાસનેરે તારામતી, હરીશ્ચંદ્ર જેવા રાય;
એવણ સવાભાર કારણે, કાશીનગરે વેચાય—માતપીતા.
મોરધ્વજ માથે આવી બની, તે થયો નીરઉપાય;
કાશીનગરના ચોકમાં, અંગ આરે વેહેરાય—માતપીતા.
સાને માઠે અકળાવછો, કરો ભજન સદાય;
ભગત ઓધારણ ભુધરો, કરશે કષ્ટમાં સાહે—માતપીતા.

———0:0———

નર્મદા નદીના કીનારા આગલ રાજા ચંદને કીધેલો વિલાપ.

(ગઈ એક બે એક જો હવા પલટ.) એ રાહ.

ઓ પ્રભુ મુજપર એકાએક, આ સીતમ તે શું થયું ?
મુજને ખબર પડતી નથી, કારણ નથી જાતું રહયું—ટેક.
શું પાપ પેલેભવ કર્યાં, જે આ દશા મારી થઈ;
વનમાં રખડતો હું થયો, વળી રાજ્યપણ મારૂં ગયું—ઓ પ્રભુ.
પાણીનો લોટો હાથથી, કોઈ દીન ભરી પીધો નથી;
તો દુઃખ આ વનનું પ્રભુજી, મુજથી કેમ જાશે સહયું—ઓ પ્રભુ.
પુર આવ્યું નર્મદાનું, પાણી બહુ ઉચું ચડયું;
આરે જવાને પાર પેલે, શી રીતે જાવું રહયું—ઓ પ્રભુ.
કાંઈ ઉપાય કરૂં હવે, થા સાહે ઈશ્વર આજ તું;
તારા વીના આ જગતમાં, કોઈ બીજું મારૂં ન રહયું—ઓ પ્રભુ.

———0———

સતી મલયાગરીએ પોતાનો પ્રિય સ્વામી પાછો ન આવવાથી કીધેલું રૂદન.

(ઈસ આતશે ઉલફતમે કયા આગ લગાદી.) એ રાહ.

આ વનમાં મુકી એકલી, મુજને પીયુજી ગયા;
જોતા તમારી વાટડી, આ દીનતો બે થયા—ટેક.

અબળાની જાત આશરા વીના તે શું કરૂં;
દીન દુઃખના હવે કાડવા, કહો કઈ પેરે રહયાં—આ વનમાં.
મુકાવ્યું રાજપાટ, દેવ સર્વે સંપદા;
તોયે ધરીને ધીર, એવા જુલમ સો સહયાં—આ વનમાં.
હું મોહેલથી નીચે કોઇ દીન, નોતી ઉતરી;
તે વનના આ રસ્તા કઠણ, મને વેઠવાં પડયાં—આ વનમાં.
તોયે ન દેખી શકાયું તુજથી, વાહે ઈશ્વર વાહે;
આ દુઃખમાં હમને એક બીજાથી જુદા કર્યાં—આ વનમાં.

નાયેક નરપતીઆ વણજારા આગળ તેના ચાકર તવાએ કીધેલી પોતાની તારીફ.

બેત.

કહોતો કીલ્લો તોડી નાંખું, પાહાડ ઉપાડી લવું;
સાગર સુકાવી નાંખું, ને ઉજાડાવી પૃથ્વી દઉં.
મચ્છર માખીને માકડો, ને મારી નાંખું હું;
ચાંચડ જુવો જવાથી, હું તો ના બીઉં.
એવું જે ભારી કામ, તમે કહો તે કરૂં;
પણ આ સમે જોવા નદી કીનારે નહી જઉં.

—:0:—

નરપતીઆ વણજારાએ સતી મલયાગરીને રૂદન કરતી જોઈને પુછેલો પ્રશ્ન.

(પહેલુમે કેરી નાગકુ હયે જાનકે પાલા.) એ રાહ.

તું કોણછે મુજને કહેની સાચે સાચી વાત;
નહીતો આ તરવારથી, થઈ જાસે તારી ધાત—ટેક.
તું ભુત છો કે પ્રેતછો, એણ યા ડાકણી;
શું કામ આવી છો આ વનમાં ? આ સમે મધરાત—તું કોણછે.

શું દુઃખછે જે આ સમે ? રડવાને બેઠી તું;
છો એખલી તન આફ્રતને, વળી તું અબળાજાત—તું કોણછે.
શું નામ તારૂં ગામ કયું, તું જાતની છો કોણ ?
મુશીબત કેહેની મને, ભાંગે મારી ભ્રાંત—તું કોણછે.
મનમાં તું તારા ભાવતી, નહીં વેહમ પાજરા,
તું તો છો બેહેન માહેરી, જાણ મુજને ભ્રાંતતાત—તું કોણછે.

—:0:—

સતી મલ્યાગરીએ વણજારાને આપેલો જવાબ.

મલ્યાગરી—(હમકુ છાંડ ચલે બન માધુ) એ રાહ.
શું રે કહું મારા દુઃખડાની વાતો, તુટીરે પડે આસમાન હો ભાઈ-ટેક.
ભુત નથી ને પ્રેત નથી હું, ડાકીણી શાંકીણી નહી કોઈ આંહી;
દુઃખની મારી વિજોગણ છઊં હું, બીતો નહી મનમા તું કાંઈ-શું રે.
ચંદનાવતી નામેછે નગરી, ગજાચંદનની જે નવાઈ;
હું રાણીછું તેની ભાઈ, ઓછું નથી કેહેતી એક રાઈ—શું રે.
મલ્યાગરી છે નામ તે મારૂં, સાયેર નીર બે પુત્ર સવાઈ;
રાજ ગયું ને વનમાં નીકળ્યાં, જોજો કીસ્મતનીરે ભુગાઈ—શું રે.
ફરતા ફરતા અહીં આવીઆ, પુર ચડયુંતું આ નદી માંહી;
તેમાં તણાયા ત્રણે પ્યારા, કરી નાંખી દૈવેતો જુદાઇ—શું રે.

—0:0—

વણજારો અને સતીમલ્યાગરીની વચ્ચે થયેલાં અરસપરસ જવાબ.

દોહોરા.

વણજારો—ઓ બાઈ કેહેની મને, બાહાર કેમ રહી તું;
એ ત્રણ જળમા વહયાં, તેનું કારણ શું.
મલ્યાગરી—(રડતા રડતા) તુજ આગળ સર્વે હવે, સત્ય કહુંછું વાત;
આવ્યા આ નદી ઉપરે, હમે ચારે જણા તાત.

પુર નદીનું જોઇને, મુખથી બોલ્યા રાય;
નદીપાર જવા તણો, સાંભળ પ્રીયા ઉપાય.
ખાંધે બેસાડી પુત્રને મુકી આવું પેલે પાર;
પછી તુંને લઇ જાવું હું, એછે મારો વિચાર.
મેં કહયું સ્વામી ઠીકછે, હું બેઠીછું આંહે;
આવો જલદી મુકીને, રોકાતા નહી કયાંહે.
હાઃ કહી મુજને ગયા, દીન થયા બે આજ;
હું અબળા ઈહાં એકલી, રેહેશે કેમ હવે લાજ.
વણજારો—બેન તું ચીંતા મુકીદે, મારી સાથે ચાલ;
ખા પી પ્રભુનું ભજન કર, થાશે સાહે દયાલ.
જો જીવતા નીકળ્યા હશેતો, મળશે કોઈ દીન;
એ નહી આપણા હાથમાં, વાત એ દૈવ આધીન.
મલ્યાગરી—બનવાનું હતું તે બન્યું, ચાલ આવુંછું ભાઈ;
વણજારો—ભાગ્ય હમારા જાગ્યાં, ચાલો પધારો બાઈ.

મચ્છી મારે રાજા ચંદનને પુછેલો પ્રશ્ન.

સોરઠ.

મચ્છીમાર—(રાજ મને નીકોલાગે થારો દેશ.) એ રાહ.
કેહેની આ ભાઈ મને કોણ કો તું,
ગામ કયું ને નામ શું તારૂં ? સત્ય કહે સાંભળું હું—ટેક.
તેજસ્વી તું છો મોટો, આતે ગતી તારી શું—કેહેની.
શું કારણ એવું આવી બન્યું જે, જળમાં પડવું થયું—કેહેની.
આ મચ્છે તો ગળ્યો હતો, તુજને હું સાચું કહુંછું—કેહેની.

મચ્છીમાર આગળ રાજા ચંદને કીધેલો ખુલાશો.

રાજાચંદન—(પ્રીતમ હમે હમે કાંહાં કાંહાં.) એ રાહ.
ઓ મારા પ્રાણ દાતા, કહુંશું વાત હું મારી;

જો સાંભલશો તમે મારી વાત, નહી રહે છાતી સ્થીર તારી—ટેક.
નગર ચંદનાવતી નામે, ત્યાંનો રાજાચંદન હું;
ગયું જ્યારે રાજ નીકળ્યો બાહાર, લઈ બે પુત્રને નારી—ઓ મારા.
માહા દુઃખ વેઠતાં ફરતાં, આવ્યા નર્મદાને તીર;
ગતી માહાદેવની ઘેરી, ચઢયુ તું પુર ત્યાં ભારી—ઓ મારા.
બેસાડી સ્ત્રીને મેં ત્યાં, લીધા બે પુત્રને ખાંધે;
મુકીને તીર પેલેપાર, ડુબીયો હું મધ્યવારી—ઓ મારા.
રહયા કયાં પુત્રને કયાં નાર, હું કયાં ઉદ્રમાં મચ્છના;
કરૂં શું હું હવે કયાં જાઊં, મલે કયાં પુત્રને પ્યારી—ઓ મારા.

સાયેર અને નીરે વનમાં ઈશ્વરને કીધેલી અરજ.

(કભુ હોતે ખુશી, કભુ હોતે ખફા.) એ રાહ.

સાયેર અને નીર—ઓ ઇશ્વર તે આ શું કર્યું, હમો બન્ને જણા જઈએ તે કયાં;
રાજ ગયુંને થયા રખડતાં, મા બાપથી વળી જુદાં કર્યાં-ટેક.
નથી જોયો હમે ટાઢકે તડકો, આ દુઃખ આગથી કેમ જાસે સહયાં—હમો બન્ને.
ઓ દૈવ આવો સમો તેં દેખાડયો, એવાં તે પાપ આમથી શું થયાં?—હમો બન્ને.

સાયેર અને નીરે વનની અંદર કીધેલો વીલાપ.

(લેલી લેલી પોકારૂં મેં બનમે.) એ રાહ.

સાયેર અને નીર—કર્યો આશો ગજબ હમ ઉપર, અરે ઇશ્વર ઇશ્વર ઇશ્વર;
રાજ સુખ મુકાવ્યું હમારૂં, હમે શું રે બગાડયું તારૂં;

લાવની તું દયા દીલ અંદર, અરે ઈશ્વર ઈશ્વર ઈશ્વર.
આ ભયંકર જંગલછે ભારી, નથી સુજતો રસ્તો મોરારી;
ફરી આવી કેમ તારી નજર, અરે ઈશ્વર ઈશ્વર ઈશ્વર.
સર્પસીંગ ફરેછે બહું આહીં, કાટાં ભોકાયછે પગમાંહી;
દેહ ધ્રુજે હમારી તો થરથર, અરે ઈશ્વર ઈશ્વર ઈશ્વર.
અરજ સાંભળી દાસ તારાની, દયા લાવીને કર મેહેરબાની;
પ્રભુ સાહે તું આવી હવે કર, અરે ઈશ્વર ઈશ્વર ઈશ્વર.

—o:o:o—

નીરે પોતાના ભાઈને પાણી માટે કીધેલી અરજ.

ઠુમરી—કાલીંગડો.

(મોરી અંખીઆ ફરકન લગી.) એ રાહ.

નીર—લાગીછે તરસ ભાઈ પાણી પા, લગાડમાં તું વખત જરા-ટેક.
કંઠ સુકાયે જીવડો જાયે, માટે તું કાં ખોટી થા--લાગીછે.
જો નહી હમણા પાણી મળેતો, પ્રાણ જશે તું જલદી જા—લાગીછે.
આહીં નથી કોઈ આપણું બીજું, તુંજ માતને તુંજ પીતા—લાગીછે.
પાણી લઈને જલદી આવજે, દોડ ભાઈ તું વેહેલો થા—લાગીછે.

નીરના મરણ પામવાથી તેના ભાઈ સાયરે કીધેલો વિલાપ.

(સીતાજીના મહીનાની રાહ.)

ભાઇ ઉઠની બેઠો થાને, લઈ આવ્યો પાણી હું;
મારા વાહાલા દેની જવાબ, સુતો સોડ તાણી શું--ટેક

પડવાં વિખુટા માને બાપ, સુખ સર્વે ગયું.
આવા કઠણ સમામાં આજ, દગો મને દેછે તું—ભાઈ.
આવી ઉંચ્ર ન કરીએ વીર, આગળ કામછે ઘણું;
આ રન વગડામાં આહીં, કોઈ નથી આપણું—ભાઈ.
જાગ જાગની જમણી બાંહે, હવે હું તે શું કરૂં !
તુને ઘટે નહી જાવું વીર, મને મુકી એખલું—ભાઈ.

——o——

નીરનું જીવતું થવું અને ગમગીનીથી ગાયેન ગાવું.

(ખબાર લેરે મશીયા તું કયાંહે.) એ રાહ.

નીર—અરે ઇશ્વર હવે જાવું કયાં હું;
　　જોઉં મુખડાં તે કયાં પ્યારાઓના હું—ટેક.
　　વખુટો વાહાલાઓથી, કીધો મુજને;
　　એવાં મેં પાપ પેલે ભવ કર્યાં શું—અરે ઇશ્વર.
　　નથી જડતો મને રસ્તો પ્રભુજી;
　　હવે જઈ કોને પુછું, કયાં પ્યારા હું—અરે ઇશ્વર.

——o——

નીરનું શબ નહી મળવાથી તેના ભાઈએ કીધેલો વિલાપ.

(પડયોછું વીખુટો પ્રીયા વિજોગથી તારા.) એ રાહ.

મુજને મુકીને એકલું નોતું જવું પ્યારા;
તનડું બળેછે માહેરૂં વીજોગમાં તારા—ટેક.
કયાં જાઉંને શું કરૂં કંઈ સુજતું નથી;
આવી દુઃખમાં કરની સાહે, વાહાલા ભાઈ તું મારા—મુજને.
રાજ પણ ખોયું પડયા, મા બાપથી જુદાં;

એવી આગમાં બળતા ઉપર, મુકયા તેં અંગારા—મુજને.
તારા પેહેલાં મારૂં મૃત્યું કેમ ન આવ્યું;
છાતીમાં સમાતા નથી, આ પ્રેહેના ભારા—મુજને.
આ કઠણ સમાંમાં તુજને ન ઘટે જાવું;
અરે પ્રભુ કયારે આવસે, આ દુઃખ તણાઆરા—મુજને.

—:0:—

સાયેરને ફાંસી દેતી વખતે સાયેરે કીધેલી ઈશ્વર પ્રાર્થના.

(હાય કયા બાતંહે, પ્યારે એ સુનાયા તુંને.) એ રાહ.

સાયેર—વાહે પ્રભુજી ગમી વાત આ કેવી તુંને;
દાસ તારાની જોઇએ સારતો લેવી તુંને—ટેક.
મુકાવ્યું રાજ સર્વે, સ્નેહીથી જુદો કર્યો;
આવી શું ધ્યાનમાં, તકસીર તે એવી તુંને—વાહે.
એકતો માલ ગયો, વળી હું ચોર ઠર્યો;
બેગુન્હે નં ઘટે આ ફાંસીતો દેવી તુંને—વાહે.
મારા દુઃખમાંતો હવે નથી રહી કાંઈ બાકી;
બીતો નથી હું સજા દે ગમે તેવી તુંને—વાહે.

—o:o—

સીપાઈઓએ નીરની દરબારમાં સાયેરને પકડી લાવીને કીધેલી અરજ.

ચોપાઇ (જોગીઓ.)

સીપાઈઓ—રાજા સાહેબ આ તસ્કર, જેને ફોડયુંતું વણીકનું ઘર;
ત્યાં એ જયારે થયોતો છતો, ત્યારે ફાંસી દેવા મોકલ્યો હતો;
લાલચ લીધી ત્યાં ઠેઠ સહી, તેને ફાંસી દીધી નહી;

આજે પાછો નજરે પડયો, મેં લાવીને ઉભો કર્યો;
ગમે તે એને શીક્ષા દીઓ, પગાર વધારવા મારો કહો.

——:o:——

નીરના પુછવાથી સાયેરે આપેલો જવાબ.

ચોપાઈ (જોગીઓ.)

સાયેર—પાણી લઇને આવ્યો હું જોઊં ત્યાંતો નીર જીવતું;
અગ્નિદાહ તને દેવા માટે, કફન લેવા ગયો વણીકને હાટે;
પોંચી મુકી વણીકને તંહી, કાટ કફન મેં લીધું સહી;
પાછો આવી જોઊં જયાં, તારૂં શબ ન દીઠું ત્યાં;
ત્યાંથી પાછો આવ્યો વેગ, જગાડયો મુજને રૂડીપેર;
મધરાતે મચાવ્યો સોર, બુમ પાડી કંઈ ચોર ચોર;
સીપાઇએ મુજને પકડયો સાર, ફાંસીનો કીધો નીરધાર;
જેદેવશાએ છોડાવ્યો, તેની સાથે અચલાકપુર ગયો;
પાછો આવતા પરણીનાર, વણીકે નાંખ્યો સમુદ્ર મોઝાર;
ત્રુઠો મુજપર જગનો નાથ, લાગ્યું એક પાટીયું હાથ;
કીસ્મતજોગે આવ્યો અહીં, ત્યારે તુજને ભેટયો ભાઈ.

——o:o:o——

રાજાચંદને માહાદેવના મંદીરમાં કીધેલી પ્રાર્થના.

હોરી.

રાજાચંદન—દીન દયાલ મોરારી, પ્રભુ છો દીન દયાળ મોરારી,
તમે સાહે કરોની મોરારી—ટેક.

સેવકને તમે સાહે કરોછો, ભગત વછળ બ્રદ ધારી,
જાણીને મુજને દાસ તમારો, વારે ચડોની અમારી-પ્રભુ
માહાપાપી આ જગમાં ઉધર્યાં, નામ તમારૂં સંભારી;
નામનું માહાતમ જાણે તમારૂં, રૂશી મુની બ્રમચારી-પ્રભુ.
હાથ જોડીને તમને પ્રભુજી, પ્રણામું હું વારવારી,
કાંતો આ પ્રાણ હરી લોને મારા, કાંતો મેળવ પુત્ર ના-
રી—પ્રભુ.

પ્રધાને તથા વિદુષકે રાજા ચંદનનો પતો ન લાગવાથી કીધેલો વિલાપ.

(ઓધવજી સંદેશો કેહેજો શામને.) એ રાહ.

વીદુષક અને પ્રધાન—આશો ગજબ ઈશ્વર તેં કીધો કારમો,
પાડયો વિખુટો સદવાદી સરદારનો,
દયા કેમ ન આવીરે, નગેરો કેમ થયો,
ચંદન વીન હવે જીવવામાં ધીક્કારનો,
નીરલજ તારી છાતી કઠણ આવી કેમ થઈ,
દયા દીલમાં લાવી કરને વીચારનો,
મેળવ પ્રભુજી સ્નેહી ચંદન રાયને,
જેછે અમારા હરડાં કેરો હારજો.

પ્રધાને અને વિદુષકે નીરની દરબારમાં ગાયેલું ગાયન.

(કયાં ગયો શાહજાદા જાની પ્યારો.) એ રાહ.

કયાં મળશે ચંદન પીયારો, જીવ તલપેછે હમારોરે—ટેક.
દેશો દેશ અને જંગલે જંગલ, ફરતાં ન આવ્યો આરોરે—કયાં.
વિજોગના દુઃખનો માથેથી, કયારે ઉતરસે ભારોરે—કયાં.
આણી દયા પ્રભુજી મેળવ ચંદન, ચંદન વીન જગ ખારોરે-કયાં.

સર્વે જણા મળીને કૃષ્ણની પ્રાર્થના કરેછે.

બધા—(દર ચાલે હાલે દીલમાં નાંખીલા.) એ રાહ.
ઓ ઈશ્વર જગકરતા તારી, છે અકલ કળા સૌથી ન્યારી,
કરી અમપર મેહરે કૃપા ધારી, કીધો તેં એલ પુરો આરી,

અમે મંગલ મુરતી વિઘ્નઆરી, છે અકલ કળા સૌથી ન્યારી.
ઉમેદ પુરી થઈ હમારી, આવી સાહે ફરી તેં મોરારી,
પ્રણામ કરીએ વારંવારી, સેવકનાછો તમે સુખકારી,
જઈએ તમો ઉપર હમે બલીહારી, છે અકલ કળા સૌથી ન્યારી.
મનકા પાપીને તેં તારી, ધાર કરી અલ્યા નારી,
વૃંદાને તેં મસ્તક ધારી, ગુણ ગાઈએ તમારા લલકારી,
કરજે તું અંતગતી સારી, છે અકલ કળા સૌથી ન્યારી.

ચાંદબાના ખેલમાં ગવાયેલાં ગાયનો.

—:o:—

ચાંદબીની તારીફ સાંભળવાથી ગુલખેરૂનું તેના ઊપર આશક પડવું.

ગઝલ.

(એક શેહેરમે દેખી દીલરૂબા ઉસકા ગમ મુજે શુબો શામહે.) એ રાહ.

યારો કયા કરૂં અબ જફા બયાં ફોજે ગમને ઘેરાહયે આ મુજે,
આયેસો આસરત સારી તબાહ કર દીઆ આહે ગમમે ઝુકા મુ-
જે—ટેક.

જબસે દેખી હયે એક માહેરૂ, હરઆન ઉસકી હયે જુસ્તેજુ,
કર કીસ દહનસે મેં ગોફતગુ નહી તાબ હએ બ ખુદા મુજે—યારો.
તેગે અબરૂને ઉસ માહકે કીયે ટુકરે દીલ ગમખવાહકે,
હું સતકે હુસ્ન કે શાહકે કીયા જીસને હએ મુફતીલા મુજે—યારો.
અહા ઉસકી હએ દીલો જાનસે ફીરાક ઉસકા સામીલ હએ સાનસે,
કરૂં જુસ્તજુ જલ્દ ધ્યાનસે એહી સુજ હયે અબ શીલામુજે-યારો.
કોઈ તરેહ ઉસે મીલુંગા જા એહી આરઝુ હયે મેરી સદા,
હયે હકીક રાહબાર મેરા બાલા કયદે ગમસે કરદે રાહમુજે—યારો.

(તું આ ઞાન ઞરતા લેએ.) એ ગઝ.

ગુલબેરૂ—તું કહાં હયે મેરીજાન, મયે દીલદાર હું તેરા,
તેરે હુશન કે બાઝારમે, ખરીદદાર હું તેરા—ટેક.
તું ગુલાબી ગુલ હયે, ચમને ઈરમકા,
તો માઈલ હું મયે ગુલકા, ગુલઝાર હું તેરા—તું કહાં.
પુરનુર દીદકી ઝલક મુજે બતા,
હઝારો કર સીતમ સનમ, લાચાર હું તેરા—તું કહાં.
કીયું છુપાતી હમથી તું આઈને, રૂખશારકો,
એક બોસે કે લીએ જાની, તલબગાર હું તેરા—તુ કહાં.
કયું ન મીલતી મુજસે, તું સનમ સંગદીલ,
મયેદામે ઉલતફતકે ગીરફતાર હું તેરા—તું કહાં.
કહાંતક કરૂં મયે તેરી, ખુસતગુ સનમ,
અએ રફીક દે બતા મુજે તાબેદાર હું તેરા—તું કહાં.

—0:0—

ગુલબેરૂનું ગાઈ રેહેવું અને રફીકે આવીને તેને દીલાસો આપવો.

ઉપલી ગઝે.

રફીક—અએ રફીક રહે બેફીકર, તું સીરદાર હયે મેરા,
કહે અઝીઝ કીસકે ગમસે સીના ફીગાર હયે તેરા—ટેક.
પતાબતાદે મુજકો વોહ સંગદીલ સનમકાં,
જાકે કરૂં તલાશ, ફરમાબરદાર હું તેરા—અએ.
દેતા હું મયે કૌલ તુજે, કરૂંગા વફા,
સફા કરૂંગા દરદકો, દીલશાદ કર તેરા—અએ.
ગમ અલમકુ છોડકે, અબકર મુજે બયાં,
કેઉ હુવા ગુલબેરૂં, દીલ અએ બેકરાર તેરા—અએ.

રફીકના પુછવાથી ગુલએરૂ અને રફીક વચ્ચે થએલા સવાલ જવાબ.

(ગોરી ચલી સાસરા ફીરભી.) એ રાહ.

ગુલએરૂ—કયા કહું રફીક ગમએને, દેખી અજાયબ નારી;
 ના હોતી મુઝે તારીફ, જમાલથા ભારી,
રફીક—ફીજ કરતા જયાકો બંધ, છોડદે ગમકો,
 કહાં દેખી નાઝની, તું ને બાલીરકર હમકો,
ગુલએરૂ—એકદીન રફીક મે ગયા શેલકરનેકો,
 હુર પરીકુ દેખકે, જાન લગી જલનેકો,
 થી હરન કે માનીદ આંખ, નરગીશ સરમાવે,
 વોહ રાતો દીન તસવીર, ખાબમે આવે,
રફીક—ના કર જીકો રંજીદા, સાથ ચલમેરે,
 હોશાદ દીલમેં, અએ રફીક અઝીઝ તું પ્યારે.

—o—

ચાંદબીએ પોતાના યારોને આવતા અસુર થવાથી ગમગીનોથી ગાએલ ગાયું.

(આજ શામ ગોહેલીએ બાંસલી બજાઈ કે) એ રાહ.

ચાંદબી—કાસીદા તું જાકે ખબર લાદે મેરે ઇઆરકી,
 લાદે મેરે ઇઆરકી તું લાદે મેરે ઈઆરકી—ટેક.
 ઈઆરકી જુદાઇ મે જાતી હયે જાન જાનરે,
 રહેમ કર મુઝપે ખબર લાદે દીલદારકી—કાસીદા.
 બહાર જોબનકી જાતી હયે ઈઆર તેરે શીવા,
 બગેયર માલી બાગમે માઇલ હુ ગુલજારકી—કાસીદા.
 તડફ તડફ રેન જાવે દીન કટે ગમખારીમે,
 ગીરીઆં મે કરું રાતો દીન લેલે ખબર લાચારકી-કાસીદા.
 જાનીકી જુસ્તજુમે જારે જલ્દ કાસીદા,
 હયેશાન માનુગી તેરા તુ લાદે ખબર ઈઆરકી—કાસીદા.

(એ ચતર નાર કર કર.) એ રાહ.

ચાંદબી--મોહે કરકે પ્યાર, ગયે સોકન દુવાર—ટેક.
મોકો આઓ યાર, સુનરે સજની,
આએસો ડાઘ લગે દીલમોરે જલ—મોહે.
કરે અરઝનાર આવો મોરે દુવાર,
કરૂં ઇન્આર ઇન્આર સુનરે સજની,
આઇ જોબન બહાર પીઆ છોડ ચલે—મોહે.

—0:0—

ગુલએરૂનું આવવું અને પોતાની મતલબ જાહેર કરવી.

બેત.

ગુલએરૂ--ગુલએરૂ ચોર મેરા નામ, જેહાંમે મશહુર,
આયા હું માશુકકે ખાતર હુમે ઇશ્કમે ચકચુર.
એક શહેરમે દેખી નાઝની ન નવ ઝવાન,
ખાતર ગયે જીસકે ભટકતા હું બીઆબાન.
દીખા દીદ લીઆ છીન મેરા શબરોકરાર,
અબ મીલા મેરી માશુકસે અએ પાકપરવરદીગાર.

—0:0—

બેત.

કયા કરૂં ઇસ પરીકી સીફતકા બયાં,
તારીફ મે મેરી હયે કમઝોર ઝબાં.
જવાનીકે બાદલ મયે છુપા હયે મહાતાબ,
ઇન ગરમીએ હોશનસે દીલ હુવા હયે બેતાબ.

—:0:—

ગુલખેરૂએ ભઈઆને કેહેવાથી ચાંદબીને કેહેવું અને તેનો આપેલો જવાબ.

બેત.

ચાંદબી—પુછેગા મુજકોતો મયે દોગી જવાબ,
ભઈઆ ઉસે અંદર દાખીલ કર સીતાબ.

બેત.

ચાંદબી—ઈશક કયા સેહયે, કીસી કામીલસે પુછા ચાહીએ,
કીસ તરેહ જાતા હયે દીલ, બેદીલસે પુછા ચાહીએ.

——:o——

ગુલખેરૂને ગાયનનો શોક હોવાથી ચાંદબીએ તેનું મન રીઝવવાને ગાયન ગાયું.

(મેઠા પ્રાણ કનૈયા સજની.) એ રાહ.

ચાંદબી—શુનો પીઆ, પ્યારે દીલજાની,
ગયે તુમપે ફીદા કરૂં જાન, હોજાઉ ખુરબાની—ટેક.
ભોલી ભોલી સુરત મીઠી મીઠી મુરત,
અદાએ બાકી ચહેરા નુરાની—સુનો.
મદભરી આંખીઆ દેખી સનમકી,
હરન હુવે ખુરબાની—સુનો.
તોહેબીન સજના મોકુ ચેન નાહી,
પીયાબીન જીઆકુ હએરાની—સુનો.
ઉલફતમે આફત આએસી ન દેખી,
કીઉ કટે મોરી જીંદગાની—સુનો.
સીતમ હયે કએસા સનમ હાએ મુજપે,
જુદાઇ દીલમે કીઉ ઠાની—સુનો.

(દેખો દેખો બંગાલીકી.) એ રાહ.

ચાંદબી—ગયા યાર મેરા અબ કોઈ નહી,
ગઇ રેન મોકુતો ચએન નહી—ટેક.
સુની સાજન કએ સીવાઈએ હવેલી,
સનમ સુન એ જીદંગી અબ ભાતી નહી—ગઇરેન.
અરે પ્યાર ઉલ્ફતમે આફત એ કએસી,
કબુ નયેને ભરકે મેં સોઇનહી—ગઈરેન.
અગર ઈઆર આવે છાતીસે લગાઊં,
કરૂ હાર ગલેકા ગએ છોડુ નહી—ગઈરેન.
કરૂ જાન ખુરબાં અગર દીદ દેખું,
મુજે માલે દૌલતકી પરવા નહી—ગઈરેન.

ગુલએરૂના જવાબાદ હમજાદખાનનુ આવવું અને ચાંદબીએ તેનું મન રીઝવવું.

દારૂડી.

પીલે મેકો જામ બાલમ પીલે મેકો જામ,
પીનેસે હોવે આરામ બાલમ;
કયું બયેઠે બનકે બેકામ—બાલમ.
ગયેકે પીનેસે આરામ હોવે ઔર પડે ખુબ ચએન,
પ્રીતમ પ્યારો સેજપે, ફીર જાવે ખુશીમે રેહેન—બાલમ.
સાજન મોરો છેલ છબીલો પીવે મેકો જામ,
રોશન હોવે રજની સબીરી ઔર મીલે આરામ—બાલમ.
પ્યારેકી મએ રાહ દેખું કબ આવે પીઆ,
ન દીદ દેખું દીલદાર કો મોરો જલ જલ જાએ જીઆ—બાલમ.
ખાતર તેરે ભયે દીવાની સુનરે તું બાલમ,
હીજરમે હએરાન હુ કરૂં આહ ઝારીવગમ—બાલમ.

બારબાર પ્યેકો જામ મએ દેતી પાંવ મેરો દીલદાર,
તુંઈ રસીલા તુંઈ છબીલા તુંઈ ગલેકો હાર—બાલમ.
જોર ઝપટ મોમે સોવે લપટવો છલબલ હે બાતી,
ન આવે દીલબર સેજપરતો ગમસે ફૂટે છાતી—બાલમ.
અરે પ્યાર લગાકે પ્યારા તુને લીઓ મેરો દીલ છીન,
પ્રીત લગાકે છોડ ગયો મએ રોતી હું રાતો દીન—બાલમ.

અંત્રા.

દારૂતો મારૂ પીએરે રાતા રાએ નેન,
સુતો સાહેબો જાગસે તો થાસે રંગની રેન—બાલમ.
થોડા મેરા કમ ચલેરે દીન થોડા ઘર દુર,
સેજ છોટી કામીની મારૂં જોબન જાએ ભરપુર—બાલમ.
સાંજ પડેને સાહેબો મારો દારૂડી પીવા જાયે,
અડધી રાતે આંગણે આવે મારો નાજુક જીવ ગભરાએ—બાલમ.
ઉગે પાએ ડોલીઓ ઢીલી પડી નવાર,
રાલુડો રંગ ભીંજીઓ કાંઈ રમીઓ રાજકુમાર—બાલમ.
રાત પડેને સાહેબો મારો નાવે સુવા ઘેર,
શોકનડી ઘેર જઈ સુવે મારી આંખમાં આવે ઝેર—બાલમ.
દારૂતો દગદગ કરેરે પીઓલા કરે પુકાર,
બાર દેવે મરગ લોચની તરે પીઓને રાજકુમાર—બાલમ.
સુરજ થાને પુજશારે ભર મોતીરે થાર,
દો ઘડી મોડો ઉગજે મારો સાહેબો ખેલે શીકાર—બાલમ.
આંબા તડે જીઆરા જલેરે કોઆલ ફેરાદે,
આવણકી ઝડીઆ લગી કાંઈ ઝાડો ઝોકાદે—બાલમ.
દારૂડાનાં શંગમાં કાંઈ છેલ ગડયા બેઆર,
લાખ ટકાનું ઝુમણું ગયું શોકનડીને હાથ—બાલમ.
ઊંચી નીચી શેજડી માસે ચડયો ન જાએ,
કેજો મારા કંથને મને ગોદીમા લઈ ચડી જાએ—બાલમ.

હાજર બીડો હાથમે કાંઇ ઉભી શલુની નાર,
શાન કરી હું આપુ તમને ખાવો માગ દીલદાર—બાલમ,
પ્રેમે પધારો પીઉજી મારા મેં પાથરીઓછે પલંગ,
રશીઆ મારા રશથી ભર્યા કાંઈ આવી ઉડાવો રંગ—બાલમ.
તેં વાવીછે કાકડી કાંઈ મેં વાવ્યું ખડબુચ,
તેં રાખી તારી જાતડી તારે મેં રાખ્યા રજપુત—બાલમ.

(લાદે પંજાબી લોગ.) એ રાહ.

કબ આવે બસંત બહાર યારસે મયે હોરી ખેલુંગી,
બારભર મારૂ રંગ હાથ પીચકારી લે લઊગી—ટેક.
ગુલ ગુલાબ ગુલ સીતંમ ચમેલી કલીઆં મંગાલુગી,
સજ સોલે સીનગાર ફાગમે બનઠન બયેઠુંગી—કબ.
કેસરકો સબ રંગ બનાકે સાજન કો ભીજાઊગી,
આપને આંગનમે એસ રંગ ગગનોમે ઉડાવુંગી—કબ.
પીઆજો આવે દરશ દીખાવે બલેયા મયે લઉગી,
વનો વનેકી કલીઆં સેજ ગુલસનમે બીછાઊંગી—કબ.
નહી ચએન મોહે રએન પીયાબીન કીસે જા કહુરી,
પીઆબીન સુની સેજ આગ ગુલસનકો લગાદુંગી—કબ.

ગુલબેરૂનું આવવું અને હમજાદખાનને જોઈને ચાંદબી ઉપર ગુસ્સે થવું અને તેનો ચાંદબીએ આપેલો જવાબ.

બેત.

ચાંદબી—બફા કીઊ હોતા હયે આશકારે આલમ,
મયે હું યાર તેરી કયા નહી તુજે માલુમ;
બાતકી હયે કોનસી મયનેન માની આપકી,

કમ હુઇ હમે મેહેરબાં કીઉ મેહેરબાની આપકી;
મેરે હુશનકે ગુલશનકી મહક તુંહી લુટેગા,
મુજ બુલ બુલકી ફીકર મતકર વો જુર જુરકે મરેગા.

ગુલખેરૂ—અએ ચાંદ દીલોજાનસે તું ચહાતી હયે મુજકો,
તો ખાતર તેરી મહોબતકે મએ કહેતા હું તુજકો;
દો ચાર યારો કરનેસે હોગી ખરાબી આપકી,
ઇઝત જાએ જેહાંમે વોબી ખરાબી આપકી;
અબ સમઝ અએ નાઝનીન રખકે ચમન,
પ્રીતકો નીભાના હયે બડા કઠણ.

---o:o---

હમજાદખાન અને ગુલખેરૂ વચ્ચે તકરાર થવી અને ચાંદબીએ આવીને તેઓને શાંત પાડવા.

ઇંદર સભાની રાહ.

હમજાદખાન—ખાનાતો તૈયાર હયે અબ ઉઠો મેરે દોસ,
નાનખટાઇ ઔર કબાબ બીસકુટ શરાબકા હયે જોસ;
ગુલખેરૂ—આયા હયે કીસ વાસ્તે કીઊં કરતા હયે ઝીઆદી બાત,
ચુપ ગધે તું બયેઠ નહીતો મારૂંગા ભરલાત;
હમજાદખાન—એ દમ કીસે તું બતલાતા, ચુપ ઉલ્લુ કે સરદાર,
ઘરમે મેરે આકે કીઊં કરતા હયે તું તકરાર;
ગુલખેરૂ—બસ ઝબાં એ ઝેહેરી બંદ કર તેરી ચુપ ચુપ ઉલ્લુ બયેઠ,
ચાંદ જેસી ચાંદબીકા તું નૌકર મયે સેઠ;
હમજાદખાન—ચંદા મેરી માશુક હયે, ઔર મયે હું ઉસકા યાર,
શીકલ તેરી મત બતા મુઝે નહીતો મારૂંગા બદકાર;
ગુલખેરૂ—ચંદા ચતુર વોહ પ્યારી હયે મેરી તુઝકો મારે લાત,
ચાયે ચૌર ચંદાકા નામ એક ફીર તું કૌનસી બદઝાત;
ચંદા તુજકો ચાહાતી નહી વોહ મુઝકો ચાહાતી ખાસ,

ચાંદબી—(ઘરમાંથી આવીને) ચુપ ચુપ દીવાને ફીજી, લડતે મયે ખડી તુમારે પાસં
ન કરો ખાતાં બેશરમી તુમ કરોજી આપના કામ,
ચએન મઝે ઔર ખુશી ખુશાલીમે લીઆં કરો આરામ,
મયે માશુક હું આપકી તુમ દોનો મેરે યાર,
દોલત ઝીઆદી લાવે ઉસકી મએ હું તાબેદાર.

——o:0:o——

હમજાદખાનના ગયા પછી ચાંદબી અને ગુલખેરૂ વચ્ચે થએલા સવાલ જવાબ.

બેત.

ગુલખેરૂ—જાન જાનતો એહીજાન, ઔર મેરી જાનતો તુંહી હયે.
મુસલમીન દેખે ઇદકા ચાંદ ઔર મેરા ચાંદતો તુંઇ હયે,

લાવણી.

ચાંદબી—લે દોલત. આના જલ્દ મેરે દીલજાની,
મે શીવાએ તેરે ફીરૂંગી બનકે દીવાની;
ગુલખેરૂ—ફીજી હોતી દીલમે દીલગીર મેરી તું નુરાની,
મયે હુવા હું આશક દેખ તેરી પએશાની;
ચાંદબી—નહી જૈસી જહાંમે યાર તેરા કોઈ શાની,
તુઝ ગયે મુઝે નહી ચએન રહેનહએ રાની;
ગુલખેરૂ—રખચંદા તેરે પાસ મેરી એ નીશાની,
દેરઝા ખુશીશે જાન ના હો પશેમાની;
ચાંદબી—રખતી હું ચશમોશે યાર તેરી મયે નીશાની,
તેરે દફાહો દુશમન ખુદા તેરા નીગેબાની;
ગુલખેરૂ—જાતા હું ચાંદ મએ રખીઓ મુઝપે મેહેરબાની,
ઝર ઝહેર લાકે કરૂં તુઝપે ખુરબાની;
(ગુલખેરના જવાબાદ.)

બેત.

ચાંદબી—છટકેમે ચુગે આગે હયે ઈગે હયે ભાઇ બાટ,
કસે હયે શીકનજેમે આબ ગયે ખહુંગી દોનોકા ધાટ.

—0:0:0—

ફુલચંદ શેઠના છોકરાનું આવવું, શોમચંદે ગાળો દઈ કાહાડી મુકવાથી શેઠાણીએ આવી છોકરાને છાનો રાખવો.

(શેર બઝારે આતે શું કર્યું.) એ રાહ.

શેઠાણી- છાનો રહેને તું બાગ છોકરા,
મુવે મેહેતે દીધી તને ગાળરે સલુનારે—ટેક.
તુ તો દોડીગ્રી લેવાને આવીઓ,
મુવે મેહેતે મારી તને લાત સલુનારે—છાનો.
તારા બાપે તે દોડીગ્રી નહી આપીયું,
તને આપું બારેકને કોપરા સલુનારે—છાનો.

—0:0:0—

બાદશાહની દરબાદમાં ચાંદબીએ ગાયેલાં ગાયનો.

(કહું કયા કુબકકા સતાયા હુંમે.) એ રાહ.

ચાંદબી—તાજે તખ્ત ઔર બાદશાઇ સારી,
આલમ પનાહ હો તુમે મુબારક—ટેક
તારીફ તેરી હોવે જહાંમે,
જહાંપના વોહ તુમે મુબારક—તાજે તખ્ત.
રંજો મુશીબત દફાહો તુમસે,
રહેમ ખુદાકી હો તુમે મુબારક—તાજે તખ્ત.
તુમારે હકમે અરમાન હમારી,
કરે હાંશીલ ખુદા તુમે મુબારક—તાજે તખ્ત.

ક્યામત તક કાયમ રહે તખ્ત શાહકા,
ઇએ હયે દુવા હમારી હો તું મે મુબારક—તાજો તખ્ત.

(ગોકુલીએ લઇ ચાલો.) એ રાહ.

હોરી ખેલું મે કીન કે સંગ પીઆ ઘરનાહી અપના—ટેક.
હાજત હમારી શુનોરી સખીઆં,
બેપરવાઇ મોકો આખીઆં—પીઆ.
રંગકી સાહેલીઆં ખેલ હોરી,
તો દેખ જલે જાન મોરી—પીઆ.
સોનેકી મોરી બની પીચકારી,
હીરે જડીત શગ સારી—પીઆ.
ફાગણુ ફુલ્યો ફુલોસે સજની,
તડફ તડફ જાગે રજની—પીઆ.
સબ રંગ ફીકા પીઆ બીન બયેના,
નાપેનુ જહવેર ઔર ગેયના—પીઆ.
જોબનકી બહાર પીઆ બીન જાતી,
ઉભાજ ઉભાજ રહી છાતી—પીઆ.
દરશકો તરશત અંખીઆ હમારી,
આગ આંકે ગરૂં મેં કટારી—પીઆ.

બેત.

બાદશાહ—ગઝીર વઝીર દીલ હુવા હયે ખુશાલ,
આરગાન કયા એ રખતી ગયે કરૂંગા નીહાલ.

ચાંદબીના પચારા આશક ફકકડનું આવવું અને ચાંદબીની જુદાઈમાં ગાવું.

(તકરકા હોતા હયે અએ સાખી ગુલનદાંમ કંઇ.) એ રાહ.

ફકકડ—ચાંદકી જુદાઇગે અબ જાન મેરી જાતી હયે,

રોશન દીદ બતા મુઝે અએ પ્યારી કીશ સતાતી હયે-ટેક.
શરમીંદા ગુલાબ હોતા હયે દેખ રૂખશારેકો,
ચશ્મકો દેખકે નરગીશબી શરમાતી હયે—ચાંદબી.
મહેબુબોમે વોહ હયે નાઝની રશકે ચમન,
જુલ્ફ કાલી દેખકે બુલબુલબી બલજાતી હયે—ચાંદબી.
દંમપે દંમ કરતાં હું યાદ જાન કીશ મીલતી નહી,
હયે શીકલ રસીલા વોહ તશવીર મુજકુ ભાતી હયે-ચાંદબી.
ચાંદસે મીલું મયે જાકે તો હોવે આરામો ચેન,
વસ્લકી કબ રાત હો અરમાન અએસી આતી હયે-ચાંદબી.

—o.—

ચાંદબીએ પોતાના ચાર ફકડ આગળ ગાએલાં ગાયનો.

(મુસતફા ભાઇ દીલઆરા.) એ રાહ.

ચાંદબી—ફીકરમે અએ પ્યારે જાન મેરી જાતી હયે,
રશકે ચમનકા ગુલ હયે તું તસવીર તેરી ભાતી હયે-ટેક.
જીકો નાહી ચએન મેરે જબસે વોહ ગયા સનમ,
લાખોમે હયે તુંહી દાનાન, અકલ મેરી પાતી હયે-ફીક્ર.
લબતો મયેને દેખી તેરી, ગોયા માંનીદ ગુલસી હયે,
જી કરૂં ખુરબાં તુજપે અરમાન અએસી આતી હયે-ફીક્ર.

(સંભાલો તેગ અદાકો જરા સુનોતો સહી.) એ રાહ.

ચમનમે આયેહો પ્યારે જરા સુનોતો સહી,
ઉડાવુંગા ગાનેકી ખુશબો હવા સુનોતો સહી—ટેક.
ન હોગા જેહાંમે કોઈ ઈઆર આપકે માનીંદ,
કરૂંગી ખુશમેં બોલકે જબાં સુનોતો સહી—ચમન.
બીમારી સખ્ત હયે જી હાલ તુમસે કયા બોલું,
કોઈ સુનતા નહી મેરી સદા સુનોતો સહી—ચમન.

મરીજ મેરેકા હકીમ કોઇ મીલ જાવે,
હેરાન માનુગી ઉનકા ભલા સુનોતો સહી—ચમન.
થકે હકીમ હયે દવાજો ઉનકી દર્દકે,
આશક આ જાએતો દરદ દફા સુનોતો સહી—ચમન.

ચાંદબી, ગુલએરૂ અને હમજાદખાન વચ્ચે થએલી તકરાર.

ઇંદર સભાની રાહ.

ચાંદબી—ઝીઆદી દોલત હયે તેરી અએ મેરે ગુલએરૂ સનગ,
મેરે ખાતર અએ પ્યારે કયેસા ઉઠાયા હયે સીતમ;
ગુલએરૂ—તેરે જુલ્ફોને અએ જાની મેરા દીલ છીનલીઆ,
દાંમે ઉલફતમે મેરે દીલકો તુને કયેદ કીઆ;
ચાંદબી—અએ મેરે જાન બસ અરમાન બરાઇ મેરી,
દીલકો ખુશકર અએ પ્યારે આબતો હોચુકી તેરી;
ગુલએરૂ—તેરે નયેનોને અએ જાની મુજે દીવાનાં કીયા,
પર ન મહોબતમે મએને વસલકા એક જામ પીઆ;
ચાંદબી—આગેરે ગુલએરૂ તુજે હાર ગલેકા મે કરૂં,
મોહી બાતોપે મેરી જાન મયે ખુરબાન કરૂં;
(ઠગને)—મીઆછે પાંચ ગીનો અબતુમારા કામ નહી,
બાત ઇએ શરમકી આશકકો હીયાં આરામ નહી;
હમજાદખાન—કીસલીએ જગીના મયે ચાંદની તુ સુનલે જરા,
તેરી ઇન ચોરકી છાતીપેઅ બસ રહુ ગા ખડા;
ચાંદબી—ખડે રહો બહાર મીઆ હીઆસે છોડકે તકરાર,
મેરે ગુલએરૂ શીવા ગયેરકી નહી દરકાર;
હમજાદખાન—દી હયે દસ લાખકી દોલત ચાંદની તુજકો,
બેશરમ હો ચુકી ઇનકાર કીઊ કરતી મુજકો;

ચાંદબી—મેરે પ્યારેકે સાથ મએ કાટુંગી ખુશીસે દીન,
પટી એક પાનસે દશ લાખ મેં લેતીહું છીન;
હુમજાદખાન—બેતહા હોચુકી આખર મુઝે બીગાના કીઆ,
દોલત દસ લાખકી લેકે મુઝે દીવાના કીઆ;
ચાંદબી—દરગા દશ લાખકા નોકર મેરે ખાતે હયે,
તેરે જયસેતો મીઆ ધંગપે બાહોતઆતે હયે;
હુમજાદખાન—ખુન આતા હયે મુઝે જણીગા મયે દોનોકી જાન;
ફીરભી કહેતા હું કે ચાંદબી જગ તું માન
ગુલખેરૂ--અબ મીઆ બાહોત હુવા બંધકર ઝબાં એ તેરી,
શેઠ મયે ચાંદકા ઔર બેબી શેઠાની મેરી.

——0——

ગુલખેરૂને ભુખ લાગવાથી ચાંદબીએ શરાબનો સીસો લાવીને આપવો.

બેત.

ચાંદબી—લાઇ હું મયે શીશા ભર ઝહેરી શરાબ,
પીલાઉં ઠગ ચોરકુ આખર દગ કર સીતાબ;
મયે આશક હું ઉનપે હયે મેરા દીલદાર,
ધનમાલ દૌલતકી નહી મુઝે દરકાર;
જાઉં મયે જલ્દ ઔર કરૂ એહ કામ,
ફીર મયે મેરા ફકકડ મઝે કરીંગે શુબો ઔર શામ.

——0:0——

ગુલખેરૂ અને હુમજાદખાન મરી ગયા પછી ચાંદબીએ ફકકડને ચાદરમાંથી બાહાર કાહાડવો અને તેને કેહેવું.

બેત.

ચાંદબી--આમેરે પાસ આએ મેરે પ્યારે આલગરત,
તેરે દોસ્તોમે દેતીહું ગયે અપના દસ્ત;

કયામત તક કયામ રહે તેરી ઉલફત,
ખુદાન ખાશતા નગીરે આફત;
નગયેરસે ગરજ હયે મુઝકો ઓનહાર,
આજસે હું તેરી ઔર તું મેરા દીલદાર.

ફકકડ—સુન એ ચાંદ તું હએ વફાદાર,
હયે જાન સચા મુઝપે તેરા પ્યાર;
કોલ દે મુજકો તું હોકે વફા,
કે હરગીઝ ગૌરે ન મુજપે જફા.

(ગરહુમને દીલ સનમકો દીઆ.) એ રાહ.

ચાંદબી—જફા ગીરે ન તુઝપે જાન ઇએ જાનકી કસમ,
હરદમ રખુંગી ચશ્મોપે ઇમાનકી કસમ—ટેક.
તેરે ખાતર પ્યારે મએંને લી દોનોકી જાન,
અઝીઝજાની તું મેરા હયે જાનકી કસમ—જફા.
તું ગલેકા હાર હયે ઔર તું મેરા દીલદાર,
તું ઝીગરકા જાની હયે યાર પ્યારકી કસમ—જફા.
હીરલાલ મોતી તુંપે કરુંગી ફીદા,
કુરબાન હોકે લેવું મે ઝરો માલકી કસમ—જફા.

——o:o——

ચાંદબીના ગયા પછી ફકકડે વીચાર કરવો.

બેત.

દીલ દીજે ઉસીકો જીસ્સે દીલકી દરકાર હો,
દીલ દીજે ઉસીકો જો આખર વફાદાર હો;
બેહયા ઔરતકો હરગીજ દીલ ન દીજીએ,
બેમુરવત માશુકસે આશનાઇ ન કીજીએ;
બેરેહમ બેશરમ બેકદર દેખી ઇએ ઔરત,
આપને આશકોકો માર નેન આઇ જરા ગયેરત.

(મામુરહું શોખીસે સરા રસ ભરી હું.) એ રાહ.

દીલ બેવફા ઝનોસે લગાના ન ચાહીએ;
ગોહરકી સાથ સંગ લગાના ન ચાહીએ—ટેક.
બેઆકલ હયે બશર વો જો પરહેઝના કરે;
મકાર રંડીઓપે લોભાના ન ચાહીએ—દીલ.
જો બશમે ઈન કે આએગા હરગીઝ ન બચેગા;
બે શાખતા એ જાન ફસાના ન ચાહીએ—દીલ.
દોકુ તમામ કરદીઆ કાહાબાને ઈસ ઘડી;
ફ્રુકડસે ફીયા બનેસો જતાના ન ચાહીએ—દીલ.
આબ દેખના કે નેક હુએ આનજામ યા હયે બદ;
ઘફીન હરીફ દીલકુ મીલાના ન ચાહીએ—દીલ.

—∞—

ચાંદબીનુ આવવું અને ફકકડે તેનો તીરસ્કાર કરવો.

બેત.

આયેસી ઓરતોસે હરગીઝ ન કીજીએ મોહોબત,
બેકદર બે શવાકી ન કીજીએ સોબત;
જેહાંકી ઓરતોસે હોંગે શબ માહીર,
નતો દાખલા ઈએ ચાંદકા હયે હીંઆ જાહીર;
આખર હુઈ બેવફા ખાકે ધન માલ,
ચાંદકી મોહોબતમે દેખો ઈએ હાલ,
મીજલસકે શાહેબો કરના ખુબ ખ્યાલ,
કે રંડીકી સોબતમે હયે બુરે હાલ.

—0—

ફકકડનું ગુસ્સે થવું અને ચાંદબીએ તેનું દીલ ખુશ કરવું.

(તફરકા હોતા હએ એ સાખી ગુલનદામ કહી.) એ રાહ.

આ ઈશ્વર પ્યારે મેરે, કીયું તું ખડા હયે મગમુમ;
તેરે ખાતીર જો કીયા, મએને સો હોગા માલુમ—ટેક.
તેરી ઉલ્ફતમેં નહી ચેઅન હએ દમબાર મુજકુ;
આ લપટજા તું ગલેસે, મએલું રૂખશારકું ચુમ—આઇશ્વર.
અએસા આરામ મએ, શબો રોઝ ગુઝારે જાની;
હરતરાંકી આએ હરીફ, અબતો મચાવેંગે ધુમ—આઇશ્વર.

ફકકડે ગુસ્સે થઈ ચાંદબીનો જીવ લેવો.

(અરે લાલદેવ ઇસતરફ જલ્દ આ.) એ રાહ.

ફકકડ—અરે હટ હયાંસે ઓ નાપાક તું;
ન ચાહેંગી ઇશ આં અભી ખાકતું;
ન ફુસલા મુજે અબ ઓ બદ ખવાંઆન;
લે દેખ. અબતો જાતી હએ તેરીબી જાન;
હરીફ આએસી બદઝાતોસે રહેના દુર;
જો જએસા કરે અએસા પાવે જરૂર.

——0:0:0——

ધ્રુવ આખ્યાનનાં ખેલમાં ગવાતાં ગાયણો.

—:o:—

ઈશ્વર સ્તુતી.

(કર કર કર કર કરગ.) એ રાહ.

પ્રભુ મેહેર કર હમ ઉપર,
રાખીએ હમે તો, તું પર સબર. પ્રભુ.
ચાતુરી તારીમાં ચુક નહી જરા,
ખરા કાર્યો કીધાં, રાખીને નજર. પ્રભુ.
ચંદ્ર સુર્ય તારા, પ્રકાશે ભરપુર,
દુરથી પ્રકાશે, ન્યાળીએ હજુર. પ્રભુ.
છોજી વીશ્વાધાર, ખુબીછે અપાર,
નમન કરીયે છે મંડળી આ વાર. પ્રભુ.
છૈયે હમે બાળક, તમો પ્રતીપાળ,
આપો હમને હીમત તું દીન દયાળ. પ્રભુ.
હીમત હમને આપો, વિઘ્ન નીવારો,
સારો આપો બોધ હમે તાબેદાર. પ્રભુ.

—o—

રાજાની દરબારમાં ગુણકા રાજાની કીરતી ગાયછે.

(છોડી બામનકી અંગીઆકુ અતર લગાકે ચલી.) એ રાહ.

વારી વારી જાઉં વારી વારી જાઉં.
સભા મંડપ જોઈ હું તો ખુશી થાઉં—ટેક.
રઈયતના રખેવાલછો શીરદાકણ રાજન,
ગુણ તમારા ગાયછે પુરોના માજન—વારી.

અદલ રાજછે આપણું, નહી તસ્કરની બીક,
બાળ ગોપાળની મેહેરછે, રમે તમ નજીક—વારી.
આયુષ્ય વધજો કુટુંબનું, જાચુછું હું એમ,
નીધેખાની રાખીને ઈશ્વર કરજો તેમ—વારી.

—o—

ધુરૂવે પોતાના પીતાની દરબારમાં અપમાન મલવાથી કીધેલો વીલાપ.

(મુકાવે દુષ્ટ અન્યાયથી, અબલા થઈ એ નીરાશ.) એ રાહ.

ફેર વરતાવ્યો કારમો મુજપર આ શી આફત—ટેક..
જગતે ઈશ્વર છો જાણીતા, રંકના આ શું રે હાલ—ફેર વરતાવ્યો.
પીતા પીડ જાણે નહીં, મને કરેછે ધીક્કાર—ફેર વરતાવ્યો.
માતા વેણ સાંભલ્યું નહી, ત્યારે મુકયુંછે માન—ફેર વરતાવ્યો.
અપમાન થયું માહેરૂં, ધરૂ કેમ હું ધીર—ફેર વરતાવ્યો.
પ્રભુ હીમત આપો મેહરથી, દીન હું તારો દાસ—ફેર વરતાવ્યો.

ધુરૂવની શાવકી માતાએ ધુરૂવને આપેલો ફરેબ.

(વીનતી ધરજો ધ્યાન સજન સૌ વીનતી ધરજો ધ્યાન.) એ રાહ.

અભાગણીના સુત આવ—અલ્યા ધ્રુવ અભાગણીના સુત આવ—ટેક.
હીણ માતા કુખે જન્મ તેં લીધો, કીધો નહીરે વીચાર—અલ્યા.
ઉત્તમ સાથે બેશાડયો નહી, ગયું સભામાં માન—અલ્યા.
ગઈ આબરૂ પાછી લેવી હોયેતો, કહું તે માફક ચાલ—અલ્યા.
અઘોર વનમાં કષ્ટ કરો જઈ, મલશે શ્રી ભગવાન—અલ્યા.
માગજે તે પાસે મુજ જેવી માતા, ચુકતો નહી ધરી ધ્યાન—અલ્યા.

લશકરની કુચ.

(ગલારી ગલારી અબાસીનીઆ.) એ રાહ.

એકુત મેહેશુલ આપતા નથી, (૩)
ચાલોની જઈએ ત્યાંહાં—ટેક.
સીપાઈઓના લીધા પ્રાણ, (૩)
લઈએ તેઓના જાન—એકુત.
મુદઈને કરીયે પાંસરા, (૩)
સાંસરા કરીશું પલવાર—એકુત.
રાજાજીની થાય જય જય, (૩)
ભય આપણનો સઉ જાય—એકુત.

---:o:---

ધ્રુવ વનમાં જવા માટે રજા માગેછે તીઆરે તેની માતા જવાને ના પાડેછે.

(કંગનવા મારા કરસે સરક ગયોરે.) એ રાહ.

માતાજી મને મેહર કરી રજા આપોરે,
હું તપ કરવાને જાંઉ કૃતાર્થમારે થાવું—ટેક.
નેત્રવંતી—આ તે શું લવેછે રે, ગજા ઉપરાંત કરેછે રે;
શી પીડા થઈછે તને, દરશાવ તે તું મને;
બોધ આપ્યો કયા જને તને એમ કરવાને રે—માતાજી.
ધ્રુવ—ગયો પીતા પાસે રે, થયો ત્યાં ઉદાસ રે,
ઉત્તમને ખોળે ધીધો, આવકાર મને નહી દીધો.
શાવકીએ શ્રાપ દીધો કીધો બોધ મને રે—માતાજી.
નેત્રવંતી—દુશમનછે એ મારી રે, બુરૂં ચાહેછે ભારી રે,
અદેખી રંડા બહુ, કારસતાન કરે કહું,
ઇશ્વર તું જોજે સઉ બઉ સાહે થાવોરે—માતાજી.
ધ્રુવ—માજી એમના બોલોરે, સાવકીપર સું કામ ઢોળોરે,
જગતેશ્વર પુજવા મન ભાગ્ય હોય જેનુ ધન,
લીધુંછે મેં તો પણ તન હું કષ્ટાવું રે—માતાજી.

ધ્રુવ ઊજત કરી વનમાં જવા માંગેછે તેથી તેની માતા શમજાવેછે.

(વનચર વીરા વધામણી.) એ રાહ.

નેત્રવંતી—લાડકવાયા બાળ તું, શું કરેછે વીચાર;
બોધ આપ્યો તને વેરીએ, જાય વન મોજાર—ટેક.
કહો તો રાજ અપાવું હું, કહો તેમ કરૂં આજ,
તાજ મુકાવું તુજ શીશપર, ભલો પેહરાવું સાજ—લાડકવાયા.
વાઘ વરૂ રીંછ રીછની-છળી મરશે તું બાળ,
ભુખ તરશ કેમ વેઠશો-કોણ કરસે સંભાલ—લાડકવાયા.
પોઢવા શેજ મલે નહી, કાંકરા કાંટા અપાર,
કેમ વાહાલાં તું પોઢસે, ગરમી થંડી વીચાર-લાડકવાયા.
માટે મુજ વેણ પાળીને-જવા વન હઠ છોડ,
એકનો એક તું મુજને-નથી બીજી રે જોડ-લાડકવાયા.

——0:0——

ધ્રુવ વનમાં જવા માટે માને શમજાવેછે.

ઉપલી રાહે.

માતાજી માગ સાંભલો-વેણ ચઢાવું શીશ;
કોઈ દીન મેં દુભાવ્યા નથી, આ વેલાએ જઈશ—ટેક.
રાજપાટ નથી જોઈતું-પોશાક દીસે અંગાર;
જગતેશ્વર ભજી મેળવું-નક્કી કીધો વીચાર—માતાજી.
જંગલી પશુથી બીતો નથી-કેમકે તમોછો માત;
પાન કીધું તમ સ્તનથી-તેથી તે નહી ઉચાટ—માતાજી.
કુદરતી જમીન સોહામણી-ઉંચે આભ વીખ્યાત;
રક્ષણ કરશે તે માહેરૂં, તેપર રાખુંછું હું આશ-માતાજી.
ઈશ્વરને ભજું હું લ્હેરથી-કરી એકાંતવાશ;
શીખ આપો જત મુજને-નહી તો દેહનોછે નાશ-માતાજી.

ધ્રુવ પોતાની માતાને દીલાસો આપેછે.

(બલાજી મેં તો ગઇથી ગગરૂકી સાથ.) એ રાહ.

ઉઠો ઉઠો વાહાલી મારી માત,
હું વનમાં નહી જાઉં ખરેખાત—ટેક.
આમ દુભાવું નહી કોઇએ તમને,
શા માટે કરોછો કલપાંત—હું વનમાં.

——o:o——

ધ્રુવ વનમાં જવાથી તેની માતા સંભાલને માટે ઈશવરને અરજ કરેછે.

(ઓધવજી સંદેશો કેહેજો શામને.) એ રાહ.

હઠીલો થઇ ગયો રે—હવે હું શું કરૂં,
પ્રભુજી તમે લેજો એની બરદાશ જો,
માન્યું નહી કહ્યું રે—મારા બાલકે,
મારે તો છે તમારો આધારજો—હઠીલો.
કોઈ દીવસ મેં તો કાઢયો નથી બારણે,
સુખમાં ઉછર્યો સ્વપને નહી દીઠું દુઃખજો.
ભુખ તરસ એ કેવી રીત વેઠશે,
પણ મનેછે તમારો વીશ્વાસજો—હઠીલો.
દીન દયાળુ છો—દુનીઆના તમો દીન બંધુ,
મીરા સારૂં પીધા તમે વીખજો.
તે માફક મુજ બાલકને સંભાળજો,
ઈશ્વર મારી સુણજો અરજ આજજો—હઠીલો.

ધ્રુવ વનમાં વીચાર કરેછે.

(પીતા પ્રિયરે નાટ્ય કળા મારે શીખવી.) એ રાહ.

કાયા જુઠીરે મારે ભજવા ભગવાન—ટેક.
મેં તો વિચાર નક્કી કીધો,
સાવકીનો બોધ મેં લીધો;
તપ કરવું એ મારગ સીધો—કાયા જુઠીરે.
આતો અજાએબ દેખાવો,
ન્યાહાળીને થાય મુઝાવો;
પ્રભુજી તમે સાહે થાવો—કાયા જુઠીરે.

—o:o—

લશકર જીત મેલવી આવેછે.

(સોદાગર હમે કીધરકા કર કોક ખુદાકે ઘરકા.) એ રાહ.

થયો જય જય જય જય આજે (બાહાદુરો.)
દુશમનોના કાળજાં દાઝેરે—થયો,
ગલચી જાલી ભાલે—લટકાવ્યા, (બાહાદુરો.)
વેરી થર થર થર થર પ્રાજેરે—થયો.
જખમી થએલા ચીચીઆરી પાડે, (બાહાદુરો.)
ખુશાલીનું વાજું ધમ ધમ વાજે રે—થયો.
આપણી ફતેહનું ઈનામ મળશે, (બાહાદુરો.)
રાજા લ્હેરી આપણે નવાજે રે—થયો.

—o—

નારદ મુંની ધ્રુવને વનમા આવવાનું કારણ પુછેછે.

(ચાલની ચાલની ચાલનીરે.) એ રાહ.

બાળક છેરે તું કોનોરે—મને કેહેની બાળક છે તું કોનો—ટેક.
આવું તારૂં તપ જોયું નથી જાતું,

બાળ દેખી નહી ખમાતું રે—મને.
આ વનમાં કોઈ આવી ન શકે,
ડુંગર ભાળી ને ભડકે રે—મને.
બાળક તુંને કોણે દુભાવ્યો,
કીયા ઠેકાણેથી આવ્યો રે—મને.
માત પીતાએ કેમ મુકયો સુનો,
આતે ઉપદેશ છે કોનોરે—મને.
રાત અંધારી ને અઘોર વનછે,
જપતો એક મનનોરે—મને.

——o.——

ધુરૂવ નારદમુનીને પુછેછે કે તમે કોણછો ?

ઇંદર સભાની રાહે.

અરે કોણ દેવતા તમારૂં શું નામ,
કોણ તાત ને કીયો વીશ્રામ ?—અરે.

નારદમુની પોતાનું નામ પ્રગટ કરેછે.

ચોપાઈ (જોગીઓ.)

અરે બાળક સાંભલ તું રે,
બ્રહ્મ સુત ને નારદજી હું રે—અરે.
જે વાત સાચી હોએ તે કહે,
કપટ રાખીશ નહી નારે રૂદય—અરે

ધુરૂવ પોતાનો હેવાલ જાહેર કરેછે.

(દર યાલ હાલ દીલમાં નાંખીલા.) એ રાહ.

ભલા નારદજી તમો સુણો, મહીમા મારેછે તમ તણો;

ઉત્તાનપાદ સુત ધ્રુવ મુજ નામ, ભીસમાવંતી નગ્રી સ્વસ્થાન;
નેત્રવંતી મારી માતા સતી, અપરમ માતા તે પ્રભાવંતી—ભ-
લા નારદજી.

તે પ્રભાવંતીનો તન ઉત્તમ, તે ઉપર ઘણું રાયનું મન;
હમો બને મલ્યાં એક વાર, ચાલી ગયાં સભા મોઝાર;
ઉત્તમ રાય ઉછંગે ગયો, મુજ સાથે અંતર રે કર્યો—ભલા
નારદજી.

તે કારણ દુઃખ મનમાં થયો, ધરી વૈરાગ મનમાં આવ્યો;
હવે તપ કરી ઇંદ્રી વશ કરૂં, ભવસાગર હું સેહજે તરૂં,
હેવો મનશું કીધો નેહ, મળે બ્રહ્મા યા પાડું મારી દેહ—ભલા
નારદજી.

—o—

શ્રીંગી રૂષી ધુરૂવને પુછેછે.

ચોપાઇ (જોગીઓ.)

અરે બાલક કેમ અહીં આવ્યો,
કીયા વેરીએ-તને સપડાવ્યો—ટેક.
મુખપરથી ઉડયું નથી દુધ;
તારી કોણે ભમાવી શુદ્ધ—અરે.
કોણ માત ને કોણ છે તાત;
સાચે સાચી વદી દે તું વાત—અરે.

—o:o—

શ્રીંગીરૂષી આગલ ધુરૂવ પોતાનો હેવાલ કેહેછે.

(એતો મઝનુઈ હોએગા દીવાના.) એ રાહ.

સમજો જોગેશ્વર સાધુભાઇ, ધ્રુવ નામ મારૂં સતસાઇ—ટેક.
છેતરી લાવ્યું મને નથી કોઇ, શું વિચાર કરો મુખ જોઇ-સમજો.

ઉત્તાનપાદ પીતાનું છે નામ, બરમાપુરીમાં છે રે રેહઠાણ-સમજો.
નેત્રવંતી મારી માતા સતી, તેના પુત્રની આવી છે ગતી-સમજો.
ઇશ્વર ભજવાનું થયુંછે મન, વાહલું કીધું નથી તન ધન-સમજો.

શ્રીંગી રૂષી ધ્રુરૂવને મંત્ર આપેછે.

(કામણ દીસેછે અલબેલા તારી આંખમાંરે.) એ રાહ.

શાબાશ શાબાશ ધ્રુરૂવજી છે તારી જાતને રે;
ધનછે માતને રે—શાબાશ.
હીમ્મત રાખજો ઉરમાં ભારી, જશો નહી કોઇથી હારી;
અદેખા ભમાવશે-કરી-વાતને રે-શાબાશ.
ઇંદ્ર અપછરાઓ મોકલે, ભુત ભૈરવ બીવાડે ટોળે,
બીતા નહી ન્યાળો તેના બડબડાટને રે—શાબાશ.
શ્રીંગી રૂપી નામ છે મારૂં, ઇશ્વર કરશે તારૂં ધાર્યું;
આપું મંત્ર લે તારી ઉગ્યાતને રે—શાબાશ.

અપછરા ધ્રુરૂવની માતાને દીલાશો આપેછે.

કારવો.

દીલ દુખી શીદ કરોછો માહા રાણીરે—બેવાર.
માહા રાણીરે માહા રાણીરે—દીલ.
તપ કરવાને-ગઆછે ધ્રુરૂવ,
હવે આવશે ધરો ધીર માહા રાણીરે—દીલ.
કોમલ કાયા-શું કામ જલાવો,
બલાપો શીદ કરો છો માહા રાણીરે—દીલ.
ધીરજ ના ફળ-મીઠાં ઘણાંછે,
ઈશ્વર કરસે સારૂં માહા રાણીરે—દીલ.

વિદુષક ધુરૂવની જન્મ પત્રીકા જુવેછે.

બેત.

ધન મકરને કુંભ, આ રાણી પાડતી આવી બુમ;
ધન મકરને દશો, બાજરીનો જુની પણ વાવેટાનો નવો.
કન્યા, તોળાને મકર રાશી, રાણીજીને થંડા પાડવાની તાલ થઇછે
ખાશી;
ચંદ્ર મંગળને મળ્યા બુધ, હવે રાજાને કાંઈ આવશે શુદ્ધ.
પેહેલા ઉદયા સની રાય, રાણીજી કરે હાય હાય હાય.

ખરી જન્મ પત્રીકા.

બેત.

રાજા ચીંતા પર હરો, કરો કૃષ્ણની સેવ;
પુત્ર તમારો ભગતછે, મનુષ્ય દેહ પણ દેવ.
સુખનો સ્વામી ઉચનો, ઇંદ્રિ બલીઓ જો હોય;
અખંડીત સુખ તે ભોગવે, રોકી શકે નહી કોય.
તોળા લગનમાં બ્રહસપતી, સની યુક્ત જો હોય;
ભાગ્યસ્વામી દ્રષ્ટી વડે, કૃપા કૃષ્ણ ની હોય.
કૃપા કૃષ્ણની હોય, અવીચલ પદવી પામે;
સ્થીર રહેનીજ નામ, સંકટ પરના કાપે.
સુરાધિપની કન્યા, પવનકુમારી જે,
તેની સાથે એનું લગન થશે, નકી માનજો તે.

——0:0:0——

રાજા પોતાના દરબારીઓને ધ્રુવની શોધ કરવા જવાને ફરમાવેછે.

રાગ ઇંદર સભાનો.

શુરા દરબારીઓ મારા નેકનામ;
હવેછે તમોને બાહાદુરીના કામ.
લાએક નહી કે લેવો, તમે અન પાણીનું નામ;
જ્યાં સુધી નહી બજાવો, માહેરૂં એક કામ;
મતલબછે માહરી, માતરજ એક;
રંજછે તમો સર્વેને રે સેહેજ.
જંગલ અને પાહાડો ઉપર કરી કોઈ રબડ;
લાવી આપો મને મારા, ધ્રુવની ખબર.
કરી રાખીશ તમોને હું સદા સીરતાજ;
એંચો એટલી રંજ, તમારા રાજાને કાજ.

——0:():0——

ઈંદર રાજા ઈંદરાસન માટે વીલાપ કરેછે.

(બદલ ગયો નેણારે.) એ રાહ

કોણ તપ કરવાને આવ્યું રે, મારૂં ઇંદ્રાસન ડોલાવ્યું—ટેક.
હેવો શુરવીર પેદા થયો શું, લેવાને મારૂં ઇંદ્રાસન;
અપછરાવો તમે કેમ સુસ્ત થઇ છો, મુકાવોની એનુ પણ— કોણ.
દૈત્યો તમે જઇ ડરાવો તેને, ઝબકીને છળી જાય;
જેમ તેમ કરી તપથી ચુકાવો, ઝટપટ કરો મને સાહાય—કોણ.
કંટાલો આપો તમે અતીશે, વીપત પાડજો બહુ;
બાહાદુર થઇને ટેકજ રાખો, જીત મેલવો સૌ—કોણ.

——0:0——

અપછરાવો ઈંદરને ધીરજ આપેછે.

(કર તનપર શીનગાર હાથમે શાનેકી ઝારી.) એ રાહ.

ઇંદ્ર રાજા એમ શું બોલો, તપસ્વીમાં શું દમ,
હજારો એવા તપધારીના, મુકાવીશું અમે પણ.

——o:o——

ઈંદર પોતાના દેતીયોને જવાને રજા આપેછે.

ઉપલી રાહે.

દેત્યો તમે ઝટપટ જાઓ, કરી આવો શુભ કામ,
દીલ મારૂં અવીશે દાઝે, કાર્ય કરો મુદામ.

——o:o:o——

અપછરાવો ધ્રુરૂવને છળેછે.

(મુકાવ દુષ્ટ અન્યાયથી અબલા થઇ રે નીરાશ.) એ રાહ.

અહીંયાં અલ્યા કેમ આવ્યો તારૂં ભાયેગ હીણ,
વીર પુરૂષ વીતી ગયા, મગર મછમાં મીન.—ટેક.
ઢોંગે પ્રભુ મલે, તો જોની વડલાં વન મોજાર—અહીંયાં.
કર્મ રેખા હોય તાહેરી, નસીબે નથી હાર—અહીંયાં.
ભમાવ્યો કોને આવવા, દુસ્મન હશે કોઇ—અહીંયાં.
માનવું હોય તો માનજે, જા વિચારી જોઇ—અહીંયાં.

——ooo——

અપછરાઓ ધ્રુરૂવની માતાનું રૂપ લઈને છળવા આવેછે.

લલીત છંદ.

અરે રે મારા સુત, આ શું તારા હાલ,
ભયંકર દીશેછે આ વન વિકરાળ;
તુજ દુઃખે મેં તો નગ્ન પરહર્યું,

વન વિશે તેં તો તપ શું આદર્યું—ટેક.
તુજ પિતા એતો મુને પરહરી,
તુજ વેરાગથી હું વન સંચરી;
મુજ સામું જુવો માહેરા રે તન,
કેમ કઠણ કરેશ તાહેરૂં રે મન—અરે.
કેમ તેં તજી છેક હાજરે,
ભર સમુદ્રમા, દુબ્યું ઝાંઝ રે;
ખરર આંસુ તે આંખથી ખરે,
ચરર ચીતમાં શી ચિતા બળે—અરે.
થરર થાયછે કંપે કાયછે,
સરર સુસરાં બાંણ વાયે છે;
મુજ સામુ જોઈ બોલરે, તું બાળ,
નહી તો હું તજીશ માહેરા રે પ્રાણ—અરે.

——o:o——

અપછરાઓ ધ્રુરૂવ નહી છલવાથી બીજું ગાયન ગાયછે.

સીતાજીના મહીનાની રાહ.

આશું થયા તરા હાલ, ન્યાલી દીલ દુખાયછે,
પુત્ર તન છોડીને ઘરબાર, ખરાબ કેમ થાયછે;
મુજ સામું જુવોની બાળ, પીતા પુછે પ્રેમથી,
હવે છોડી દે સંતાપ, ચાલો ઘેર હોંશથી;
તુંજ બંધુ ઉત્તમ ટવલેછે, ધ્રુવજી મારો કયાં ગયો,
ઢુંડી વલ્યો આપણું ભોંવન, હવેરા તે બહુ થયો;
અરે અજાણ માહેરા બાળ, ઝવાળ સમતી નથી,
નાની વયમાં તારે વનવાસ, નીરાશ થઈ સર્વથી;
માટે સમજ લાડકા બાળ, રીસ આવડી નહી રાખીએ,
પીતા ઉપર આશું રોશ, પીતા વેણ પાળીએ.

અપછરાઓ તથા દઈતીઓ નહી આવવાથી ઈંદર રાજા ગભરાયછે.

(અલિફસે તું યાદ કર.) એ રાહ.

જીવ મારો ગભરાયછે, કરવું મારે કેમ.
દૈત્યો હજુ આવ્યા નહીં, થઈ ગયું સું એમ—ટેક.
અપછરાવો આવી નહીં, લાગી કેમ વાર.
ઈંદ્રાશન ડોલેછે, બહુ થયો હાહાકાર—જીવ.
નીયમ ચુકયો છઊ નહીં, કરૂછું નીત્ય કામ,
જગરાય કોપ્યા કે, જાયછે મારૂં નામ—જીવ.

—:o:—

બરહમાના મંદીરમાં ભગતો આવછે.

હોરી.

તું છોરે જગતનું નુરે-પ્રભુ એક તું છે જગતનું નુરે—ટેક.
એક અનેક બની બહુ રૂપે-જગતમાં ફીરે જરૂરે;
સ્થાવર જંગમ ચેતન રૂપે, સચરા ચર ભરપુરે—પ્રભુ.
જપ તપ ધ્યાન રૂદયમાં ધરતાં પાપ થાયે સઊ દુરે;
વિવીધ પ્રકારની રચના તેં કીધી, બ્રહ્માંડમાં ભરપુરે—પ્રભુ.
ઈંદ્રાદીક બ્રહ્માદીક સુરપતિ, ધ્યાન ધરે નિત્ય ઊરે;
અધમ ઓધારણ પતીત પાવન, ટાળો કરમ કરૂરે—પ્રભુ.

—o—

ઈંદર રાજા બરહમાની સ્તુતી કરેછે.

(ખલકનારે ઓદા ખાવંદ.) એ રાહ.

વિશ્વ કરતા, જગત દાતા—અખીલ બ્રહ્માંડમાં વિખ્યાતા—ટેક.
બ્રહ્માજી હું લાગુંછું પાય, તમારી છે મુજ ઉપર સાહ-વિશ્વ.
દરશણ કરવા, આવ્યોછું આજ, કરતા આવ્યા છો ગરી-
બના કાજ—વિશ્વ.

શ્રી ભગંવત ધ્રુવને માટે વીચાર કરેછે.

(પીતા પ્રિયરે નાટય કળા મારે શીખવી.) એ રાહ.

દુખ હરવુરે, ભગતછે એ ગુણવાન—ટેક.
બાળ ભગતની દ્રડતા જોઈ;
મારૂ મન રહયુંછે મોહી,
એની તોલે ન આવે કોઈ—દુ:ખ.
હુંતો પ્રસન્ન થયોછું આજે,
માહારે કરવું ભગતનું કાજે;
એને આપું અવીચલ રાજે—દુ:ખ.
ઝટપટ માહારે જાવું,
કોઈ ઠેકાણે નહી રોકાવું;
ભગતનું કારજ કરી આવું—દુ:ખ.

—0:0:0—

બરહમા તથા ઈંદર રાજા શ્રી ભગવતની સ્તુતી કરેછે.

નારાચ છંદ.

કૃપા સીંધુ વંદુ તમને-જોડીએ બન્ને હાથથી;
દુ:ખો હરો સુખો કરો- આબાદ તમ પ્રતાપથી;
ત્રીભોવનનાં છો ઈષ્ટ તમે, વંદેછે રૂષી દેવતા;
દેવ મુની ધ્યાન ધરે, ભક્તિથી બહું સેવતા;
છો અવિનાસી બહુ વીલાસી-કાર્ય કરો કરો કારમાં;
નીરઉપયોગી મળે નહી-છે સજનનાં સારમાં;
અમ પર હમેશ રેહેમ કરજો, ઓદીનદયાલુ નાગરા;
ભગત વછલ ભુદરા- છો રત્નાગર સાગરા.

—0:0—

શ્રી ભગવત ધુરૂવના તપ માટે વખાણ કરેછે.

(અફસુસે તું યાદ કર.) એ રાહ.

ભગતે રાખ્યો નેમ હવે-કરવું મારે કેમ,
પ્રસન્ન થઇ જાવું હું તો -રાખુ એને ક્ષેમ—ભગતે.
ભગત મારૂં મન જાણું-જાણું મારૂં તન,
ભગતનું મુખ જોવું ત્યારે- થાવું હું પ્રસન્ન—ભગતે.
એમ કરીને ઇંદ્ર થાકયો-ચુકયો નહી નેમ,
ભગતે દ્રડતા રાખી ઘણી ઉપજે મને પ્રેમ—ભગતે.
અપછરાઓએ છલ કર્યો, પણ છલાયો નહી બાળ,
રાક્ષસોનો ભય નહી ગણ્યો, કરૂં એને હું ન્યાલ-ભગતે.

—:o:—

ઈંદર રાજા સરવે દેવતાઓને કંકોતરી લખેછે.

(પ્રીતા પ્રિયરે નાટય કળા મારે શીખવી.) એ રાહ.

કૃપા કરજોરે દેવમુની માહારાજે—ટેક.
મુજ પુત્રીના લગનછે આજે,
વનમાં કરવુછે કાજે;
મારા શીરનામ્રો તમ તાજે—કૃપા.
ગણુંપતીને કરૂં પ્રણામ,
તેથી સીદ્ધ થાએ સઉ કામ;
આવી પુરજો મનની હામ—કૃપા.
અગની વરૂણ ને વાયુ કુબેર,
શીવજી તમે કરજો મેહર;
તમો આવ્યાથી થશે લીલા લેહર—કૃપા.
સુર્ય ચંદ્ર ને યમરાજ,
બ્રહ્મ દેવ વિના જાય લાજ;
નારદ વિના ન શોભે કાજ—કૃપા.

બ્રહસ્પતી તમે વેલા આવો,
સાથે શીંગી રૂષીને તેડી લાવો;
સદા મુજ મનમાં તમો ભાવો—કૃપા.
વાંચી કંકોતરી વેહલા પધારો,
આવી વિઘ્ન સર્વે નીવારો;
દયા લાવીને સાહે થાવો—કૃપા.

——o:o——

સર્વે દેવતાઓ ભગવતની પ્રાર્થના કરેછે.

આરતી.

જય દેવ જય દેવ, જય વીશ્વા ધારા,
પ્રભુ જય વીશ્વા ધારા;
તુજને વંદન કરીયે, તુજને વંદન કરીયે,
દુઃખ માત્રે હરીયે—જય દેવ જય દેવ.
અનેક દૈત્યો માર્યા સુભ કારજ સાર્યાં,
પ્રભુ શુભ કારજ સાર્યાં;
અકલીત મયા તમારી—અકલીત માયા તમારી.
જોઈ જાઉં બલીહારી—જય દેવ જય દેવ.
ભગત વછલછો પ્રભુ તમે આનંદ ધન મુરતી,
પ્રભુ આનંદ ધન મુરતી,
ત્રીગુણી માયા રચતા, ત્રીગુણી માયા રચતા.
હરતાં ને ફરતાં—જય દેવ જય દેવ.
અનાથ નાથ પ્રભુ તમે કરૂણા વીસતારી,
પ્રભુ કરૂણા વીસતારી.
પાંચે પાંડવ ઉગાર્યાં પાંચે પાંડવ ઉગાર્યાં,
લાખા ગ્રહ બાળી—જય દેવ જય દેવ.

——o:o:o——

ધ્રુવની કીરતી

(દર આલે હાલે દીલમાં નોધીલો.) એ રાહ.

સત્યની થઈ છે સરસાઈ, નક્કી માનજો સહુ;
ધ્રુવજીએ હીમ્મત રાખી, ધીર ધરી પીડા સાંખી;
તપમાં રાખ્યું નહી બાકી, સત્યનો બેલી રામજી—ટેક.
સાવકીનું વચન પાલીને, વનમાં ગયો એ બાહાદુર;
પાંચ વરસ પોતાની વય, રાખી નથી કોઇની ભય,
રાખી નથી કોઈની ભય, સત્યનો બેલી રામજી—સત્ય.
આ કૃષ્ણે દરશણ દીધાંછે, ઈંદ્રની કન્યા પામીયો,
કીરતી થઈ જગની માંહી, અમર નામ થયું હાંઈ
અમર નામ થયું હાંઈ, સત્યનો બેલી રામજી—સત્ય.
આ જુગતે જોડું સોલેછે, આશીરવાદ હમો દઈએ,
અવચીલ રહેજો તારૂં નામ, કરશે જે કોઇ હેવાં કામ,
કરશે જે કોઈ હેવાં કામ, સત્યનો બેલી રામજી—સત્ય.

——0:0——

ભગલા હજામના ગાયનો.

——0——

ભગલા હજામે પોતાની કીધેલી તારીફ.

(ચીરી હમ કાલા કાલા.) એ રાહ.

મારૂં નોમ ભગલો હઝામ,
હઝામ છું રે હું એમદાબાદનો,
લાલ માહારાજનો ભગલો હઝામ—ટેક.
ભગલા ભાઈતો એમદાબાદથી, નીશરીયા ભપકા ભેર,
માહરીરે શી કંમબખ્તી લાગી, કે આવેઓ હું આએ શેહેર-મારૂં.
કોખમ તોબરી ભોઠેસે પોમરી, અંગરખો તતરબંધ,
રેશમી કોરનું ધોતીયું, ને વલી નોમસે ભગલા સંદ—મારૂં.

આંગળે અંગુઠી હીરાની સે, જુવાની કીવો લાગેસે રોપ,
રોઝાએ ફાંશીનો હુકમ કીધો, તે મશું કીધા મે પોપ-મારૂં.
માહારી અલી સે સેરોવંતી, ઝોને પુનમનો સોંદ,
રોઝાએ ફાંસીનો હુકમ કીધો, તે તો થશે હવે રોંડ—મારૂં.
રોઝા ચઢાવે અફીમ, ને વઝીર ચડાવે ભાંગ,
મનશોકની ગોદીપર બેશતો, ઝાને વાંદરાના શીંગ—મારૂં.

—— o.——

ભગલા હજામની ચતુરાઈ.

(કંગનવા મોગ કરસે મરક ગયોરે.) એ રાહ.
ઈશ્વરે આલ્યું સે મોથા મુઢવાનું કોમરે.
ધંધો સેરે મઝાનો; તમે શત કરીને ઝાનો—ઇશ્વરે.
હઝામનો સે માલો છું, જો મરજી હોએ તો સાથોરે,
શીખાદોશ મારે હાથે,
શઉથી ઉત્તમ ધંધોછે;
વળી તે શાથે ખંદો છે.
તોજ આપેતો મોથાપર ટપલા મારૂં ઓમરે—ઈશ્વરે.
એક હજોમતનાં ડોડીઆં સે ચોર, માનશ જોઈને કરૂં રે વીચાર;
તોજ પડેલો ધેતરૂં બેઓના,
જો શપકો પડી ગયો;
એતો ફોરો ફુટી ગયો;
એવી એવી તોજ કરી હું માગી ખાઉરે—ઈશ્વરે.

——o:o:o——

ભગલાએ કીધેલો વીલાપ.

(દઓ દઓ ઓચમબા.) એ રાહ.
હાએ હાએ રોમ રોમ આ સું થયુંરે,
જુવો જુવો નશીબ ઉંધું વળી ગયુંરે—ટેક.

મુવો નહીને ભુત થાઓ છતો તેનું તેજ,
એ થાશે શઝા ભારી, શેમે રે આલી મારી,
હાએ હાએ શેગ શેમ આ સું થીયુ રે—જુવો.
પ્રીત બહુ રાખેછેરે મારા ઉપર અલી,
તે મરશે જુરી જુરી, પેટમાં થઈ કુર કુરી;
હાએ હાએ એતો જયાંનું ત્યાં રહયુ રે—જુવો.

——0:0——

ભગલાની સ્ત્રીએ પોતાના ધણીની કીધેલી તારીફ.

સ્વામી મારાછો શોભામણા,
શમનો શમનોની હાં-શમનો શમનોની હાં—સ્વામી.
હજામત કરવાને આવ્યાછે રે નગરશેઠને ઘેર,
નગરશેઠને ઘેર-તેના તે પઇસા મળશે.
તેની ખીચડી લેશું શેર-તેની ખીચડી લેશુ શેર—સ્વામી.
આંગળે અંગુઠી હીરાનીછે રે અંગરખું તતડબંધ,
અંગરખું તતડબંધ—રેશમી કોરનું ધોતીઉ,
જાણે શેઠ માહાજન—જાણે શેઠ માહાજન—સ્વામી.

——0:0——

ભગલાએ પોતાની સ્ત્રીનો કીધેલી તારીફ.

(મદમ સાબ નાચતે ચલો.) એ રાહ.

ઓ મારી વાહરે અલી—ઝમના-કેરૂં ધનસે તારૂં નોમ,
ગીત ગાયું સે મઝાનું—દીલમા હરખ થાએ,
પોંચ શેર દુધમાં જોને-ઓંડ ખાધી કેહેવાએ—ઓ મારી.
ધનધા ખાતર આવવું પડેસે—દીલ ન જુદાં થાએ,
શોંદ જેવો મુખડો જોઈ—યાકુલ વ્યાકુલ થાએ—ઓ મારી.
પોંસ પટાનો ગાગરો—ને ફરતી મુકીશે કોર,
નગરશેઠના ઘરમો, ઓપને હેંડોએ જોડા જોડ—ઓ મારી.

કામસેન અને રસીકા નાટકમાં ગવાતાં ગાયનો.

ઇશ્વર સ્તુતિ. (સર્વે મળીને.)

(દર ચાલે હાલે દીલમાં નોંધીલો.) એ રાહ.

છે જન પાલક ટાળક દુઃખનો, કુલ પૃથ્વિમાં તું એકલો;
જ્યાં જોઇએ ત્યાં તારૂં નામ, નહી કોઈ તુજ વણ ખાલી ઠામ;
સર્વેને આપે આરામ, ગુપ્ત રહી તું એકલો.—છે જન પાલક. ૧
વીસરી તુજને જે પાપ કરે, નહિ બીક ધરે તુજ સાર;
જન જેવું કૃત કરશે જેહ, અંતે ફળ મેળવશે તેહ;
એવો તારો નીયમ છે, તુજ વર્ણન કરીએ કેટલો—છે જન પાલક. ૨
ઓ દયાળુ તું છે માયાળુ, ભક્તાધીન કૃપાળુ;
અંતરજામી અવીચળ નામી, તુજ રચનામાં. નહી કંઇ ખામી;
દીસે છે સહુને બહુ નામી, તોપણ તું છે એકલો—છે જન પાલક. ૩

કામસેન રસિકા વિષે પોતાની પ્રીતી વર્ણવતો આવેછે.

ગજલ.

દાહ ઉઠી છે દુઃખની દીલમાં, શી રીતે ઠંડી થશે;
આશ લાગી છે જેમાં મુજ, શી રીતે પુરી થશે—ટેક.
નજરે દીઠી મેં જે નારી, પરણે ના જો સાથ મારી;
તો તો જીંદગી આ અકારી, કયમ કરી પુરી થશે—દાહ.
મેં તરવાર કેશરીને મારી, તેવી લાગી એ કટારી;
કમળાક્ષીનાં નયણકારી, નો ઘા શી રીતે રૂઝશે—દાહ.

——:0:——

રસીકાની સખીઓ બાગમાં પ્રવેશ કરતાં ગાય છે.

પદ.

રાજબાગમાં જઇએ ચાલોરે, બેની રાજબાગમાં જઇએ;
સુંદર મનહર પુષ્પ ખીલ્યાંછે, સુગંધી તેની લઇએ—ચાલોરે.

રસીકા કામસેનનું ચિત્ર જોતાં ગાય છે.

ગજલ.

રસીલી તારી સુરત દેખી, ઘાયલ મનડું થયું છે મારૂં;
રાખ થઈ ગયું બળી બળી તન, ધ્યાન ધરંતાં સદાય તારૂં—ટેક.
મળ્યા બાગમાં તમેજ જે દી, કામ પાશથી કીધીજ કેદી.
ગયો ખુશીમાં એક તે દી, પછીથી મનડું બળે છે મારૂં—રસીલી.
જાઇ જુઈ ચંપોને ચંબેલી, આમ્ર વૃક્ષપર ચડી છે વેલી;
જોઈ જોઇ હું બનતી ઘેલી, હવે તે લાગે મને અકારૂં—રસીલી.
તેથી દયા ધરી તું મારી, બચાવ જો હઉ તુજને પ્યારી;
કામ પાશથી લે તું ઉગારી, પ્રફુલીત કરને તું મન મારૂં—રસીલી.

કામસેન ન આવ્યો તેથી અધીરી થઇને રસીકા.

દુહા.

મારી કટારી કયાં ગયો, રે મમ જીવન હાર;
દુર્લભ દર્શણ કયમ નથી, દેતો તું દીલદાર.
જયમ જયમ દર્શણ તાહેરૂં, મમ અંતરમાં થાય;
ત્યમ ત્યમ જવાળા કામની, ઉઠે મુજ મનમાંય.

સખીઓ રસીકાને સાવધ કરતાં.

(મોહલે પધારો મહારાજ.) એ રાગ.

મારી વાહાલી તું થાને શાન્ત, શાણી તું શીદ અકળાએ;
વેગે મળશે હવે તારો કાન્ત, શાણી તું શીદ અકળાએ—ટેક.

સાખી—ના કર ચીંતા અતી મને, પ્રીય સહી ચતુર સુજાણ,
ચીંતાથી દુખ અતી વધે, કરે દેહવીશે બહુ હાણ.—શાણી.
સાખી—તૈયારી સઘલી કરી, સ્વયંવરને કાજ;
શોધી લેજે તે સમે, મન ગમતો રે મહારાજ.—શાણી.

કામસેન બાગમાં પ્રવેશ કરતાં રસીકાને જોઇને.

રાગ બેહાગ.

મૃગલોચની ગજગામીની ઓ કામીની સુંદર,
જોતાં તને મુજ મન રીઝે આ બાગની અંદર,
ચંદ્રવદની કામ કદળી, અધર પરવાલા માન,
રસીક રસીકા માહેરી કયારે કરાવીશ પાન.

ગજલ.

રસીકા—આશ તારી પ્રીતમ મુજને મળવા લાગી રહી—આશ.
દોડો જલદી કોઇ જાઓ કામને લાવો અહીં—આશ.
પ્રેમને વશ થઇ હું ત્યારે, જયારે છબી નીરખી તહીં—આશ.
ચંદ્રવીના જેમ ચકોર દુખી, તેમ તુજવીણ હુ થઇ—આશ.
માટે પ્યારા આવી જલદી, દરશણ દે દયાળુ થઇ—આશ.

કામસેન રસીકાસાથે ઇશ્વર પ્રાર્થના કરેછે.

પદ.

કરૂણા નીધાન ઇશ કાર્ય શીઘ્ર કારી.
અખીલ ભવ તણા છો આપ ખરે તાપ હારી—કરૂણા.
શી રીતે ગુણ વરણું તારામતી અલ્પ મારી
સહસ્ત્ર જીભે વરણે શેશ તે પણ જાય હારી—કરૂણા.

(આહા પુરી ખીલી ચંદા.) એ રાહ.

દયાળુ દેવ કૃપાળુ તું નમુ છું હસ્ત જોડી હું—ટેક.
લીલા તારી તણો તો સાર, શેષ ગણાતાં ન પામે પાર-દયાળુ.
સઉપર છો કૃપાળુ તું નમું છું હસ્ત જોડી હું—દયાળુ.

કુરસેનના લશકરમાં લંગડો સીપાઇ ગાયછે.

(આઇ એમ વેરીગુડ બંગાલી બાબુ.) એ રાહ.

લટકે મટકે જાવું લડવા, લડવાની છે મન બહુ હામ;
મારી કાપી શત્રૂ કેરી, શેના ઠાર કરૂં હુ તમામ. ૧
હાથ ઠુંડે ઠીક ડોઠ મગશે, પંગ પંગુથી પળાશે આમ;
ખનન ખનન ખડગ ચલાવી, બોલાવી દઉ સહુના રામ. ૨
કચ, કચ, કચ, કચ, ઘોડો હાંકી, ખડ ખડ હું દોડાવું આમ;
ભડ, ભડ, ભડ, ભડ, ગોલી બંદૂકથી, ફોડી કાડું શત્રૂમાં નામ. ૩
લડાઇમાં શુર સૌથી બહાદુર, બહાદુરી જાણે સઘળું ગામ;
બીશ માંખ મારી મેં એક તીસમારખાં મારૂં નામ.—લટકે.

કામસેન તથા રસીકા તોફાન થતી વખતે મેહેલમાં આવેછે.

ત્રોટકછંદ.

વરશે ગરજે ચડીને ઉતરે, ઘન તે અતીશે અંધકાર કરે;
જેમ ન્યુતન સંપતીવાન કરે, તેમ રૂપ અનોપમ ભેષ ધરે.

માધવસેન ગાતો ગાતો જંગલમાં આવેછે.

ગજલ.

(બીયાકે ચીત્રબીન.) એ રાહ.

દુખ હરતા થઇ દુખ કેમ આપે, દયા શું મુજ પર નાવે રે-ટેક.
બંધુ તણી શોધ કરી કરી થાકયો, કયાંય ન નજરે આવે રે;
તેથી દયા કરી તું પ્રભુ મેળવ કેમ દુખીને ઝુરાવે રે—દુખ હરતા.

કામસેન હારી જવાથી ગાતો ગાતો આવેછે.

ગજલ.

ચંદ્રમુખીને એકલી છોડીને હું આવ્યો અહીં,
પ્રીતીની બાળ તોડીને જીવ કર્યો મેં પ્રીય સહી—ટેક.
ધીક હવે છે જીવવું, ધીક્કાર ફરવામાં અહીં

પ્રાણથી પ્રીય પત્ની જે, છોડીને હું આવ્યો તહીં—ચંદ્રમુખી.
મારી અવસ્થા શી થઈ, છોડી જતાં તુને પ્રીયા
નીરજીવ થઈ ફરૂં હવે, તેથી ભલું મરવું અહીં—ચંદ્રમુખી.

રસીકા ક્રુરસેનના મેહેલમાં કેદ પડેલી.

(ઓધવજી સંદેશો કેજો શામને.) એ રાહ.

બેઠી છઉં પ્રભુ કેનારે હું અવાશમાં,
પતી વીખુટી છતાં હજી જીવતીજ જો;
કપટ કરી એ દુષ્ટે નાંખી પાશમાં,
હતી હમેશાં હું સુખમાં રમતીજ જો.—બેઠી.
પ્રાણપતીરે મુજને છોડી ક્યાં ગયા,
દયા ન આવી કરતાં મને નીરાશ જો;
તોપણ દયા કરી વેગે આવો અહી,
નહી તો થશે મારા તનનો નાશ જો.—બેઠી.

લલીત છંદ.

અરર માહેરૂં શું હવે થશે, દીન વીયોગમાં શી રીતે જશે;
પ્રીય હું આપને પ્રાણથી હતી, હરખતી સદા કંઠ લાગતી.
ત્યમ છતાં પતી કાં તજી ગયા, અરર મારી શું આવી ના દયા;
ઓ પ્રભુ હવે દેની હાથ રે, મેળવ તું હીયાં ત્વરીત નાથને.
નીકર પ્રાણ હુ આપીને મરૂં, પતી વીના જીવી શું હવે કરૂં.

કામસેન ચોરની ઝુંપડીમાં કેદ છે ત્યાં ગાયછે.

ગજલ.

વીધીનાં કામ છે કેવાં, દીએ દુખ ઘાતકી થઈને—ટેક.
હતો સુખ ચેનમાં ફરતો, હરાવ્યો તેંજ મુજને ત્યાં;
કરાવી હાર મારી ત્યાં સહાય થઈ શત્રૂને જઈને—વીધી.
હતો હું જે હજારોપર, હમેંશાં હુકમને કરતા;
તેજ હું રંક આધારે, રહ્યો છું દીન રે થઈને—વીધી.

બાબરા ભુત આગલ બધાં ભુતો ગાયછે.

લુચી નીલની રાહ.

ભુત.—લુલા ભુતની ભવાઈ, લુલા ભુતની ભવાઇ;
કોઈ કોઈ હશો સૈ, થાશેરે નવાઇ—લુલા.
ઓલી આવે છે આંડી,—બે વાર.
આવરે ઓ વહુ મારી ભુતડીરે બાઈ—લુલા.
ભુતડી.-પીટ્યા ખાવાનું લાવ,—બે વાર.
નહી તો હું જાઇશ તારા કલેજાં ખાઇ—લુલા.
ભુત.—ખાવા આપે તારી આઈ,—બે વાર.
અમે તો છઈએ ફક્કડ ભાઇ—લુલા.

બાબરા ભુતને જગાડતી વખતે ગાયછે.

મેહેર કર મારી ઉપર બાબરા,
જગાડું છું હું તેની કરજે ક્ષમા.—મેહેર.
જુવો જુવો આ કુંવર તરફ,
કૃપા કરી તું પુરજે ઇચ્છા,
તા-રી-મ-ર-જી-થા-પુ-રી-ય-શે-તે-ની-ઈ-છા-મેહેર.

રસીકા કુરસેનના મેહેલમાં.

.(સુચીઆણી ફળ જાણી.) એ રાહ.

દયા આણી દીન જાણી, તમે આવી મળોરે;
પ્રીયા દુખી તેની, સહાય કરો.—દયા આણી;
કષ્ટ સહ્યું છે અતીશયે મેં
તેથી વેલા આવી, જલદી મારી વારે ચડોરે—પ્રીયા દુખી.

રસીકા કટારથી સ્વહસ્તે મરતી વખતે ગાયછે.

(સખી આવીયો કારતક માસ.) એ રાહ.

પ્રભુ કેમ કરૂં કયાં જાઉં નથી કાંઇ સુઝતું

મારૂં હૃદય બળી થાય રાખ, સદા જે સુખી હતું
દુષ્ટ ક્રૂરે લઈ આવી હ્યાંય, નાંખી દુખ પાશમાં
રેહેતી પતી સંગ ત્યાંય, સદા સુખ વાસમાં
તેથી નાથ વીયોગે ઘાત, કરૂં છું હાથથી
તેની કરીને પ્રભુ તું ક્ષમાય મેળવજે નાથથી.

રસીકા જંગલમાં પુરૂષને વેષે ગાયછે.

ગઝલ.

રસીકા—પ્રભુ પત્નીને કાન્તથા, છુટી કરતો નહી;
વૈરીને પણ વીખુટાં, વાલાથી કરતો નહી—પ્રભુ.
સંકટ સહ્યું અતીશય મેં, અનહદે અપાર;
તેથી તું મેળવ નાથથી, વેગે પ્રભુ અહીં—પ્રભુ.

શાર્દુલવીક્રીડિત છંદ.

મેં મારા પતીથી અરે છુટી પડી વીયોગ વેઠયો અતી,
આ ઘાટા તરૂમય ઘોર વનમાં દુખો માહા પામતી;
પામીને બહુ સંકટો હું ફરૂં અત્યંત ત્રાસે ભરી,
તેથી તું પ્રભુ તાર કષ્ટથી મુને જાચુ છું એવું હરી.

પદ કાફી.

પ્રભુ મને માર્ગ બતાવ, દારૂણ વણમાં રખડી મરૂં હું.—પ્રભુ મને.
જંગલ જંગલ રખડી હું થાકી, કયાં ન દીસતો પારરે.—દારૂણ.

દુહો

પડો અગ્ની તે રૂપમાં, જેથી ઉપજે દુખ;
રૂપે અતિ સંકટ સહી, થઇ પ્રિય પતી વિમુખ. ૧
જેને પતી અતિપ્રેમથી, ચાતો રૂદયા માંહ;
તે રઝળે વગડામહી, ઠરી ન બેસે છાંય. ૨
લેપન ચંદન તનપરે, કરતી ભુવન માંહ;
તે ઊનાં આ આંસુથી, ફરીફરી ભીંજું હ્યાંય. ૩

કિરણો મસ્તક નાંખવા, ઈંદુ નહી પામેલ,
તે મસ્તક નિક્ષણુ સહે, રવિ કિરણની રેલ. ૪
જે પગ ખુલ્લા ભુપારે, ક્ષણમે નાહિ ધરેલ;
તેમા કંકર કંટકે, ચાલી રક્તની રેલ. ૫

શાર્દુલવિક્રીડિત છંદ.

છે તે રૂપ ખરાબ આ જગતમાં જે શીલ રાખે નહી,
છે તે ધન્ય કુરૂપ નારી જનનું જે શીલ ચુકે નહી;
છે તે ધીક સદાય નારી જનને જે શીલ ત્યામી ફરે,
તે પાષાણની પુતળી સમજવી ના ધર્મને આચરે.

કામશીન જંગલમાં ગાતો ગાતો આવેછે.

(કહું કયા ફલકકા સતાયા હું મે.) એ રાહ.

કહું શું નશીબે દુખીઓ કીધો છે,
બેખ પ્રિયાને વિયોગે લીધોછે—કહું શું.
હતી જે પ્રીયા પ્રાણથી પ્રિય મારી,
હરી દુષ્ટ ક્રૂરે દગો તો દીધો છે—કહું શું.
દયાળુ પ્રભુ પ્યારી મારીથી કયારે,
મેળવશે ફકત આસરો તાહેરોછે—કહું શું.

માલતી રાક્ષસની ગુફામાં ગાયછે.

ગજલ—ભેરવી.

દેખીને બંધનમાં મુજને થતો નથી કેમ સહાય.—બે વાર.
કેવી ઉમેદ હતી મળવાને બેનને,
મળી ન બેન મુજને હું અધવચ ફસી છું હયાં.—દેખી.
સહન કર દુખ મળવાને માધવ,
પ્રીતમ દરશણ ઇચ્છાયે હું કરતી નથી હત્યાય,—દેખી.
હવે તું સત્વર મળશે ન મુજને,
નીચ્ચે તે દુષ્ટીને હાથે મહોત મારૂં થાય.—દેખી.

દાંડી.

પ્રભુ દે તું મુક્તિ મને નીવારી, ક્રૂર કષ્ટો સહી હું હવે હારી;
નાથ આવ્યા હજી ન વારે મારી, તેથી લાગે આ જીંદગી અકારી.

શીખરીણી.

અસહ દુખ પ્રીતી આબળા જાતે કયમ સહું.
ન જાણે બીજુ કો હું દુખથી બળી મરૂં;
અતી વેગે કરી તું માધવ મોકલ પ્રભુ અહીં,
નહી તો જાશે પ્રાણ ખચીતજ મમસહી.

શલ્યાશુર માલતીને સમજાવેછે.

(યાર તુમારે દેરે આનેકા.) એ રાહ.

કેમ પ્રીયે હવે શું તું કહે છે, ગરજી તારી જણાવતું;
પ્યારી પ્યારી હું કહું છું, સ્વામી તો મુજને કેહેતું.—કેમ.
જલદી જવાબ આપ પ્યારી, નહી તો તુજને નાખીશ મારી;
ક્ષણું મુકું ન વીસારી, સાચું તુજને કહું હું પ્યારી.—કેમ.

રસીકાને ક્રુરસેનની દરબારમાં પકડી લાવેછે તે વખતે.

શાર્દુલવિક્રીડિત છંદ.

લોકો નીર્ધનને ન બંધુ જનકો સ્નેહથી સંતોષતા,
તેના જે પ્રીય મીત્ર તે ફરી જતા આપત્તિને આપતાં;
તેનું સત્વ વિનાશ શીલ વીધુવત કાન્તી ક્ષય પામતાં,
બીજા કો જન પાપ કર્મ કરીને તેને શીરે નાંખતા.

રાગ જોગીયો આશાવરી.

કામસેન.—પડુંછું વીખુટો પ્રીયા સંયોગથી તારા;
રસીકા.—ના કર ચીંતા મન હું, ભેગી મરીશ પ્યારા.
કામસેન.—પાપ પેલે જનમ મેં કર્યાં હશે કંઇ ક્યાંય.
ભોગવવાં પડયાં તને વીયોગમાં મારા—પડું છું.

રસીકા.—પ્રેમને વશ થઈ હું નીશદીન રેતીતી સુખ ચેનમા;
છુટી પડાવી દુષ્ટીએ તુજ સંગથી પ્યારા.—ના કર.
કામસેન.—લખ્યું હશે ભવિષ્યમાં ટળવાનું નહીં તેહ;
બન્યું હોય જે કંઈ કેજે ભ્રાંતને મારા.—પડુંછું.
રસીકા.—જીવીને હું શું કરૂં મરીશ તારી સાથ;
મેળવશે ભવોભવ પ્રભુ તુજથી પ્યારા.—ના કર

રસીકાથી છુટા પડતી વખત.

ગજલ.

કામસેન.—મરૂંછું વેરી હાથથી, તજીને તુજને આમ;
પ્રણામ છે પ્રીયા તને, છેવટે પ્રણામ—મરૂંછું
પ્રણામ કેજે માતને, મુજ ભ્રાંતને પ્રણામ,
પ્રણામ મારા તાત, ક્ષત્રી જાતને પ્રણામ.—મરૂંછું
પ્રણામ કેજે મીત્રને, મુજ દેશને પ્રણામ;
પ્રણામ વહાલાં શેહેરને, મુજ વેશને પ્રણામ.—મરૂંછું

ઢેડ ઢેડીને કહુછે.

વહાલી ફીરકી ગયો તો કયાયે, એકલડી આણી ખીજી મરૂં;
ઘડી નહી દેખું તુજને તો, એક પલમાં કલ્પાંત કરૂં.—વહાલી.
વહાલી મારી ગુલાબ પ્યારી આવુ છું હું હમણાં રે;
રાજાને ત્યાં ગયો તો આલી હુકમ થયો એક મુજપરે—વહાલી.
બે ચારને લટકાવીને આવું છું હું હમણાંજ ત્યાંય;
તેટલામાં તમે રાંધણું રાંધવા જલદી જલદી માડો હમાંય-વહાલી.
છાનીમાની બેશી રેહેજે, રૂપીયા લાવીશ બે હજાર;
રાંધીને તું ઢાંકી મુકજે આવું છઉ હું હમણા જાણ.—વહાલી.

કામસેન ફાંસીની જગાયે આવી ગાયછે.

(હમકુ છાંડ ચલે બન માધુ.) એ રાહ.

દયાસીંધુ તું થઈ ને દયાળુ, દોશથી કરજે મુકત મને રે;

પાપ કર્યાં હોય જાણે અજાણે, ચુક કદી તુજ નીયમને રે,
મુજ જડ મનથી થયું હોય જે કંઇ, કરજે ક્ષમા તે આ દીનને રે.

ગજલ.

શી દશા મારી થઇ મરવું પડે હસ્ત નીચને,
ન કરીએ સ્પર્શ જેહનો ઉતારશે તે શીશને .—શી દશા.
રસીક રસીકા માહેરી, શી દશા તારી થશે,
રમતી સદા નેત્રમાં તો પણ તજી જાવું અરે.—શી દશા.

કામસેને ફાંસી ચડતી વખતે કરેલી ઇશ્વરની પ્રાર્થના.

ગજલ.

ઓ ઇશ્વર મેં શા અપરાધ કર્યા હશે તાહરા,
કે નિર્દય થઇ દુઃખ આપે, વરશાવે દુઃખધારા;
મુકાવ્યું રાજ દૂર દેશ છોડાવ્યો પત્નીથી,
બંધાવ્યો શત્રુ હાથથી કહું શું દુઃખ માહરા;
તોપણ દયા કરી કરજે ક્ષમા તું પાપ માહરા,
ઓ ત્રાતા હવે કોને જવું શરણે વીના તાહરા.—ઓ ઇશ્વર.

રસીકા કામસેનને મલતી વખતે.

ગીતી.

પ્રાણ પ્રાણપતી મારા, ઉડી ગયા જે હતાજ આ તનથી;
તે પ્રભુનીજ કૃપાથી, થયા ફરી પ્રાપ્ત જાણું છું હું મનથી.

છેલ્લે સર્વે મળી કરેલી પ્રાર્થના.

પુર્ણ થયો છે ખેલ, સજ્જનો.—પુર્ણ થયોછે ખેલ.
ક્રૂરસેને જો અકાર્ય કર્યું તો,
અંતે કેદ થયેલ;—સજ્જનો.
સતી રસીકા નીતીએ રહી તો,
પામી સુખની રેલ;—સજ્જનો.

"કરણી પાર ઉતરણી" થઈ છે,
થઈ ધરમની પહેળ; -સજ્જનો.
આપ પધારી કર્યા ઉપકારી,
થઈ આનંદની રેળ;—સજ્જનો.

રચનાર
રા. રા. દામોદર રતનસી સોમાણી.

કરણ ઘેલાના નાટકમાં ગવાતાં ગાયનો.

—o—

રચનાર

પંડયા દાહ્યાભાઈ છગનલાલ.

બધાં પાત્રોએ સાથે મલી કરેલી પ્રભુ પ્રાર્થના.

જીલ્લો ઝીંઝોટી.

કરીમ રહીમ તું કર કરૂણા, એ રાહ.

પતીત તણો પ્રભુ પાળક તું,
પાપ અમાપ તણા પરીતાપે, દુઃખ વન્હિમાં બળીએ;
રે શ્રી હરી! કામાદિ ક્લેશ ટાળક તું, પતીત—ટેક.
મોહ, સ્વાર્થ, પાપ, તમ, પ્રેર બુદ્ધી જાય જયમ;
થાય જ્ઞાન, આભાસ, ઈંદ્રિયોનો ત્રાસ, ટળી થાય વીનાસ;
શરણાંગત પ્રતિપાળકનું બીરદ અમે તો ધરીયે; રે શ્રી હરી. ૧

ભુતડાં ગાયછે.

ધનાશ્રી.

કૃષ્ણ કરો જજમાન, એ રાહ.

પાપ ન છુટે જાણ, સજા વિણ પાપ ન છુટે જાણ—ટેક.
"કરણી જેવી તેવી ભરણી," શાસ્ત્રનું એ પ્રમાણ—સજા.
લક્ષ ચોરાશી કેરો ફેરો, જાણે ન જીવ અજાણ--સજા.
કર્મ પુરવનાં જીવને ઘેરી, કરે તાણાતાણ—સજા.
પોતાનું મૂળ પિછાણે જે જન, એજ ચતુર સુજાણ—સજા.

—ooo—

નગરની સ્ત્રીયો દેવીને મંદીર જતાં ગાયછે.

લાવણી.

સુણો સજન ગણો સત વચન, એ રાહ.

ધરો ચરણ શરણપર બેની, તમે જઈયે માતાની ભાગી.
સુખકરણ દુખ હરણ દેવી તે, ઉજ્જવલ વરણજ ભણી—ટેક.
અંબીકા ભવ પાપ તાપહારિણી,
મેંશાસુર મારી સુર સુખકારિણી;
રીઝેતો સુખ, લક્ષ્મિ, શાંતી દાયિણી,
નિજ ભક્તોને ભવ સિંધુ પાર તારિણી; ધરો ચરણ શરણપર. ૧

રૂપસુંદરી કેટલીક સ્ત્રીયો સાથ ગાયછે.

ગરબો.

અંજની સુત હનુમાન મેરી અરજ, એ રાહ.

જગતની માતા દે સુખ શાતા, તુજ ચરણમાં પડીયે—ટેક.
નારદ શારદ ગુણ ગણેછે, શિવ મહેષ સૌ ધડીયે, જગતની. ૧
કૃપા રૂપી માઝી વૃષ્ટિ કરો નિત, દ્વાર તારે આવી અડીયે. જગતની. ૨

રૂપસુંદરી માધવને જગાડેછે.

રાગ—બિભાસ.

• વંદુ દિનમતી ઉદિત ઉદાર, એ રાહ.

ઉઠો પ્રિય પતી થયુંછે સવાર, થયુંછે સવાર, પતી થયુંછે સવાર,
ઉઠો—ટેક.
પવન સુવાસિત પુષ્પ કરેછે, મંદ અતિ સુખકાર; ઉઠો પ્રિય. ૧
કમળ સરોવર વિશે વિકાસ્યા, ભ્રમર છુટયા આ વાર; ઉઠો પ્રીય. ૨
સુક સારિકા, મયુર કોકીલા, કરે મધુર ઉચ્ચાર; ઉઠો પ્રીય. ૩
સુર્યનાં કિરણોએ દોડી વિદાર્યું, ભુંડું જે અંધકાર, ઉઠો પ્રિય. ૪
રવિને રીઝવવા ધરાએ પેહરી, સાડી સોનેરિ સાર, ઉઠો પ્રિય. ૫

માધવને પરગામ જતો જોઇ રૂપસુંદરી વિનંતી કરેછે.

ઠુમરી.

જટામેં પ્રાણ શ્રીરામ જડપે, એ રાહ.

રૂપ—પ્રિય પતી ! છોડી જશો નહી મુને, મન ગભરાય આજે,
માધવ—વ્હાલી ! ભીરૂં થવું ઘટે નહિ તુને, નાગરિ ન્નાત લાજે;
રૂપ—ખરૂં, પણ હાલ જશો નહિ રોકું, ડાબી મુજ આંખ ફરે,
માધવ—ધિરી પડ, ધીર ધરી, ઓ અધિરી ! વૃથા ડરથી તું થરે;
રૂપ—સાથે લ્યોજી નાથ જોડી હાથ યાચું, જેથી દુઃખ થાય દૂર.
માધવ—આવીશ દિન સાત મહિ કહું સાચું, કેશવ ધર રાખું શુર.

રૂપસુંદરી કરણના મોહુલમાં વીલાપ કરેછે.

રાગ ગઝલ.

ગમે દુરીસેં જી જલતાહે, એ રાહ,

પતી વિયોગે મન મારૂં બાવરૂં થાયે, બાવરૂં થાય અતી ગભરાઇ
મુઝાયે; પતી વિયોગે—ટેક.

મૃગલી છુટી જુથથી, વચ્છ ગાય વિણ જેમ,
પક્ષી દાવાનલ વિશે, તરૂણી પતી વિણ તેમ;
તરૂણી પતિ વિણ તેમ, આંસુંથી ચીર ભીંજાયે. પતી વિયોગે. ૧
શશી વિણ ચકોર ચિતમાં, ચટપટ ઝાઝી થાય,
ચાત્રુક શ્વાતી બિંદુની, વાટ જોઈ અકળાય;
વાટ જોઈ અકળાય, ઘડિ યુગ જેવી જણાયે. પતી વિયોગે. ૨
સર્વેશ્વર સંયોગથી, પતિ વીહને કાપ,
કદી વીયોગ પડે નહી, એ વર માગું આપ;
એ વર માગું આપ, જેથી તન તાપ બુઝાયે. પતી વિયોગે. ૩

—o:o—

કરણના જુલમથી રૂપસુંદરી વિલાપ કરેછે.

રાગ કલ્યાણ.

ક્રીસ કદર મેં જો કરૂં યાર બડાઈ તેરી, એ રાહ.

ધિરજ ધરાય નહી, સુખ શાંતિ થાય નહી,
કરૂં શું ને જાણું કહીં, વિશ્વ ખાવા ધાયછે;
પુરવનાં ઉગ્યાં પાપ, અમાપ તે આપે તાપ,
આ ભવનો શ્રાપ, પતિ વિહોનો જણાયછે;
સુખ દુખ રૂપ થયું, તન તેજ ઉડી ગયું,
હાડનું પિંજર રહ્યું, છાતી અમુઝાયછે;

રૂપસુંદરી પતીવિરહ વરણવેછે.

રાગ—જીંઝોટી.

દરદ ગમ જાને મન, એ રાહ.

જીવું જેનાથી વિશ્વમાં હું, તે પતી વિણ શું ગમે ?
પાણીનું જંતુ મીન તે કહો, દુધમાં શી રીતે રમે; જીવું. ૧
પ્રીતીનો રંગ પકવ જે, મટે ન ધુવો જો તમે,
ચકોરને હજાર સુર્ય, કહો શશીવિણ શું ગમે ? જીવું. ૨

નાગરિકોએ સતિ થયેલી ગુણસુંદરી તરફ દેખાડેલી દયા.

રાગ—બિહાગ.

ગુણસુંદરી સુંદર નાર, સતિ થઈ તજી સંસાર,
તન તાપને બાળી, પતિ સાથરે ચાલી; ગુણ—ટેક.
ક્ષણભંગુર કાયા સાર, મોહ મમતા ભરી અપાર,
કરી તેનો તિરસ્કાર, નિજ ધર્મ કર્યો સ્વિકાર; ગુણ. ૧
ભવસાગર કરશે પાર, કરી સફળ મનુષ અવતાર,
ફળ સ્વર્ગનું સુખકાર, જો અચળ પતી પર પ્યાર, ગુણ. ૨
ઘટે આપણને આ વાર, જવું સરસ્વતી કિનાર,
આશિષ સતી દુખહાર, શિર કરવી અંગીકાર; ગુણ. ૩

માધવ જંગલમાં શોક જણાવેછે.

રાગ—ભૈરવી.

કહાં ગયો શેહજાદા જાની પ્યારા, એ રાહ.

હવે દશા શી વિશ્વમાં મારી, ખોઇ નારી એ ધા દીલ કારીરે, હવે-ટેક.
જતાં પ્રવાશે જાણ્યું ન આવી, થશે સંસારની ખ્વારીરે-હવે દશા. ૧
ભ્રાતે તજ્યો દેહ સુટેક માટે, ધર્મ બજાવ્યો ધીર ધારીરે-હવે દશા. ૨
સ્વર્ગે ગઇ નારી તેની સતી થઇ, જન્મ સફળ જયકારીરે-હવે દશા. ૩
ઘર ઘડીમાં વન થયું મુજ, એ તન દુખ છે ભારીરે—હવે દશા. ૪
વન વન ભમતો કરૂં કરણને, વેર રાખ્યું દીલ જારીરે—હવે દશા. ૫

જાત્રાળુઓએ ગાયેલું ભજન.

રાગ ધોળ.

આ તન રંગ પતંગ સરીખો, એ રાહ.

એક હરીનું નામજ સાચું, અન્ય સકળછે કાચુંજી.
ધન, તનમાં જન ફોગટ નાચ્યું, ભજ હરનિશ પ્રભુ યાચુંજી.
માયા, મમતા, મોહને આશા, પાશ થકી બંધાયોજી,
કિર્તી પિપાસા મરતાં ન મટશે, શ્વાન પેરે રખડાયોજી.
કોડી કોડી જોડી ક્રીધા કરોડો, દોડી અહિં તહિં પ્રીતેજી.
પાઇન પુન્ય મહી ખરચાઇ, મરણ ધર્યું નહી ચીત્તેજી;
દ્રવ્ય પદારથ ઇશ્વર માન્યો, પરમારથ નહિ જાણ્યોજી,
જપ, તપ વીના અંતે મુઝાયો, કર્મ બંધે જકડાયોજી.

માધવે દેવીની કરેલી સ્તુતી.

રાગ—સતરંગ કલ્યાણની.

સુરંગ અંગી તું બહુચરી, ગાયે છે મુનીયો,
રૂપ છે અનૂપ, તા-રો-આ-સ-રો—ટેક.
સુંદર ઝર ચીર કોર મજાની, ત્રિકાળ ધૃત ધુમ.

માનની ગાન તનનન, માનની ગાન તનનન. ૧
સાદરથી ગુણીજન માના, માની નીમ, વાણીદીન.
કેતું ધનનનનન—સુરંગ અંગી—૧

દેવીનો માધવને ઊત્તર.

રાગ—મરાઠી ચાલની સાકી.

રે માધવ ! સુણ સાવધ થઈને શોકસિંધુ તરાવું,
ધિરજ ધર, પરહર નિરાશા, વેર મારગ દરશાવું.
જા દિલ્લીછે યવન રાજા, તેને દુખ જણાવું,
તો સરવે તુજ કારજ સરશે, લખ્યું વિધીયે આવું.

જાત્રાળુઓએ રાતવાસો કર્યા પછી ગાયેલું ભજન.

રાગ.

કંસાર તાજી, મેથીની ભાજી—એ રાહ.

ઘાટે ઘાટે. નહીશું વાટે, જાત્રા માટે, બહુ થાટે ;
ચાલો ચાલો ઝટ ઝટ ઝટ.
ગંગ પાને ઘટ ઘટ ઘટ, પાપ ફાટે ફટ ફટ ફટ,
સંસારની કટ કટ કટ, મટે ધ્યાને ચટ ચટ ચટ, ઘાટે—૧

રૂપસુંદરીએ પ્રાણઘાત કરતી વખત કરેલી ઇશ્વરોપાસના.

રાગ—સીતાના મહીનાનો.

દુખ હરતા દયાળુ દેવ, દુખેથી દાઝછું,
નિરાધાર પગહીન કાય, જાણે વિંટળાઈછું.
દશે દિશા ધસે સમશાન, સમી આવા મને,
રાત્રી દીવસ, દિલ ગાત્ર, ચિંતા લાગી તને ;
વિષયો નરનાથને હાથ, પડી હું અનાથજો,
જગદાર ચડો મુજવાર ઘણી હું લાચારજો ;
વિખુટી છુટી વ્હાલાંની પ્રીત, લુટી નસીબે ખરી,
પતિ વિરહે અતિ ગતીભંગ, વિનંતી કરૂં હરી.

એક ઠાકોરના સનમુખ કંચનીએ કરેલું ગાયન.

રાગ—પીલુનો જીલો.

ધન ધન રે સવીનાર—એ રાહ—

દિન દિનરે પ્રજા પ્યાર, પામો ઝાઝો હો—દીન. ટેક.
રાજયનિતીથી નિત્ય વધારો, નવનીત શોભા અપાર; દિનદિન. ૧
ચાર પદારથ સાધો તજીને, વ્યરથ અનર્થ કુવિકાર; દિનદિન. ૨
સાગરનું ધન ભંડારમાં હો, ન્યાય પ્રવાહ સહુ ઠાર; દિનદિન. ૩
ગુણીજનોને પોષણ રૂપે, થાયો, સકળ જયકાર; દિનદિન. ૪

હરપાળને જોઇ એક રજપુતની છોકરી પર થયેલી અસર.

રાગ—ભઈરવીની ગઝલ.

ખ્વાબમેં દેખાહે હમને આજ, એ રાહ.

મુખ નીરખીને તે નરનું, વ્યાકુળો તનમાં થઈ,
સ્થિરતા ધીરતા ભુલી હું, મૂઢ શુન્ય થઈ ગઈ;
ત્યાથી મારી ચિત્તવૃત્તી, રે ભ્રમિત બની ગઈ,
કંપું કેમ કળે ન સુજને, જે હતી તે હું નહી;
પ્રેમની જવાળાથી બાગું, શું કરૂં સુઝતું ન કંઈ,
એકઠી જો થાય આંખો, એજ આશા ઉર મહી.

કરણનું શૈન્ય સંગ્રામ માટે તઈયાર થતાં ગાયછે.

રાગ—બિહાગ.

વિધાતા ઓ વીરા જેનો રાજ, એ રાહ.

રણાંગણ વિશે રજપુત પુત આવો,
દારૂણ યુધ્ધ ને માટ, શસ્ત્ર ઝળકાવો, રણાંગણ—ટેક.
રક્ષવા બ્રાહ્મણ ગાય, કોદંડ કોડેથી સાય,
ધર્મ ક્ષત્રીનો ગણાય, ધજા ફરકાવો; રણાંગણ. ૧
તોપ, બંદુકને તીર, ભાલા, બરછી, ઝંઝીર,

સાંગ, ફરશી, કટાર, અસી ભટકાવો; રણાંગણ. ૨
મરવું મારવું સાર, આ પાર કે પેલે પાર,
જીતે જય જયકાર, નોબત ગગડાવો. રણાંગણ. ૩

અલ્લાઊદ્દીનના લસ્કરે લડાઈની અગાઊ ગાયેલું.

રાગ—અંગ્રેજી રાહ પ્રમાણે.

હમ ટુકડે ટુકડે કરકે, દુશમનકો રગડેંગે આન,
હમ પ્યાસે લોગે કાફ્રો કે માર કરે ઘમસાન,
હમ ડરતે નહી ઔર કરતે જખ્મ અંજરમેં મેદાન,
હમ જંગ મચાવે રંગ ઉડાવે ગભરાવે કુફ્રાન.

કરણનું લશકર રણમાં જતાં ગાયછે.

રાગ—ગઝલ.

પડા કીસ લીયે લાહોલ, એ રાહ.

ચોંપે ચલાવો ચરણ, ટેક ક્ષત્રીનો ધરી,
થાયે અમર નામ જેથી, વાત તે ખરી; ટેક.
મલેચ્છ આવ્યા દેશમાં, લડાઈ ને વરી,
નસાડો મારી તેમનાં, હથીઆરને હરી ; ચોંપે. ૧
રજપુત નામ આપણું, ન ઝાંખું થાય જરી,
ધરે ભુમીને રક્ષવી, સંગ્રામમાં મરી ; ચોંપે. ૨

અલ્લાઊદ્દીનના લસ્કરે લડાઈના વખતે ગાયેલું.

રાગ—અંગ્રેજી.

જાતે હમ જરૂર, બનકે ચકચુર, પહેલવાંન, પહેલવાંન.
શિપાઈહો બહાદુર, ઓ ફીર ફીર ફીર ફીરતાર (બેવાર.)
બાલેહે, બાલેહે, બાલેહે, શમશીર, ઓ ફીર ફીર ફીર ફીરતાર
દુશમનકે હમ, કોહ કરે જખ્મ, જાયગે અબ, જાયગે અબ,
સબ મીલકે હમ; ઓ ફીર ફીર ફીર ફીરતાર.

અલ્લાઉદ્દીનના લશ્કરે જીત સાથ પાટણમાં પ્રવેશ કરતાં ગાયેલું ગીત.

રાગ—ઓ સીંગ ઉવી નાઉ રાઈટ ચેરીલી. એ પ્રમાણે.

માલકકી ફ્જલસેં ફતેહપાયે, દુસ્મનકો માર ભગવાયે,
શોહરામે પોહોચા ફ્કક, શર કિયા અપની ફોજને ગુજરાત મુલ્ક,
ગુજરાત મુલ્ક, ગુજરાત મુલ્ક, આબાદ ખુશનમા ગુજરાત મુલ્ક.
હુરે! હુરે! ફોજ અપનીકું હે સ્યાબાસી, દુસ્મનકી હુંઇ સત્યાનાસી
હસતી હુઇ સારી ખલ્ક, શર કિયા, અપની ફોજને ગુજરાત મુલ્ક.

ચોરો લુટની તપાસમાં ગાયછે.

રાગ—ગજલ.

શુનીએ જનાબ હાલ, એ રાહ.

૧ લો ચોર—શોધો સંભાલ રાખીને, શીકાર સોબતી,
૨ જો ચોર—નાયક રીઝાશે આપણો, જરૂર તે થશે; શોધો. ૧
૧ લો ચોર—સરદારછે હરામ, લુટ સર્વ ખાયછે,
૨ જો ચોર—તારા ડોળાથી ઝેરીલા, દેખાતું શું નથી? શોધો. ૨
૩ જો ચોર—ધંધો અમારો ચોરીનો, ચોરો ગણાઇએ,
૧ લો ચોર—વનમાં અમારૂં રાજ, બીક કોઇની તો નથી-શોધો. ૩
૨ જો ચોર—વાતોમાં રાત વહી જશે, છે હાણ તે થશે,
૩ જો ચોર—સુઝે ન જવું કયાં હવે, ચાલો આ બાજુથી-શોધો. ૪

દેવલદેવી મોહની અસરમાં ગાયછે.

રાગ—ગરબી.

કામણ દીસેછે અલબેલા તારી, એ રાહ.

મનગમતા માનીતા મુજને શું કર્યુંરે, મુજને શું કર્યુંરે, મ-
નડું તેં હર્યુંરે; મનગમતા—ટેક.
તન, મન, ધન અરપણ કરી બેઠી,

પ્રિતી ચટકાથી ચીતડું, રહે ના ઠર્યુંરે; મનગમતા. ૧
તલસે નયન તુજ દરશણ માટે,
આ કાલજડું કુદેછે, જાયે ના ધર્યુંરે; મનગમતા. ૨
પ્રાણજીવન અંતર ગત પ્રિછી,
પરણો દાસીને મન તો દ્રષ્ટિથી છે વર્યુંરે; મન ગમતા. ૩

સંકળદેવ તથા દેવળ દેવીએ ગંધર્વ લગ્ન કરતાં કરેલી ઈશ્વર પ્રાર્થના.

રાગ—ગીતી.

સાક્ષી સહુનો ભર્તા, રાખ્નિને લગ્ન આજ આદરિયે;
સુખ શાન્તિમાં રાખો, ઈશ્વર અમને, વધૂન કરગરિયે.

* દેવલદેવી કરણના પ્રેતની પાસે બેસી કલ્પાંત કરેછે.

રાગ—ગઝલ.

અબ આખરીહે સબજપરીકા સલામહે, એ રાહ.

આ કર્મ કેરી વાત, કોઈથી ન તે કળે,
અગ્નિ વિના આ ઓળીણ, ઉભું અરે બળે; આ કર્મ. ૧
થવાનું ભુંડું હોય તો, ન સુમતી મળે,
અભાગી પ્રાણી દેખતાં, કાંટા ભણી વળે; આ કર્મ. ૨
ધરમ, ધયાન, સત્ય, વિષય કિટથી સળે,
હવે શો શોક ? શોકથી ગયું ન તે મળે; આ કર્મ. ૩

---

* સાચી વાત ઈતિહાસ પ્રમાણે તો એ છે કે, દેવલદેવીને મુસલમાનો દીલ્લી લઇ ગયાછે અને ત્યાં ખિજરખાંને પરણાવીછે, પણ જેણે આ નાટકનો ગદ્ય ભાગ લખેલાછે, તેણે ઈતિહાસને બાજુપર મુકી ઊંચી કલ્પના કરીછે. કવીતા રચનારને આથી ગાંડાના ગામમાં નિરૂપાયે ગાંડા થવાની જરૂર પડીછે.

પાપનાં કુઆડે ફળ, દુખનાં ફળે,
કરો ઉપાય કોટી, ચાખવાં ન તે ટળે; આ કર્મ. ૪
અરે ઓ દુખી જીવ! માતથી વૃથા છળે,
થા તૈયાર પ્રાણ પેટ! શસ્ત્રને ગળે; આ કર્મ. ૫

રચનાર
રા. રા. ડાહ્યાભાઈ છગનલાલ પંડયા.

વનરાજના ખેલમાં ગવાતાં ગાયનો.

નવી આર્ય સુબોધ નાટક મંડલીના માલેકો તરફથી ભેટ.

ઇશ્વર સ્તુતી.

પદ.

(વીનતી ધરજો ધ્યાન સજન સૌ વીનતી ધરજો ધ્યાન.) એ રાહ.

આખી મંડલી-દીન બંધુ જગરાજ, જયજય દીનબંધુ જગરાજ-ટેક.
દીન જન બંધુ, કરૂણા સિંધુ, નમીએ પ્રેમે આજ-જય.
સરજન હારા, નિયમો તારા, સુખ કરેછે માહારાજ-જય.
જળસ્થળ વ્યાપી, પૂર્ણ પ્રતાપી, તું સૌનો શીરતાજ-જય.
પ્રેરણા તારી લઈને સ્વિકારી, આરંભીએ શુભ કાજ-જય.
શક્તિ દેજે, અનુકૂળ રેહેજે, રાખી બાળકની લાજ-જય.
અંગ ઉમંગે, ઉત્તમરંગે, સજીએ નાટક સાજ—જય.
સહાય કરીને, રંગ ભરીને, દીપવજે વનરાજ—જય.

જેરાજની દરબારમાં કળાવંતીઓએ રાજાની તથા રાજયની કીધેલી તારીફ.

રાગ—પીલુનો દાદરો.

ઓ રાજા રાજય તારૂં અખંડ રહોરે (બે વાર.)
રેયત મોજ માણે. ધર્મ નીતી ધારે,
રાજા પ્રજા અન્યો અન્ય, પ્રેમ સુખ લહોરે—ઓ રાજા.
ધજા ઉપરે રાજે, અંજની સુત ગાજે,
જ્યાં જોઇએ ત્યાંછે, બંગલા ગૃહોરે—ઓ રાજા.

ન્યાય તારો સારો, પક્ષ નહી પ્યારો,
તાબેદારી તારી, પ્રજા ચહોરે—ઓ રાજા.
હમે કલાવંતણી, ઇચ્છીએ ખુબી ઘણી,
આશીષ દઇએ, ચીરંજીવ રહોરે—ઓ રાજા.

પ્રધાનના મેહુલમાં કળાવંતીઓ ગાયન ગાયછે.

(માનો માનો માનો માનોરે પ્રાંયા) એ રાહ.

લાવો લાવો લાવો માલનીઆ લાવોરે;
વિશ્વ વાડીમાંથી સુંદર, કળી સોહાવોરે—ટેક.
ખુબ સુરતી એકથી એક, ઉમદા ગુલજારરે;
કોઇ ચંદ્રવદની મૃગયા, નેણી ચમકાવોરે—લાવો.
તન રંગ ગુલાબી રાજે, સુક ચંચુ જેવું નાકરે;
ગાલ ગુલાબી અધરે, પ્રવાલી શરમાવોરે—લાવો.
કટીએ પડતા કેશ, દંત મોતીની હારરે;
શરીર સુવાસે બેહેકે, સેહેકે બતલાવોરે—લાવો.
રાજહંશ જેવી ગરદન, ઉરનારંગીરે;
કેશરી કટીવાળી કામની, દામની ઝળકાવોરે—લાવો.
મધુર કંઠ કોયલડી જેને, નખરે ઉપજે પ્રેમરે;
ગજ ગામની ગોરી દાબી, અંતર હસાવોરે—લાવો.
રૂપસુંદરી ચતરસુજાણ, અનુપમ તું એકરે;
સમાગમ તારો ફુલની, વૃષ્ટી વરસાવોરે—લાવો.

રૂપસુંદરી જેરાજને માટે પોતાનો પ્યાર દરસાવેછે.

ઓખાહરણની રાહ.

પ્યારા પ્યારા છું આજથી તારી, તને જોઇને આંખો ઠરી મારી;
તારા પ્રેમની લેહ મુને લાગી, વૃત્તી ઉમંગની અંગ જાગી;
તું તો હાર હૈયાનો મારે, તોલે નહી બીજો જગમાં તારે;
તારા તેજ પ્રતાપછે ભારી, કર્મ રેખ ખુલી હવે મારી.

આનંદ હેલી પધારશે તારે, જોડું જુગતું કર્યું કીરતારે:
સાચા સ્નેહે રહીશ તુજ સંગે, રમીશું જમીશું આપણ રંગે,
મમ તાત ઉતાવલા જાણું, તેની પાસે હું તમને તખાણું;
લખી પત્ર સમાચાર દઈએ, સુખ હાસ્ય વિલાસનું લઈએ;
તારી થઈ સુકી આજથી પ્યારા, મનમોહન પીયુ સુખ મારા;
હેત હાથ વચન દઉં આજે, લાજ રાખશે જગનો રાજે.

જેરાજ પોતાનો પ્યાર દરશાવેછે.

ઓખાહરની રાહ.

સુણી અમૃતવાણી તારી, જાણી તને સુખકારી;
અંગોઅંગ ઉમંગ રંગ વ્યાપ્યો, પ્યારી તેંતો સાચો પ્રેમ આપ્યો.
મારા રાજને તાજ શોભાવ્યાં, તેંતો અવયવોરે રીઝાવ્યા;
પ્રાણ પ્યારી ચીંતા તારા ચીતમાં, નવ રાખતી શંકા પ્રીતમાં;
કરીશ જાણ પીતાને તારા, સરસે કાર્ય પ્રીયા મન ધાર્યાં;
ચાલો મેહેલમાં ચપલા જઈએ, ગાંધર્વ લગ્ન વેગે કરી લઈએ.
ભવ તુજ સંગે સુખમાં જાશે, પુરી પડશે મનડાંની આશે.

સ્વયંવર મંડપમાં કળાવંતીઓ ગાયછે.

(માસુર હું શોખીસે સરા રસ ભરી હું.) એ રાહ.

ધન ધન તમારા લગ્ન આજ માહારાજ મન હશે;
આનંદ આ સમયનો વરસો, યાદ સઉ કરશે—ટેક.
રૂપસુંદરી તમારી પ્રિયા, માહાદેવી હમારી;
સુશોભિત આજનો દેખાવ, સભાની બલીહારી—ધન.
આનંદ અને લહેરમાં સદા, અમર રેહેજો આપ;
દયાની નજર રાખી તમે, હરજો પ્રજાના તાપ—ધન.
પ્રિયા સંગે સુખ ભોગવી, રેહેજો અંતરે મગન;
દુર થજો આપ ઉપરથી, વિવિધરે વિઘન—ધન.
જુગ જુગ જીવો દંપતી, અતી રમજો રસ રંગ;
પ્રભુ તમને આપજો બહુ અંગમાં ઉમંગ—ધન.

ઈચ્છીએ અમો ખરા દીલથી, રાજવંશીને કલ્યાણ;
પરમેશ્વર પુત્ર દેજો તમને, ચતુરસુજાણ—ધન.

જેરાજ અને રૂપસુંદરીના લગનની ક્રિયા થઇ રહ્યા પછી કળાવંતીઓ નવા પ્યાર વીરો બીજું ગાયન ગાયછે.

(ગઈ એક બ એકનો હવાપલટ.) એ રાહ.

ભૂપતી તારા રદયમાં આજથી પ્રેમની સ્થાપના થઇ;
આજથી પ્રેમની સ્થાપના થઈ, આજ પ્રેમની સ્થાપના થઈ—ટેક.
એક બીજાથી હતા અજાણ્યા, વનમાં તુરત જાણીતા બન્યા;
પ્રભુની ઈચ્છાએ પ્યારની, તન મનમાં લ્હે લાગી ગઇ—ભૂપતી.
પ્રીતમ જેવા રૂપવાન ગુણી, દીલજાન પણ તેથી ખુબ સુણી;
રંગ જામ્યો જેવો જોઇએ, તેમાં તારીફતો બેહદ થઇ—ભૂપતી.
આવા પ્રેમીજન સુખ લઇ, કાંઇ વાતની ખામી ન રહી;
સમજીએ અમે મનમાં, પરમેશ્વરની કૃપા પુરી થઇ—ભૂપતી.
મુલ્કમાં રેહેજો આબાદી, ભોગવજો સુખે રાજગાદી;
કહે કળાવંતણી તારી કળા નક્કી આજથી ચઢથી થઇ—ભૂપતી.

નવા કપટછળને કળાવંતીઓ મુબારકબાદી આપેછે.

(તુજે હયે શોક મીલનેકા.) એ રાહ.

ભલે બેઠા ગાદી ઉપર, તમે માહારાજા કપટછળ;
રૈયત રેહેશે તાબે તને, સૂખ ભોગવશે સકળ—ટેક.
માન આપેછે તમને દરબાર, વધારજો રાજ બેસુમાર;
દુશ્મન તારો ગયો નાસી, પામીને તે સજા ખાસી—ભલે.
હજો તારૂં કુશલ કલ્યાણ, થજો તમે સૌના મેહરેબાન;
ઇનસાફ સૌને સરખો આપી, જોર જુલમના મૂળ કાપી—ભલે.
અખંડ રહો તમે ગાદી ઉપર, જોધ્ધપુરનું ચઢતું રે નુર;
જગમાં કીર્તી પસરે તારી, વ્યથા જાઓ સૌ નઠારી—ભલે.
ઇચ્છીએ અમે કલાવંતણી, તમને સુખને સ્હેલ ઘણી;
તારીફ તારી ગાતાં રહીએ સુભ કામની પેહેલ સદા કરીએ—ભલે.

વનમાં જેશળ વિલાપ કરેછે.

(ફીરતા હયે હમે કાંકાં, એ કીસ્મતકા બદલ જાના.) એ રાહ.

મુસીબત આજ સખત આવી, નસીબમાં લખી હશે ત્યારે;
અટલ રણમાં હું રખડુંછું, અરે લઈ સાથ પ્રીય નારે—ટેક.
સુખો સાથી ગયા નાસી, ઉદાસીની રહી ફાંસી;
વિલાસી આ નીરાશી થઈ, આજ ઉદાસી લાચારે—મુસીબત.
નથી ગાડી ફુલવાડી, વીકટ ઝાડી દીસે પહાડી;
બળે છાતી દુઃખો દેખી, અબળા જાતી બીહે જ્યારે—મુસીબત.
ચરણ ચાલી ગયા થાકી, સરીર સુકયું ગયું પાકી;
અરે ઈશ્વર પીડા નાંખી, કસર રાખી ન લગારે—મુસીબત.
નાજુક મારી પરમ પ્યારી, શકે ના એ ધીરજ ધારી;
કૃપા લાવી ઉગારી લે, ચરણ આવ્યા હમે તારે—મુસીબત.

રૂપસુંદરી પોતાના પુત્ર વનરાજને વનમાં મુકીજતી વખતે વીલાપ કરેછે.

(કુંવરી કુંવર મારા લાડકા.) એ રાહ.

લાડકવાયા બાળકા, દર્ઈ તુજને વનવાસ;
તેથી દુઃખ દરીએ બુડી, હતી કંઈ કંઈ આશ—લાડકવાયા.
ભુંડો કાળ જો ન આવ્યો હતે, તો લડાવતે લાડ;
કુંવર આ સ્થીતી તાહેરી, જોઇને ફાટેછે પાહાડ—લાડકવાયા.
પાપ પ્રગટયા કોણ જનમના, દૈવે વાળીઓ દાટ;
પુત્ર તને વન મુકતા, ફાટે ઉર ચચડાટ—લાડકવાયા.
નીરદોષ પુત્ર તું માહરા, તુજપર વાહાલ અતીશ;
નીરમળ આંખો મીંજવી, રડે પાડી તું ચીશ—લાડકવાયા.
પુત્ર રૂડો તું રાજવી, કોમળ તારૂંછે અંગ;
તે હવે કેમ કરી વેઠશે, વનના દુઃખ જે અભંગ—લાડકવાયા.
કાળની ગતીછે એહેવી, ચાલે નહી રે ઉપાય;
આરે તરફથી દુખી થઇ, પાપી પ્રાણ ન જાય—લાડકવાયા.

નાચારે પડેછે મુકવો, નથી આલતો જીવ;
તોપણ જાવું છું પરહરી, કોપ્યા મુજપર શીવ—લાડકવાયા.
અભાગણી હું છું કામની, પાપણી કેહેશે લોક;
પ્રભુજીને આશરે અર્ભકા, હાય નથી સમતો શોક—લાડકવાયા.

જીવરાજની દરબારમાં કળાવંતીઓએ ગાયેલું ગાયન.

(મારૂજી ચાંદની રાત.) એ રાહ.

રાજા પ્રભુ થાય સહાય, ગુણીચલ તું શાંત થાનીરે—રાજા.
હમો તારી કળાવંતણી, નમન કરીએરે,
દુઃખ તારૂં દુર રે પલાય—રાજા.
સુખ પછી દુઃખ આવે, દુઃખ પછી સુખરે,
એજ રીતે ચક્ર બદલાય—રાજા.
પ્રાણી વલી જન્મે ત્યારે, લાવે નહીં કાંઈરે,
મરે ત્યારે ખાલી હાથે જાય—રાજા.
સુખ દુઃખના દાહાડા જાતાં વીલમ ન લાગશેરે,
ફરી સીરપર તાજરે સોહાય—રાજા.
માટે તું ધીરજ ધરી, માનજે આનંદરે,
રીઝસે તુજપર વિશ્વ કેરો રાય—રાજા.

છોકરાઓ ગાયન ગાતાં અને રમત કરતાં આવેછે જેમાં વનરાજ પણ આવેછે.

(બાર વર્ષનો અંતર સમજવો.)

રાહ અંગ્રેજી.

(કોમળ કુશળ કુળવંતી ચાહું એક નારી.) એ રાહ.

આવો આવો ગોઠીયાવો સુંદર પડી સાંજ,
લાવો, લાવો, રમત રમીયે, આપણ આહીંઆ આજ,
જે કોઈ જીતશે તેને ઈનામ આપશું ખાસ—આવો.

હા—હા—હા——ના—ના—ના;
જા—જા—મારો દાવ હું પેહેલા લઇશ,
નહીંતો તમે જીતી જશો એમ હું કહીશ—આવો.
આવ-આવ-પાટો બાંધું તારી આંખે હું,
જે કોઈ તને મારે તેને પારખી કાહાડજે તું,
નહીંતો તને મારશું હમે ઓ બાહુદાસ—આવો.
ઓ—ઓ—ઓ——વાહ—વાહ—વાહ,
હું તો એ દાવ લેવા કબુલ નહીં થઇશ,
નહીંતો તમે બીજી રમત રમો હું જોઇશ—આવો.
જાઓ—જાઓ—સાગે જઇને તમે ઉભા રહો,
દડો નાંખુ તે તમો જીતી જલદી લ્યો,
નહીંતો હું રીસાઈ જઇશ એમ રાખજો આશ—આવો.
બાઇ—બાઇ—બાઇ—કાંઈ—કાંઇ—કાંઈ,
તું તો બાઈ જખશેછે તે જીતવા નહીં દઇશ,
માટે હું તારી સંગ નહી રહીશ રહીશ—આવો.

જેરાજનું લશકર ગાયન ગાતું આવેછે.

(વીદાય થાઓ વીરાજન રાજય સી માડે.) એ રાહ.

શુરથી ઓ શુરાજનો, બતાવો મરદાઇ;
શુરવીર. આપણ સઘળા, કરો હરીફાઇ—શુરથી.
હાથમાં ધરો તરવાર, પ્રભુ થશે મદદગાર;
સંપે કરી મારો માર, ફતેહ મન ચાહી—શુરથી.
થાવો સઘલા તૈયાર, કાઢી હથીઆરો બાહાર;
કરો લડાઈનો પોકાર, પ્રેમે હરખાઇ—શુરથી.
લઇને પ્રભુજીનું નામ, જઇએ શત્રુને મુકામ;
હણીએ કપટભર હરામ, થાએ સરસાઇ—શુરથી.

——o——

કપટછળનું લશ્કર ગાયન ગાતું આવેછે.

(શોભે શું શું શોભીત સુંદર સાજ.) એ રાહ.

બાહાદુર લડવૈયાઓ ચાલો લડવા કાજ:
લડીને બતાવો શુરવીરપણું આજ—બાહાદુર.
કેવો ચમકેછે તરવારનો ચમકાટ;
રાજ રીપૂને હાથ જવા દેશો ન આજ—બાહાદુર.
હોંસને ઉમંગ ભર્યા શત્રુઓના સાજ,
મારી ધુળ મેળવો રાખે પ્રભુ લાજ—બાહાદુર.

કપટછળ નાસી જાયછે અને જેરાજની જીત થયાથી લશકર ખુશાળીમાં ગાયન ગાયછે.

(સમજ મન સમજીને લાગ સુધરવા.) એ રાહ.

પ્રભૂ તુજ પ્રતાપે જીત આજ થઈ;
જેરાજ ભૂપ-જેરાજ ભૂપની કીર્ત્તી ફેલાઈ—પ્રભૂ.
રીપૂઓ નાસી ગયા ગભરાઇ, ખાધા માર ધરાઈ;
ગયું રાજ આપણું આવ્યું છે સાહી, પ્રાક્રમ સક્તિ જણાઈ-પ્રભૂ.
ચાલો હવે સૌ મેહેલ ભણી તંહી, લઇએ શાબાશી કહી;
શૂરવીરપણું રાખી ચડાઈ, કરીને પામ્યા વડાઈ-પ્રભૂ.
જીત નીશાનો ચડાવીએ ગાઇ, જાણે મારી બડાઇ;
ઇનામ લઇને મોજ કરીશું, લઈને મેવા મીઠાઇ-પ્રભૂ.

જેરાજને ગાદીએ બેસાડવાની ક્રીયા કરાવતી વખતે સ્ત્રીઓ ગાયછે.

(મારી આસી તું શીદ અકળાયરે તુંને ખમારે ખમા.) એ રાહ.

જે રાજ તારી વાટડી, હમે જોતાં ઉભા રાય,
હમારી કોમળ છાતડી, ઉમંગથી છલકાય-ટેક.
ભૂડા દીવસો વિતીયારે, વીઘ્ન થયું સૌ દુર;
શત્રુઓ તારાં નાશ પામ્યાં, જોઇને પોતે નુરરે-ઉમંગથી.

ભલે ભલે ફરી આવ્યાં તમો, રાજ્યાસન ઉપર;
સુખ શાંતી થાશે હવે, દેશની અંદરરે–ઉમંગથી.
માહાદેવી તને જોઇનેરે, રૈયત ખુશી થાય;
જય જય કાર થાવો તારો, પ્રભુએ કરી સહાયરે—ઉમંગથી.

જેરાજની દરબારમાં વીદુષક ગાયછે.

રાહ અંગ્રેજી.

અરે મારી, ઓ વાહાલી–પ્યારી-મારી બાયડી- અરેઓ-અરે ઓ.
અરે ઓરે મારા બાપ–મને આપ્યો કેશરી પાક;
પ્રીયા કરતું હવે માફ–નીકલી ગઈ મારી ઠાઠડી–અરે મારી.
તારૂં નાક કેવું નક્કર–પર્વતનું જાણે શીખર;
મજબુત વળી ડિલે જબ્બર–તોડી પાડી મારતી લાકડી–અરે મારી.
ડોંગી એવી ઢીમરૂં ધચ–ગાલો એના પીકા ફચ;
સનગાર જયારે કરતી સજ–લાગતી મને બહું ફાંકડી–અરે મારી.
પેંડા ન જમાડીશ તું–જોતો જયારે હું તારી જુ;
ગંધાતી અરે થુ થુ થુ–અટકચાલી જાણે માકડી–અરે મારી.
ખુબી મારી બાયડીની–કહી મેં સર્વે અહીં;
નમું છુ હવે હું કરગરી–ઓહો માહાદેવી–અરે મારી.

વનમાં લુટારૂઓ ગાયન ગાયછે જેમાં દુઃખપ્રસાદ તથા વનરાજ પણ માલમ પડેછે.

(કાળી ઘટા જોઈ કોયલ બન છાઈ) એ રાહ.

આ વનમાં આવ્યા જયારે, હીમ્મત રાખવી આપણે ત્યારે;
લુટ ફાટકે આપણું કામ, ઉપાડવું જે હોય હરામ,—ટેક.
અરે સટાસટ તરવાર કાડી, અરે ફટાફટ બાણો મારી,
લેવો કોઇનો જાન, કરવું શમશાન થાય જેમ બેભાન,
પરાક્રમ કરીને ભારે—આ વનમાં આવ્યા જયારે.

ઝડપટ લઈ ડોકવી બેડી, જે હોય તેને કરવો કેદી,
પેહેલી મારવી લાત, પછી કરવી વાત, એટલે થાય નીરાંત,
ભરાઈ બેસવું પહાડે–આ વનમાં આવ્યા જ્યારે.
ચાલો હવે સંતાઇ જઈએ, આ ઝાડી નીચે ભરાઈએ,
આવશે કોઈ શીકાર, હોય તે જરદાર, કરવો તેને ઠાર,
મારી આ તરવાર–આ વનમાં આવ્યા જ્યારે.

તારામતી પોતાની પુત્રી પાર્વતી માટે વિલાપ કરેછે.

લલીત છંદ.

અરર હાયરે, પ્યારી કુંવરી, અરર ક્યાં ગઇ આજ શ્રી હરી;
તન મન ધન પ્રેમ આણીને, જતન કીધું મેં મારી જાણીને.
ઘડી ઘડી તને અંકમાં લઇ, રીઝવતી મીઠા વેણરે કહી;
નવ નવા નિતે વસ્ત્ર ભૂષણો, પેહરાવતી તને ભાવ લઈ ઘણો.
અરર એ બધું, ધુળ થઇ ગયું, તુજ વિના હવે શી રીતે રહું;
નજર આગળે, જાણું તું ફરે, ભ્રમિત ચીતડું ભ્રમ એમરે.
નથી નથી ખરે, ન્યાલતી તને, દીકરી લાડકી છે નહી કને;
ખબર આવી જો, હોત મુજને, ધારતના કદી તો હું તુજને.
રદય સખ્ત આ છે ઘણું ખરે, દુઃખ લખી નથી ફાટતું ખરે;
કેમ કરૂં કહાં, જાવું આ હરી, અરર હાયરે હાય દીકરી.

જેરાજ પોતાની પ્રીયાને તરવાર મારવા જાયછે એટલામાં વીદુષક અટકાવેછે અને ગાયછે.

અરે જરા થોભો જરા થોભો કોણ પર ઉઠાવો તરવાર–ટેક.
નીર અપરાધી હોયજો એવા, કરો તમે વિચાર;
નહી તો જુવો આપણે કેમ થશે નીવાર–અરે.
આતો સુતા માહાદેવી, ને બીજો નીચ ગુલામ;
એમાં કાંઈ પણ ગફલત થઇછે, પુછો એનો સાર–અરે.

નીંદ્રાંને આધીન થઇને, પડેલાંછે એઉ;
હેવી હાલતમાં મારવું, એ ધર્મનો ધીક્કાર–અરે.
જાગૃત એમને કરૂંછું, થોભો થોડી વાર;
અપરાધી જો ઠરે એવો, મારજો બેઉને ઠાર–અરે.

મુખ્ય પાત્રો સહીત ખુશાલીનું છેલ્લું ગાયન ગાયછે.

(કેસે જાઉં પનીયા રોકયો પન ઘટવા) એ રાહ.
ઉલટયો આનંદથીથી રીઝયા મન સૂજનના–ટેક.
આર્ય બાહાદુરી, ભલાઈ ભરપુરી;
દર્શાવી રંગ દીપાવ્યા વદનના–ઉલટયો.
એવા ગુણ જોઈ, શીખો સૌ કોઈ;
તેથી મળશે તોરા જે ગયેલા સુમનના–ઉલટયો.
સાર્થક ધનનું, રીઝવવું મનનું;
એલ આવાં જોઈ કોડ પુરવા દ્રગનના–ઉલટયો.
વનરાજ જેવા સરજાવ દેવા;
જેહ અપાવે સુખ, ઈંદ્રાસનના–ઉલટયો.

——0:0——

શુદ્ધી પત્ર.

પાનું.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૯	૧૯	સાચું.	સાચે.
૨૭	૨૨	છો.	ગેર.
૨૭	૨૬	ફરી.	થીક.
૩૨	૧૪	નત્ય.	નૃત્ય.
૪૫	૧	પ્યાગ.	પ્યારી.
૪૭	૫	સ્વીમી.	સ્વામી.
૪૯	૨	ફૃદય.	હૃદય.
૫૪	૨૨	માવન,	માનવ.
૧૨૬	૯	નણો છેરે.	જાણો છોરે.
૧૩૯	૫	સદવાદી.	સતવાદી.
૧૫૧	૧૮	આં કે.	આકે.
૧૭૭	૧૩	આં ખરખું.	અંગરખું.